




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | વિચારક્રાંતિ શું છે ? | ૧ |
| ૨. | વિચારો જ જીવનનું ઘડતર કરે છે | ૨ |
| ૩. | વિચારો જ આપણને બદલી શકશે | ૪ |
| ૪. | વિચાર-પરિવર્તન એ જ યુગ પરિવર્તનનો આધાર | ૭ |
| ૫. | સતત સુવિચારોના સહવાસમાં રહો | ૧૧ |
| ૬. | પરિસ્થિતિઓનું નિર્માણ મનોદશાના સ્રોતમાંથી | ૧૪ |
| ૭. | વિચારોની પ્રચંડ તાકાત અને પ્રતિક્રિયા | ૧૬ |
| ૮. | બધાં તાળાંની એક જ ચાવી-વિચારશક્તિ | ૧૮ |
| ૯. | વિચારક્રાંતિની પશ્ચાદ્ભૂમિકા અને પાયો | ૨૧ |
| ૧૦. | આ મહાક્રાંતિનો સમય છે | ૨૫ |
| ૧૧. | જાગો અને મહાક્રાંતિના ભાગીદાર બનો | ૨૭ |
| ૧૨. | સમાજ નિર્માણ વિભાગ : માણસના પતન માટે સમાજ પણ દોષી છે | ૨૯ |
| ૧૩. | રાષ્ટ્રનિર્માણ વિભાગ : આપ પણ પરિસ્થિતિઓ બદલી શકો છો | ૩૧ |
| ૧૪. | પ્રાણચેતનામાં સમાયેલ ચમત્કારી વૈજ્ઞાનિક સામર્થ્ય | ૩૩ |
| ૧૫. | આત્મીય અનુરોધ : પ્રતિભાઓ વિચારક્રાંતિ માટે આગળ આવે | ૩૬ |
| ૧૬. | પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી | ૪૪ |


### વિચારક્રાંતિ વિશેષાંક જન-જન સુધી પહોંચાડવામાં આવે

સજગ સમર્થ લોકોની એક સક્રિય સ્વયંસેવી સેના તૈયાર થઈ આજના સમયમાં જરૂરી નૈતિક ઉત્થાનમાં ભાગીદાર બને એ માટે વિચાર ક્રાંતિ વિશેષાંક પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ અંકમાં પરમ પૂજ્ય ગુરુદેવના મહત્વપૂર્ણ લેખોથી સમાજનું નૈતિક, ચારિત્રિક, માનસિક સ્તર ઉચ્ચ આદર્શ માટે પ્રેરણારૂપ બનશે એવો દૃઢ વિશ્વાસ છે.

૧. ઓછામાં ઓછા ૧૦૦ અને તેથી વધુ વિશેષાંક મંગાવવા ૧૦૦ અંકના રૂા. ૩૫૦/- ના હિસાબે એડવાંસ રકમ મોકલી આપવી.
૨. અંકો ૧૦૦-૧૫૦-૫૦૦-૧૦૦૦ નાં ગુણાંકમાં મંગાવવા.
૩. વિચાર ક્રાંતિ વિશેષાંકની છુટક કિંમત રૂા.૪-૦૦ છે. જે અંકની ઉપર છાપેલી હશે.
૪. વિચાર ક્રાંતિ અંકો વધુ છપાશે તેના ઉપર મહીનો તથા વર્ષનું પ્રિંટ કરવામાં આવશે નહિ જેથી પરિજનો લાંબા સમય સુધી આ મહત્વના વિશેષાંકથી મિશનનો વ્યાપક પ્રચાર કરી શકે.
૫. સૌજન્યમાં નામ છાપવાની જગ્યા પણ રહેશે. જેનો નમૂનો નીચે આપી રહેલ છે. જેથી તે સ્થાને પોતાનું નામ, સરનામું છાપી અંકોનું સેવા ભાવે પણ વિતરણ કરી શકાય.
૬. આ અંક ૧૦૦થી ઓછા પણ મંગાવી શકો છો પરંતુ આ સ્થિતિમાં એક અંકના રૂા. ૪/- પ્રમાણે રકમ મોકલવી અનિવાર્ય છે.

જ્ઞાનાંજલિ :



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદષ્ટા

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

અને

**માતા ભગવતી દેવી શર્મા**

: સંપાદક :

**પં. લીલાપત શર્મા**

: કાર્યાલય :

**ગાયત્રી તપોભૂમિ,**

**મથુરા - ૨૮૧ ૦૦૩**

: ટેલિફોન :

(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર / ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૯ અંક - ૮

**ઑગસ્ટ - ૧૯૯૮**

## વિચારક્રાંતિ શું છે ?

વ્યક્તિ અને સમાજની સમક્ષ ઉપસ્થિત અગણિત ઉલઝનો અને મુશ્કેલીઓનું સમાધાન કરવા, ધરતી પર સ્વર્ગ અવતરિત કરવા અને સતયુગ પાછો લાવવાની આકાંક્ષા આજે વિશ્વ મનુષ્યના અંતરાત્મામાં હિલોળા લઈ રહી છે. આ આકાંક્ષા મૂર્તરૂપ કેવી રીતે ધારણ કરશે ? આ પ્રશ્નનો જવાબ એક જ હોઈ શકે છે- જનમાનસની દિશા બદલવાથી. વિચારક્રાંતિ એ પ્રક્રિયા છે. જેના આધાર પર જનમાનસની માન્યતાઓ અને નિષ્ઠાઓમાં હેરફેર કરીને, ગતિવિધિઓ અને ક્રિયાપદ્ધતિઓને બદલી શકાય છે.

આ નિષ્કર્ષ પર પહોંચવામાં કોઈને મુશ્કેલી ન હોવી જોઈએ કે મનુષ્ય જાતિની વ્યક્તિગત અને સામાજિક વર્તમાન મુશ્કેલીઓના કારણે એમની વિચારણાઓનો સ્તર નીચે જવાનો જ છે. અસંયમે આપણા સ્વાસ્થ્યને, ખોખલું કરી નાખ્યું, અનુદારતાએ પારિવારિક પ્રેમભાવથી વંચિત, અસ્તવ્યસ્ત બનાવ્યા. અપરાધી મનોવૃત્તિએ અસુરતા અને અશાંતિનું સર્જન કર્યું. હીનતાએ આપણી પ્રગતિને રોકી. ક્ષુદ્રતાને કારણે નિમ્ન કક્ષાની સ્થિતિમાં પડ્યા રહ્યા. અવિનયે આપણને શત્રુતા, વિરોધ, અસહયોગ અને તિરસ્કારના ભાગીદાર બનાવ્યા. અસંતુલને માનસિકશક્તિ નષ્ટ કરી નાખી. વ્યક્તિએ જેટલાં પ્રકારનાં કષ્ટોનો સામનો કરવો પડી રહ્યો છે, જેટલો અભાવ અને કષ્ટ સહન કરવાં પડે છે, તેને કારણે વ્યક્તિનો સ્તર ઊતરતી કક્ષાનો થવાનો જ છે. જો તેને સુધારી શકાય તો જરૂર દરેક વ્યક્તિ સામાન્ય સાધનો અને પરિસ્થિતિઓમાં પણ સ્વર્ગીય આનંદ તથા ઉલ્લાસભર્યું જીવન જીવી શકે છે.

**– પં. શ્રીરામ શર્મા આચાર્ય**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચારો જ જીવનનું ઘડતર કરે છે

વિચારોમાં અમાપ શક્તિ છે, જે હંમેશ કર્મની પ્રેરણા આપે છે. આ વિચારશક્તિ જો સન્માર્ગે પ્રયોજાય તો સારા અને કુમાર્ગે પ્રયોજાય તો નરસાં પરિણામો આવે છે. વિચારોમાં એક જાતની ચેતનાશક્તિ હોય છે. કોઈપણ જાતના વિચારો જો એક ઠેકાણે કેન્દ્રિત થતા રહે તો તેમની સૂક્ષ્મ ચેતના-શક્તિ ઘનીભૂત (કેન્દ્રિત) થતી જાય છે. દરેક વિચાર આત્મા અને બુદ્ધિના સમન્વયથી ઉત્પન્ન થાય છે. બુદ્ધિ તેની રૂપરેખા નક્કી કરે છે અને આત્મા તેમાં પ્રાણ પૂરે છે. આ રીતે વિચાર એક સ્વયં પૂર્ણ સજીવ અને સૂક્ષ્મ તત્ત્વ છે. મનુષ્યના વિચારોને એક રીતે જીવન, સંસાર અને સંસારના પદાર્થોને પ્રેરણા આપનારા સજીવ તરંગો કહી શકાય. આ સજીવવિચારો જ્યારે એકકેન્દ્રી થાય છે, ત્યારે એક પ્રચંડ શક્તિ ઉત્પન્ન થાય છે. સ્વામી વિવેકાનંદે વિચારોની આવી શક્તિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે — "કોઈ માણસ ભલે એકાંત ગુફામાં જઈને વિચારો કરે અને વિચાર કરતાં-કરતાં મરી જાય તો પણ એવા વિચારો; થોડા સમય પછી ગુફાની દીવાલો તોડીને બહાર નીકળી આવશે, સર્વત્ર ફેલાઈ જશે અને બધાને પ્રભાવિત કરશે."

આપણા જીવનમાં વિચારોનું સ્થાન ખૂબ મહત્ત્વનું છે. આપણાં સુખ-દુઃખ, ફાયદો-નુકસાન, ચડતી-પડતી, સફળતા-નિષ્ફળતા — બધું જ આપણા પોતાના વિચારો ઉપર આધારિત છે. આપણું જીવન, આપણા વિચારો અનુસાર જ ઘડાતું હોય છે. સંસાર કલ્પવૃક્ષ સમાન છે. આપણે તેના છાંયે બેસીને જેવા વિચારો કરીશું, તેવાં જ પરિણામો મળશે. જે લોકો કાયમ સારા વિચારોમાં ઓતપ્રોત રહે છે, તેઓ ડગલે ને પગલે જીવનમાં મહાન વરદાનો પ્રાપ્ત કરતા રહે છે. તેમને સફળતા, મહાનતા, સુખ, શાંતિ અને પ્રસન્નતાના ઉપહારો મળતા રહે છે. એથી ઊલટું જે લોકો પોતાને હીન કે અભાગિયા સમજે છે, તેમનું જીવન પણ એવું જ કમનસીબ અને હલકું બની જાય છે. પતિત વિચારોવાળા માણસને તો પરમાત્મા પણ ઉગારી શકતા નથી. અંધકારમય અને નિરાશાવાદી વિચારો કરનારાઓનાં જીવન કદાપિ ઉન્નત કે ઉત્કૃષ્ટ હોતાં નથી. મનુષ્ય જીવનમાં પોતાના વિચારો જેવું અને જેટલું જ મેળવી શકે છે.

કૂવામાં મોઢું નાખીને બોલવાથી બરાબર એવો જ પડઘો ઉત્પન્ન થાય છે. સંસાર પણ કૂવા જેવો જ છે. મનુષ્ય જેવું વિચારે છે; તેવા જ પ્રતિભાવો વાતાવરણમાં ઉત્પન્ન થાય છે. મનુષ્ય જેવું વિચારે છે; આસપાસનું વાતાવરણ પણ એવું જ બની જાય છે. મનુષ્યના વિચારો એક શક્તિશાળી ચુંબક જેવા હોય છે; જે તેના સમાનધર્મી વિચારોને પોતાની તરફ ખેંચતા રહે છે. એક જ પ્રકારના વિચારો કેન્દ્રિત થવાથી એવી જ ક્રિયાઓ થાય છે અને એવાં જ સ્થૂળ પરિણામો મળે છે.

વિચારોમાં અસીમ, અમાપ અને અણુશક્તિ કરતાં પણ વધારે પ્રચંડ શક્તિ રહેલી છે. વિચારો જ્યારે કેન્દ્રિત થઈને સંકલ્પનું રૂપ ધારણ કરે છે, ત્યારે પ્રકૃતિ પોતાના નિયમોને અવગણીને પણ, તેને માર્ગ કરી આપે છે. એટલું જ નહીં, તેને અનુકૂળતા પણ કરી આપે છે. મનુષ્ય જે પ્રકારના વિચારો સેવે રાખે છે; તેના આદર્શો, હાવભાવ, રહેણીકરણી, તેના શરીરનું તેજ સુધ્ધાં તેને અનુરૂપ બની જાય છે. જો સદ્‌વિચારોનું પ્રાધાન્ય હશે તો વાતાવરણ પણ એવું જ બની જશે. ઋષિઓના અહિંસા, સત્ય, પ્રેમ અને ન્યાયના વિચારોથી પ્રભાવિત ક્ષેત્રોમાં હિંસક પશુઓ પણ પોતાની હિંસાનો ત્યાગ કરીને, અહિંસક પશુઓ સાથે હરતાં-ફરતાં હતાં.

જ્યાં ઘૃણા, દ્વેષ, ક્રોધ જેવા નિષેધાત્મક વિચારોનું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રાધાન્ય હશે, ત્યાં નાટકીય પરિસ્થિતિઓ નિર્માણ થવાનું સ્વાભાવિક છે. જો મનુષ્યના મનમાં પોતે દુઃખી છે, દીન-હીન છે કે — અભાગિયો છે; એવા વિચારો ઘર કરી જાય, તો પછી સંસારની કોઈ શક્તિ તેનો ઉદ્ધાર કરી શકતી નથી. તે હંમેશ માટે દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિઓમાં સબડ્યા કરશે. એથી ઊલટું જો મનુષ્યના વિચારોમાં સામર્થ્ય, ઉત્સાહ અને આત્મવિશ્વાસનું ગૌરવ સમાયેલું હશે, તો તેને માટે પ્રગતિ અને ઉન્નતિનાં દ્વાર આપોઆપ જ ઊઘડી જશે. કોઈપણ શક્તિનો ઉપયોગ રચનાત્મક અને નિષેધાત્મક એમ બંને પ્રકારે થઈ શકે છે. વિજ્ઞાનની રચનાત્મક શક્તિથી માણસના જીવનના સંજોગો બદલાઈ ગયા છે. વિજ્ઞાનની વિનાશકશક્તિથી માનવતાનું ભવિષ્ય અંધકારમય દેખાય છે. તેને કારણે લોકમાનસમાં મોટો ભય ફેલાયેલો છે. બરાબર એ જ રીતે વિચારોની શક્તિ ઉર્ધ્વગામી હોય તો મનુષ્યના ઉજ્જ્વળ ભવિષ્યનાં દ્વાર ખૂલી જાય છે અને અધોગામી હોય તો, એ જ શક્તિ તેના વિનાશનું કારણ બની જાય છે. ગીતાકારે આ હકીકતનું પ્રતિપાદન કરતાં લખ્યું છે કે — "આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈન - રિપુરાત્મનઃ" વિચારોના કેન્દ્ર સમાન માણસનું મન જ તેનું મિત્ર છે અને એ જ તેનું દુશ્મન પણ છે.

મનુષ્ય ઉન્નતિ અને કલ્યાણ સાધી શકે એટલા માટે, વિચારોમાં રહેલું હલકાપણું દૂર કરીને, તેને ઉર્ધ્વગામી બનાવવાની જરૂર છે. એમ કરવાથી મનુષ્ય ચિંતા, ક્લેશ અને દુઃખોથી ભરેલા દીન-હીન અને નારકીય જીવનથી છુટકારો મેળવીને; આ પૃથ્વી ઉપર જ સ્વર્ગીય જીવન પ્રાપ્ત કરી શકે. વિચારો ઉન્નત અને ઉર્ધ્વગામી બની ગયા પછી; મનુષ્ય પોતાના રોજિંદા જીવનમાં તેના સંપર્કમાં આવનારાં પશુ, પંખી, વૃક્ષો, પુષ્પો વગેરે પ્રત્યેના પોતાના કર્તવ્યધર્મમાંથી ક્ષણ પૂરતોય વિચલિત થતો નથી. વિકારો તેનાથી જોજનો છેટા રહે છે. વિચારોમાં નિર્મળતા અને ઉત્કૃષ્ટતાનો સમાવેશ થવાથી પ્રસન્નતા, સંતોષ અને સુખશાંતિ મળે છે. વિચારો શુદ્ધ થવાથી તમામ દુઃખ અને સંઘર્ષોનો નાશ થઈ જાય છે.

## યુગનિર્માણ અવશ્ય થશે

*નવો યુગ ઝડપભેર આવી રહ્યો છે. તેને કોઈ રોકી શકશે નહીં. પ્રાચીનકાળની મહાન પરંપરાઓની હવે પુનઃપ્રતિષ્ઠા થવાની છે અને મધ્યકાલીન અંધકારયુગની દુષ્ટ વિષમતાઓનો નાશ થવાનો છે. મહાકાળ એને માટે જરૂરી વ્યવસ્થા કરી રહ્યો છે અને તેને અનુકૂળ વ્યવહારો ઉત્પન્ન કરી રહ્યો છે. યુગપરિવર્તન નિશ્ચિત છે. આપણું અલ્પજીવન એની જ ઘોષણા કરવા માટે, એની સૂચના આપવા માટે જ છે. જેઓ યોગ્ય સમયે પોતાની જાતને પરિસ્થિતિ પ્રમાણે બદલી શકશે; તેઓ સંતોષ તેમજ સન્માન પ્રાપ્ત કરશે અને જે લોકો પોતાની જડતાને વળગી રહીને બદલશે નહીં, તેઓ ફેંકાઈ જશે, કચડાઈ જશે. તેઓ માત્ર અસંતોષ, પસ્તાવો અને અપકીર્તિ જ પામશે.*

*અમે નવા યુગની છડી પોકારવામાં અને પ્રબુદ્ધ આત્માઓને; મહાકાળના આ મહાન કાર્યમાં સામેલ થવાનું આમંત્રણ આપવામાં અમારું જીવન સમર્પી દીધું છે. અમે જે કાર્ય માટે આવ્યા હતા, તે કાર્ય પૂરું થવામાં છે. આગળનું કાર્ય મહાકાળ પોતે જ કરશે. એની પ્રેરણાથી આવનારા દિવસોમાં એકએકથી ચઢિયાતા પ્રબુદ્ધ અને પ્રતિભાશાળી આત્માઓ આગળ આવશે. તેઓ વિશ્વવ્યાપી ફલક ઉપર એક વિશાળ સંઘર્ષ દાખવશે; જે અસમાનતાનાં તમામ કારણોને તોડીફોડીને ફેંકી દેશે અને સમાનતાની મંગલકારી પરિસ્થિતિઓની શુભ શરૂઆત કરીને આ ધરતી ઉપર સ્વર્ગસમા વાતાવરણનું નિર્માણ કરી બતાવશે.*

***— પં. શ્રીરામ શર્મા આચાર્ય***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચારો જ આપણને બદલી શકશે

મનુષ્યનો વિકાસ અને તેનું ભવિષ્ય તેની મનોદશા ઉપર અવલંબે છે. જેવું બીજ હશે, તેવો જ છોડ ઊગશે. જેવા વિચારો હશે, તેવાં જ કર્મો હશે. જેવાં કર્મો હશે, તેવાં જ સંજોગોનું નિર્માણ થશે. સારી કે માઠી પરિસ્થિતિઓ વિનાકારણે જ આવીને ઊભી રહેતી નથી. તેનો આપણાં કાર્યો સાથે ખૂબ ગાઢ સંબંધ હોય છે. આપણી પ્રવૃત્તિઓના પ્રતિભાવો જ પરિસ્થિતિઓના રૂપમાં સામે આવે છે. હકીકત એ છે કે પ્રવૃત્તિઓ આપમેળે જ થતી નથી હોતી; પરંતુ તે મનમાં લાંબા સમયથી રહેલી વિચારસરણીનું પરિણામ હોય છે.

સાચી મૂડી ધન નહીં, પરંતુ વિચાર છે. સાચી શક્તિ સાધનોમાં નહીં, પરંતુ વિચારોમાં રહેલી છે. વ્યક્તિત્વનો નિખાર વિચારશીલતા ઉપર આધારિત છે. વિચારવાની ઢબ જીવનને દિશા આપે છે અને એ દિશાના આધારે જ ભવિષ્ય સારું કે ખરાબ નીવડે છે; એ ચોક્કસ છે. સાચું તો એ છે કે, આજે કોઈ માણસ જે પણ પરિસ્થિતિમાં હોય; તે એના અત્યાર સુધીના વિચારોનું જ પરિણામ હોય છે અને ભવિષ્યમાં તે જે કાંઈ બની શકશે, તેનો આધાર તેની પોતાની વિચારશૈલી જ હશે.

એમ કહેવાય છે કે, માણસનું ભાગ્ય તેના લલાટ ઉપર લખાયેલું હોય છે. આ ભાગ્યને કર્મ-લેખ પણ કહેવાય છે. મગજમાં રહેલા વિચારો જ જીવનનું સ્વરૂપ છે. એટલા માટે ભાગ્યનો હિસાબ-કિતાબ કપાળમાં લખેલો હોય છે, એ વાત એ રીતે પણ સાચી છે. કપાળ એટલે મગજ અને મગજ એટલે વિચાર. એટલા માટે માનસશાસ્ત્રના વિદ્વાનોનું — આપણી વિચારશૈલી જ આપણા ભાગ્યનો પાયો હોય છે — એમ કહેવું યોગ્ય જ છે. વિચારોની પ્રેરણા અને દિશા તેને અનુરૂપ કર્મ કરાવે છે. એટલા માટે જૂનવાણી ઢબે કરમમાં લખ્યું છે' એવો શબ્દપ્રયોગ કરીએ; તો પણ આ જ સત્ય પ્રગટ થાય છે કે, કર્મ અનાયાસે જ થતું નથી, તેની પશ્ચાદ્ ભૂમિકા લાંબા સમયની વિચારશૈલીને આધારે ધીરે-ધીરે ઘડાયેલી હોય છે.

આ શરીરમાં એટલે કે હાડ-માંસના બનેલા આ માળખામાં જે જાદુ સમાયેલો છે, એ વિચારશક્તિ જ છે. આજ સુધીના સમગ્ર માનવીય વિકાસનું શ્રેય એ વિશેષતાને જ આપી શકાય તેમ છે. માણસની આજની હાલત જોઈને તેની અગાઉની વિચારસરણીને જાણી શકાય છે અને તેનું ભવિષ્ય કેવું હશે ? એની આગાહી તેના વિચારો કઈ દિશામાં વહે છે, એના આધારે કરી શકાય છે. વળાંક આવે ત્યારે એમાં પરિવર્તન થવું શક્ય છે. એ ચમત્કાર પણ વિચારપરિવર્તનનો જ ગણી શકાશે. વિચાર એ નિઃશંકપણે માનવજીવનનું ખૂબ મહત્ત્વપૂર્ણ સત્ય અને અગત્યનું ઈશ્વરીય વરદાન છે. જો એને સુપેરે જાળવી, સુધારી શકાય તો નરપશુ જેવી બદતર હાલતમાં રહેલ માણસ પણ જોતજોતામાં મહામાનવની કક્ષામાં આવી શકે છે. મહત્ત્વની સફળતાઓ મેળવી શકે છે અને ઉજ્જ્વળ વ્યક્તિત્વ પામીને પોતાનો જ નહીં, પરંતુ બીજા અનેકનો ઉદ્ધાર અને ઉત્કર્ષ કરી શકે છે. માણસના ભૌતિક શરીરમાં દિવ્ય તત્ત્વનો જે મહાન અંશ રહેલો છે, તેને 'વિચાર' જ કહી શકાય. અધ્યાત્મની પરિભાષામાં એને જ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો અંતઃકરણ ચાતુષ્ટ્ય કહેવાય છે.

અધ્યાત્મનું સમગ્ર માળખું, આપણા વિચાર, માન્યતા, શ્રદ્ધા, નિષ્ઠા અને ઈચ્છાને સુધારવા માટે જ ઊભું કરવામાં આવેલું છે. ઈશ્વર, કર્મફળ, પુનર્જન્મ, પાપ, પુણ્ય, સ્વર્ગ, નર્ક વગેરેની માન્યતાઓ તેમજ પૂજા-ઉપાસના, ધર્મ-કર્મ વગેરેના તમામ ક્રિયાકાંડો અને અનુષ્ઠાનો, માણસની વિચારવાની રીત; ઉચ્ચ આદર્શો પર આધારિત રહે, એટલા માટે જ રચવામાં આવ્યા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. કથા, વાર્તા, સ્વાધ્યાય, સત્સંગ, ધ્યાન કે શાસ્ત્રદર્શન પાછળના રહસ્યને પામવાનો પ્રયત્ન કરીએ તો વિચારોને અસ્તવ્યસ્ત દિશામાં ભટકતા અટકાવીને, તેને સુસંસ્કૃત બનાવવાનો દૃષ્ટિકોણ જ તેની પાછળ રહેલો જણાશે. લોકો આરોગ્ય, શિક્ષણ, ધનસંપત્તિ, પ્રભાવ, હોદ્દો વગેરે વૈભવોનું મહત્ત્વ તો સમજે છે પરંતુ ગમે તે કારણે, સાચી સંપત્તિ તો વિચાર જ છે અને દરેક સફળતાઓ અને સમૃદ્ધિઓ તેના આધારે જ મળે છે, આટલું સમજી શકતા નથી.

આપણે આપણી વિચારસરણીનું ઝીણવટપૂર્વક અવલોકન કરવું જોઈએ અને તેની કક્ષા અને દિશા કઈ છે; તેની ઉપર ખાસ ધ્યાન આપવું જોઈએ. જો વાસના, તૃષ્ણા, ક્રોધ, લાલચ, આવેશ, ઈર્ષ્યા, દ્વેષ કે અહંકાર જેવી ઇચ્છાઓનું પ્રાધાન્ય જણાય તો આપણે મૂંઝવણભરી પરિસ્થિતિઓમાં ફસાયેલા રહેવું પડશે, એમ સમજવું જોઈએ. જો પોતાની ખામીઓ અને ખરાબીઓને સમજીને તેને સુધારવાની ઇચ્છા જાગૃત થાય તો, વિચારોનું મહત્ત્વ સમજાવા લાગ્યું છે, એમ જાણવું. ખરાબ અને અસંસ્કારી વિચારો જ માણસના સૌથી મોટા શત્રુઓ છે અને એ જ માણસને પતનની ખાઈમાં ધકેલી મૂકનારા અને પ્રગતિના માર્ગમાં રોડા નાખનારાં પરિબળો છે. એટલા માટે દીર્ઘદૃષ્ટા માણસો પોતાની પરિસ્થિતિ સુધારતાં પહેલાં પોતાની માનસિક હાલતને તટસ્થ ભાવે સમજવાની અને કયા અણછાજતા, અસામાજિક અને અનૈતિક વિચારોએ મનોજગત ઉપર કબજો જમાવ્યો છે; એનું તીક્ષ્ણ દૃષ્ટિએ અવલોકન કરવાની કોશિશ કરે છે. જે રીતે દુષ્ટો કે દુશ્મનોના આપણા ઉપરના સંભવિત આક્રમણને ખાળવા માટે આપણે સાવધાની દાખવીને સુરક્ષાની તૈયારીઓ કરીએ છીએ; તે જ રીતે આપણા મનોજગતમાં કુવિચારોએ કેવાં મૂળિયાં ઘાલ્યાં છે, તે જોવા માટે અને તેને ઉખાડી નાખવા માટે પ્રબળ પ્રયત્ન કરવો જોઈએ. આત્મનિરીક્ષણને સૌથી મોટો પુરુષાર્થ માનવામાં આવ્યો છે. એના વડે મનોવૃત્તિઓની ચંચળતા અને અવળી ગતિ ઉપર કાબુ મેળવવો જોઈએ. બહારના દુશ્મનોને જોઈ શકાય છે, તેથી તેમનો સામનો કરવો સરળ છે પરંતુ આંતરિક દુશ્મનોને જોઈ કે જાણી શકતા નથી, તેથી તેમની ઉપર સહેલાઈથી ધ્યાન જતું નથી કે તેમનો સામનો કરવાની જરૂરિયાત પણ અનુભવી શકાતી નથી. આવી ઉપેક્ષાને કારણે એ આંતરિક દુશ્મનો પોતાનાં મૂળ ઊંડે સુધી ઉતારી દે છે અને ક્રમશઃ આખીયે વિચારપ્રણાલી ઉપર વર્ચસ્વ જમાવીને મનુષ્યને દયનીય દશામાં લાવી મૂકે છે.

જે રીતે આપણે બીજાની સમીક્ષા કરીએ છીએ, તેમના દોષો ગોતીએ છીએ, તેમની ટીકા કે નિંદા કરીએ છીએ; તે જ રીતે બલ્કે તેનાથી પણ વધુ કડક રીતે આપણે આપણા વિચારજગતની ગુણ, કર્મ અને સ્વભાવની કસોટી કરવી જોઈએ. આત્મચિંતનના ભાગરૂપે આવો ક્રમ એક ચોક્કસ સમયે હંમેશાં ચાલતો રહેવો જોઈએ. અસત્ય, છળકપટ, નિષ્ઠુરતા, વ્યભિચાર કે અપ્રમાણિકતા જેવા અસામાજિક દોષો ઉપર જ નહીં, પરંતુ આળસ, પ્રમાદ, ઉન્માદ, અસહિષ્ણુતા, કડવી વાણી, અશિષ્ટતા, અધીરાઈ, ચિંતા, નિરાશા અને કાયરતા વગેરે વ્યક્તિગત દોષો-દુર્ગુણો ઉપર પણ ધ્યાન રાખવું જોઈએ અને જેમ કોઈ ચતુર ખેડૂત પોતાના ઉત્તમ ખેતરમાં, ઉત્તમ બીજ વાવીને, ઉત્તમ પાક લણવાનો લાભ મેળવવા માટે પ્રયત્ન કરતો હોય છે; તે રીતે મનોજગતમાંથી એવા દુર્ગુણોને દૂર કરીને તેની જગ્યાએ તેનાથી વિપરીત એવા સદ્‌વિચારો અને સદ્‌ભાવનાઓનું આરોપણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ચોર ઉપર ધ્યાન રાખવાથી તેને ચોરી કરવાનો મોકો મળતો નથી અને નુકસાનમાંથી બચી જવાય છે. તે પ્રમાણે આપણા દુર્ગુણો પ્રત્યે પણ તકેદારી રાખવી જોઈએ, અને તેને આક્રમણની તક જ ન મળે એટલા માટે, અગાઉથી જ સાવચેતી રાખવી જોઈએ, જેથી બળતણ નહીં મળવાને કારણે ઓલવાઈ જતી આગની માફક તેનો અંત આવી જશે. જે વિચારોની ટેવ પડે છે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને અમલમાં મુકાય છે, તે જ મજબૂત થાય છે. જો ખરાબ વિચારોને મનોજગતમાં દાખલ જ ન થવા દેવાય અને તેની જગ્યાએ તરત જ તેના વિરોધી ઉમદા વિચારોને ગોઠવી દેવાય તો ચોર જેવા આસુરી વિચારોને ભાગ્યા વિના છૂટકો નથી. જ્યાં સુધી તેનો ઉગ્ર વિરોધ ન થાય ત્યાં સુધી જ તેઓ પગદંડો જમાવીને પડ્યા રહે છે. જો વિચારજગતમાં ઉમદા વિચારોને સ્થાન મળે અને તેના અમલીકરણની તકો મળતી રહે તો આપણા ગુણ, કર્મ અને સ્વભાવમાં તેમનો સમાવેશ ન થાય અને તેઓ ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં અગત્યની ભૂમિકા ન નિભાવે તેનું કોઈ જ કારણ નથી.

આને માટે, વિચાર-ઘડતરમાં મદદરૂપ થાય તેવા સારા સાહિત્યનો ક્રમબદ્ધ સ્વાધ્યાય અત્યંત જરૂરી છે. સદ્‌વિચાર ધરાવતા ચરિત્રવાન અને ઉમદા પ્રવૃત્તિઓમાં સંકળાયેલા માણસોનો સત્સંગ પણ ખૂબ ઉપયોગી નીવડે છે. પોતાની ભૂલો માટે પોતાની જાતને એકાંતમાં કાન પકડવા, ઊઠબેસ કરવી, તમાચા મારવા, મરઘો બનાવવો કે એક ટંક ભોજનમાં કાપ જેવી શારીરિક સજાઓ પણ આપી શકાય. રોજ પ્રાતઃકાળમાં જ ગઈકાલની ભૂલોનું પુનરાવર્તન ન થાય તેવો સંકલ્પ કરવો જોઈએ અને દિવસભર સાવચેતી રાખવી જોઈએ. જો થોડા દિવસ સુધી આવો ક્રમ અપનાવવામાં આવે તો આપણી વિચારશક્તિમાં અવશ્ય સુધારો જણાશે. જો વિવેક, ઔચિત્ય, તર્ક, સાબિતી અને હકીકતને તટસ્થ ભાવે જાણવાનો ક્રમ ચાલતો રહે તો, ઘણાખરા વહેમો આપમેળે જ દૂર થઈ શકશે અને સમતોલ વિચારોના આધારે શાંતિ, સમૃદ્ધિ, પ્રગતિ અને મહાનતાની દિશામાં ઝડપભેર આગળ વધી શકાશે.

## વિનાશ થવાનો નથી — ડરો નહીં

*આજે દુનિયામાં ચોમેરથી વિનાશની આગાહીઓ અને સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે. આવે વખતે એક જ અવાજ સંભળાય છે કે આ સર્વનાશને રોકી શકાશે. સૌને વિશ્વનો વિનાશ નહીં થવા દેવાય, એવી હૈયાધારણ આપવામાં આવે છે, એનો અર્થ એ નથી કે મુશ્કેલીઓ નહી આવે; પરંતુ નાનાં-મોટાં યુદ્ધ ભલે થાય, તેમ છતાંય વિશ્વયુદ્ધને, વિશ્વના વિનાશને રોકી શકાશે. પૃથ્વી ઉપર એવા રક્ષા-છત્રનું નિર્માણ થઈ રહ્યું છે કે જે તેને વિનાશમાંથી ઉગારી શકશે. અમારા આ મહાનુષ્ઠાનમાં બધા ધર્મના ભાવનાશાળી ભાઈ-બહેનોને સમૂહ પ્રાર્થનાનું મહત્ત્વ સમજવા માટે આહ્‌વાન છે. એક જ સમયે કરોડો માણસો દ્વારા કરાતી વિશ્વકલ્યાણની સમૂહ-પ્રાર્થના ખરેખર ચમત્કારિક હશે. તમે કોઈ પણ ધર્મની પૂજા-ઉપાસનાની પદ્ધતિ અપનાવતા હો, કોઈ પણ મંત્રનો જાપ કરતા હો, નિરાકાર-સાકાર કે દ્વૈત-અદ્વૈત કોઈ પણ બ્રહ્મને માનતા હો — પરંતુ તમારી ઉપાસનામાં ૧૦ મિનિટની વિશ્વકલ્યાણ માટેની પ્રાર્થનાનો અવશ્ય સમાવેશ કરો. પ્રાર્થનામાં ભાવનાઓના ઊંડાણનું ખૂબ મહત્ત્વ છે. પ્રાર્થના જેટલી ભાવનાસભર હશે, અંતઃકરણના જેટલા ઊંડાણમાંથી આર્દ્ર સ્વરે થયેલી હશે, એટલી જ વધારે પ્રભાવશાળી હશે. દુનિયાભરના મનુષ્યોના વિચારો, કાર્યો ચોક્કસપણે સર્વનાશની શક્યતાઓ તરફ દોરી જનારા છે. કરુણા, દયા, આત્મીયતા, સ્નેહ, સહૃદયતા અને ઉદારતા વગેરે ગુણો ધરાવતા મહામાનવોની સર્જનસેના, એને રોકવા માટે પોતાની કરુણાસભર પ્રાર્થના અને ઉમદા કાર્યો દ્વારા કટિબદ્ધ થશે અને વિશ્વનો સર્વનાશ થતો અટકશે, એવી આશા રાખવી જોઈએ.*

**— યુગ નિર્માણ યોજના — મથુરા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચાર-પરિવર્તન એ જ યુગપરિવર્તનનો આધાર

એક સમય એવો હતો કે અનિચ્છનીય માણસો કે તત્ત્વોનો નાશ કરવા માટે મુખ્યત્વે શસ્ત્રબળનો જ ઉપયોગ કરવામાં આવતો. ત્યારે વિચારશક્તિની વ્યાપકતાનું ક્ષેત્ર વણખેડ્યું હતું. ત્યારે દુનિયામાં અનાચાર, પાપ કે અનિચ્છનીયતાઓના કેન્દ્રસમા માણસોની શક્તિનો નાશ યુદ્ધમાં શસ્ત્રબળ વડે કરવામાં આવતો. પ્રાચીનકાળમાં યુગપરિવર્તનની ભૂમિકા આ જ રહી છે. જેમણે અનીતિપ્રધાન વાતાવરણ ઉત્પન્ન કરનારાઓની શક્તિનો નાશ કરવા માટે સશસ્ત્ર આયોજનો કર્યાં, યુદ્ધમાં તેમને હરાવ્યા; એ મહામાનવોને યુગપરિવર્તનનું શ્રેય આપવામાં આવ્યું તેમને અવતાર કે દેવદૂત જેવાં સન્માનોથી નવાજવામાં આવ્યા. ભગવાન રામ, કૃષ્ણ, પરશુરામ, નરસિંહ વગેરેને આજ સંદર્ભમાં સન્માનપૂર્વક પૂજવામાં આવે છે.

પાછલાં બે વર્ષોમાં વિજ્ઞાને અદ્‌ભુત પ્રગતિ કરી છે. સંસારની સમસ્યાઓને નવો આયામ આપ્યો છે. દુનિયાના છેવાડાના દેશો હવે વાહનવ્યવહારની સગવડોના કારણે, શેરીઓની માફક ખૂબ નજીક આવી ગયા છે. દુનિયાની વિભિન્ન સંસ્કૃતિઓ અને વિચારસરણીઓ અન્યોન્યને પ્રભાવિત કરવા લાગી છે. આ વિજ્ઞાનયુગમાં છેલ્લાં બે મહાયુદ્ધો અત્યંત સંહારક સાધનો વડે લડાયાં, તેમ છતાંય તેનાથી કોઈ હેતુ સર્યો નથી. જે સમસ્યાઓ એ વિશ્વયુદ્ધો અગાઉ હતી, અને જેના માટે એ વિશ્વયુદ્ધો લડાયાં હતાં; એ તો હજી ઠેરની ઠેર ઊભી છે.

આજે પાપ, દુરાચાર, દંભ, છળકપટ, અસત્ય, શોષણ વગેરે દોષોની પ્રધાનતાને કારણે સમાજમાં જે ભારે અરાજકતા ફેલાયેલી દેખાય છે, તેના માટે અમુક માણસોને ગુનેગાર ઠરાવવાથી કે તેમને દંડ આપવાથી, સમસ્યા ઉકલી શકવાની નથી. હવે વિચાર-પરિવર્તન એ જ એક માત્ર આધાર બાકી રહે છે, જેના વડે જાતજાતનાં કષ્ટો ઉત્પન્ન કરનારા દુર્ગુણોનો નાશ કરીને ન્યાય તેમજ શાંતિની સ્થાપના થઈ શકે એમ છે.

આ યુગની સૌથી મહાન શક્તિ શસ્ત્રો નથી રહ્યાં પરંતુ તેનું સ્થાન વિચારોએ લઈ લીધું છે. હવે સાચી શક્તિ જનતાના હાથમાં રહેલી છે, તેથી લોકમાનસનો પ્રવાહ જે દિશામાં વહે છે, તે જ પ્રમાણેની પરિસ્થિતિઓ ઉત્પન્ન થાય છે. લોકમાનસના આ પ્રવાહને શસ્ત્રોથી નહીં, પરંતુ વિચારો વડે જ રોકી શકાય છે. હવે શસ્ત્રયુદ્ધનો જમાનો વીતી ગયો, હવે તો વિચારયુદ્ધનો યુગ આવ્યો છે; એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. જે વિચારો પ્રબળ હશે, એ જ પોતાને અનુકૂળ સંજોગોનું નિર્માણ કરી શકશે.

આ સત્યને વધુ સારી રીતે સમજવા માટે પાછલા બે સૈકાઓ દરમ્યાન થયેલી કેટલીક રાજકીય ક્રાંતિઓ તરફ ધ્યાન આપવું જોઈએ. કેટલીક સદીઓ પહેલાં દુનિયાભરમાં સામંતશાહી હતી, રાજાઓ રાજ્ય ચલાવતા હતા. રૂસો જેવા તત્ત્વજ્ઞાનીઓએ, એ શાસનવ્યવસ્થાની બિનઉપયોગિતા સાબિત કરી અને પોતાના ગ્રંથોમાં જણાવ્યું કે સામંતશાહીને બદલે લોકશાહીની સ્થાપના થવી જોઈએ. તેમણે એના સ્વરૂપ અને પરિણામોનો પણ ખ્યાલ આપ્યો. લોકમતની નજરે આ વિચાર સ્વીકાર્ય અને આવકાર્ય લાગ્યો. પરિણામે એક પછી એક રાજાશાહી સરકારો ઉથલવા માંડી અને એની જગ્યાએ લોકશાહી શાસનતંત્રો સ્થપાવા લાગ્યાં. યુરોપ, અમેરિકા, એશિયા તેમજ આફ્રિકાના કેટલાય દેશોમાં એક પછી એક લોકશાહી શાસનતંત્રોનો ઉદય થવા લાગ્યો. જેના આધારે જનતા સશક્ત રાજસત્તાઓને ઉથલાવવામાં સફળ થઈ શકી, એ તેમની વિચારક્રાંતિ જ હતી. સામાન્ય પ્રજાજનોએ લોકશાહીની ઉપયોગિતામાં વિશ્વાસ રાખીને રાજાશાહી સરકારો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉથલાવી નાખી, એને વિચારશક્તિનો વિજય જ કહી શકાય.

તાજેતરના ભૂતકાળમાં એક બીજી રાજકીય વિચારક્રાંતિ થઈ છે. કાલમાર્ક્સના પ્રાકૃતિક સમાનતાને પાયો ગણનારા ફિલસૂફોએ જાહેર કર્યું કે, સામ્યવાદી વિચારસરણી જ જનતાનાં દુ:ખો દૂર કરીને તેમના માટે પ્રગતિનો માર્ગ મોકળો કરી શકે એમ છે. તેમણે સામ્યવાદના સ્વરૂપ, આધાર અને પ્રયોગની પદ્ધતિ રજૂ કર્યા અને લોકો તેમને સમજ્યા. એ વિચારધારા લોકપ્રિય થઈ અને વિચારશીલ લોકોની નજરે તે ઉપયોગી જણાઈ. પરિણામે તેનો ફેલાવો થતો ગયો. આજે દુનિયાની એક તૃતીયાંશ કરતાં વધારે પ્રજા એ સામ્યવાદી શાસનવ્યવસ્થાને અપનાવી ચૂકી છે અને એક તૃતીયાંશ જેટલી પ્રજા તેના વડે પ્રભાવિત થયેલી છે. કોઈ યુદ્ધ આટલી વિશાળ જનતાને; આટલા ઓછા સમયમાં, આટલી સરળતાથી, કોઈ એક શાસનવ્યવસ્થા હેઠળ લાવી શક્યું નથી. જે આવી વિચારક્રાંતિઓ સફળતાપૂર્વક કરી શકે છે.

આ તો રાજકીય વિચારક્રાંતિઓની વાત થઈ. પાછલાં અઢીહજાર વર્ષોમાં બે ધાર્મિક ક્રાંતિઓ પણ થયેલી છે, જેની સફળતા શસ્ત્રબળ ઉપર નહીં; પરંતુ વિચારબળ ઉપર આધારિત હતી. બૌદ્ધ ધર્મના પ્રચારકો; જૂથો બનાવીને સમગ્ર એશિયાના તમામ દેશોમાં ફરી વળ્યા. પરિણામે એક હજાર વર્ષમાં એ જમાનાની એશિયાની મોટાભાગની પ્રજાએ બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. અગાઉનાં થોડાં વર્ષો સુધી ચીન, તિબેટ, જાપાન, ઇન્ડોનેશિયા, જાવા, સુમાત્રા, બોર્નિયો, શ્રીલંકા વગેરે દેશો સંપૂર્ણ રીતે બૌદ્ધધર્મી હતા. ભારતના એક મોટાભાગમાં પણ બૌદ્ધ ધર્મ પ્રચલિત હતો. આ ધાર્મિક વિજયનું શ્રેય બૌદ્ધ ફિલસૂફી તથા તેની પ્રચારપદ્ધતિને જ આપી શકાય એમ છે.

બરાબર આવી જ એક વિચારક્રાંતિ ખ્રિસ્તી પ્રચારકોએ પણ કરી દેખાડી છે. ખ્રિસ્તી ધર્મની શરૂઆત તો ઈસુના જન્મ સાથે જ થઈ હતી, પણ તેને એક ધાર્મિક સ્વરૂપ ઈસુના કેટલાંક વર્ષો પછી સેન્ટ પોલે આપ્યું હતું. ખ્રિસ્તી મિશનરીઓનું પ્રચારકાર્ય તો હજી બસોએક વર્ષથી જ શરૂ થયું છે. આટલા ટૂંકાગાળામાં દુનિયાના ત્રીજા ઉપરાંતના ભાગમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થવો, એ કોઈ યુદ્ધના આધારે નહીં, પરંતુ વિચારોના ફેલાવાને કારણે જ શક્ય બન્યું છે. રાજકીય દૃષ્ટિએ સામ્યવાદે અને ધાર્મિક દૃષ્ટિએ ખ્રિસ્તી ધર્મે જે બેજોડ પ્રગતિ કરી છે; તેનું શ્રેય એ વિચારસરણીઓની જનતાની સામે કરવામાં આવેલી અસરકારક અને આકર્ષક રજૂઆતને ફાળે જાય છે.

ઉપરની હકીકતો ઉપર જો ગંભીરતાથી વિચારીએ તો એવો સાર નીકળે છે કે, આ યુગની સૌથી મોટી સાધના વિચારશક્તિ છે. લોકમાનસને પ્રભાવિત કરીને મેળવેલા મતને આધારે કૉંગ્રેસે ભારતમાં ઘણાં વર્ષો સુધી શાસન કર્યું છે. આઝાદીની લડતમાં પણ લોકમાનસના વિચારોનું ઘડતર કરીને જ આપણા રાષ્ટ્રનેતાઓને સફળતા મળી હતી. લોકમાનસ બદલાઈ જાય તો કોઈ પણ દેશનું શાસન બીજા પક્ષના હાથમાં ચાલી જાય છે. જનતાની વિચારધારાનો પ્રચંડ પ્રવાહ કોઈપણ સરકારને ઉથલાવી શકે છે. અહીં સરકારનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો છે, કારણ કે 'સરકાર'ને આજના યુગની સૌથી મોટી શક્તિશાળી સત્તા માનવામાં આવી છે. એના માધ્યમથી ઘણાં મોટાં કાર્યો થઈ શકે છે. આટલી મોટી એકહથ્થુ શક્તિ હોવા છતાં પણ સરકારને સાચા અર્થમાં તો લોકમાનસની દાસી કે અનુયાયી જ કહી શકાય. આ યુગની સાચી શક્તિ તો વિચારશરણીની પ્રખરતા ઉપર જ આધારિત છે. લોકમાનસ ઉપર જે વિચારધારાનો પ્રભાવ હશે, સમાજમાં તેવી જ પરિસ્થિતિઓ સર્જાતી જશે

સમાજ સામે રહેલી સમસ્યાઓ દુષ્પ્રવૃત્તિઓમાંથી જન્મેલી છે. આળસ, સંકુચિતતા, સ્વાર્થવૃત્તિ, સંગઠનવૃત્તિનો અભાવ, નાગરિક ફરજોની ઉપેક્ષા અને કાયરતા જેવા દુર્ગુણોએ ખાદ્યાન્નની અછત, મોંઘવારી, બેકારી, ગરીબી અને નિરક્ષરતા વગેરે સમસ્યાઓ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉત્પન્ન કરી છે. જો જાહેર જીવનમાં એકતા, સહકાર અને આત્મીયતાનો સમાવેશ થઈ જાય તો, જે સાધનો આજે અણછાજતાં કાર્યોમાં વપરાઈ રહ્યાં છે; તેનો જ ઉપયોગ જાહેર હિતનાં કાર્યોમાં થતો જોઈ શકાય અને અભાવને સમૃદ્ધિમાં ફેરવી શકાય.

જનતા વિચારશૂન્ય નથી. માણસ હજી સાવ વિવેકહીન થયો નથી. તેને જો હકીકતો સમજાવવામાં આવે તો તે સમજે છે, માને છે અને ફેરફાર કરે છે. રાજસત્તા અને ધાર્મિક આસ્થામાં આશ્ચર્યજનક પરિવર્તન વિચારક્રાંતિઓ દ્વારા શી રીતે થઈ શક્યા ? તેની થોડી ઘણી ચર્ચા ઉપરના ફકરાઓમાં થયેલી છે. સાંસ્કૃતિક, નૈતિક કે આધ્યાત્મિક ક્રાંતિ - ગમે તે નામ આપો, માનવીય અંતઃકરણને ઉચ્ચકક્ષાએ પહોંચાડવાની પ્રક્રિયા પણ એના વડે પૂરી કરી શકાય છે. મનુષ્યનું સાચું, કાયમી અને સર્વાંગી હિત, જો એ રીતે સાધી શકાય એમ હોય તો હકીકતો સમજાવવાથી લોકમાનસ તેનો સ્વીકાર કરશે અને અપનાવશે પણ ખરું.

વિચારક્રાંતિનો અર્થ છે — મનુષ્યની શ્રદ્ધાની કક્ષાએ નિકૃષ્ટતામાંથી ઊંચી લાવીને ઉત્કૃષ્ટતા તરફ દોરી જવી. આ આજની સૌથી મોટામાં મોટી જરૂરિયાત છે. વિશ્વમાનવ એને માટે જ તરસી રહ્યો છે. આ જ યુગનો પોકાર છે. આ પ્રક્રિયા દ્વારા જ સંસારનું ઉજ્જવળ ભવિષ્ય સંભવ છે. આટલા જરૂરી અને મહત્ત્વના પ્રયોજનને પાર પાડવા માટે દરેક પ્રબુદ્ધ માણસે કાંઈક વિચારવું જ પડશે અને કશુંક કરવું જ પડશે. કિંકર્તવ્યમૂઢ બનીને બેઠા રહેવાથી તો આપણે આપણા આત્માની નજરે ફરજચૂકના ગુનેગાર જ ઠરીશું. એટલા માટે ઉદાર વિચારો ધરાવતા વિચારશીલોએ પોતાના કામકાજમાં આ પુણ્યપ્રયોજનનો યોગ્ય સમાવેશ કરવાની માનસિકતા અપનાવવી જોઈએ. પ્રાચીનકાળના પરમાર્થી મહામાનવોએ આમ જ કર્યું હતું. જ્યાં પોતે જ સામાન્ય નાગરિક કક્ષાનું જીવન જીવતો હોય, ત્યાં લોકસેવક કઈ સંપત્તિ વહેંચી શકે ? કેટલાને વહેંચી શકે ? જે પોતાની પાસે જ ના હોય તે બીજાને શી રીતે આપી શકે ? સદાવ્રતો ચલાવવાં, પરબો બંધાવવી કે ધાબળાઓ વહેંચવાનું તો ધનવાનો માટે જ શક્ય છે અને એ તો એમને એમ પણ કરતા રહેવાના છે પરંતુ બ્રહ્મદર્શી તત્ત્વજ્ઞાનીઓ માટે તો ભટકેલા માણસોને રાહ ચીંધવાનું અને જેઓ જાતે બેઠા થવાની હિંમત કરી શકતા ન હોય, તેમને ઊભા કરવામાં પોતાના કૌશલ્યનો ઉપયોગ કરવાનું જ શક્ય છે. મનોદશા બદલાઈ જવાથી પરિસ્થિતિઓ ચોક્કસ બદલાશે જ, એ નક્કી છે. પોતાના પરમાર્થના આધારે દેવમાનવ તરીકે ઓળખાવામાં સફળ નીવડેલા મહામાનવો, દેવમાનવોએ પોતપોતાના ક્ષેત્રમાં પોતાની ઉમદા કક્ષાની વિચારસરણી અને કાર્યપ્રણાલીનો પરચો આપ્યો છે. એનું અનુકરણ કરવાનું છે. એ જ કરવા-લાયક છે. દેવમાનવ તરીકે પૂજવાલાયક વિદ્વાનોએ પોતાની શ્રદ્ધા અને સક્રિયતાને અવળા વિચારોને સારી અને સાચી દિશામાં વાળવામાં જ પ્રયોજ્યા છે. ભટકતા માણસોને સાચો રાહ બતાવવાના કાર્યમાં તેમણે દરિયા વચ્ચે ઊભેલી દીવાદાંડીની જેમ પોતાનાં જીવન વીતાવ્યાં છે. આ કાર્યને એટલું મહત્ત્વપૂર્ણ માનવામાં આવ્યું કે, એમાં કાર્યરત્ રહેનારાઓની પૃથ્વી પરના દેવતાઓની શ્રેણીમાં ગણના કરવામાં આવી છે અને એમને એવી જ પ્રતિષ્ઠા આપવામાં આવી છે.

હાલના જનસમુદાયમાંના મોટાભાગના લોકોના, મોટાભાગના વિચારો અને કાર્યો દિશાવિહીન બની ગયેલા છે. એને બદલ્યા, સુધાર્યા અને ઉચ્ચકક્ષાના બનાવ્યા સિવાય કોઈ રીતની પ્રગતિ શક્ય નથી. એને માટે વ્યાપક લોકસંપર્ક કરવો, ઘેર ઘેર ઝુંબેશ આદરવી, ચર્ચાસભાઓ દ્વારા વર્તમાન સંજોગો અને એનાં સમાધાનોનો ખ્યાલ આપવો — આવો ઉપક્રમ અપનાવવો એ આજનું સૌથી મોટું કાર્ય છે. અમારા અભિયાનમાં આ હેતુ સિદ્ધ કરવા માટે પ્રજ્ઞાપરિવારમાં સાપ્તાહિક સત્સંગો અને દીપયજ્ઞોનું આયોજન કરવામાં આવ્યું છે અને તેનો જુસ્સાભેર અમલ કરવામાં આવ્યો છે.

વાણી દ્વારા સત્સંગની પ્રક્રિયાની માફક કલમ દ્વારા જ્ઞાનયજ્ઞ એટલે કે સ્વાધ્યાયની વ્યવસ્થા કરવી પણ એટલી જ જરૂરી છે. કલમ અને વાણીનો તેમજ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વાધ્યાય અને સત્સંગનો આધાર એકસરખા મહત્ત્વનાં છે. વીજળીના બે ધ્રુવ મળવાથી કરંટ ઉત્પન્ન થવાની માફક બંનેના સમન્વયથી જ આખો ઉપક્રમ રચાય છે. બંનેની ઉપયોગિતા ગાડીના બે પૈડાની જેમ એકસમાન છે. ઉપરાંત બંને સાથે મળીને સમગ્ર પ્રક્રિયાનો ભાર સમાનરૂપે વહન કરીને તેને સંપન્ન કરે એવી વ્યવસ્થા પણ જરૂરી છે.

કેન્દ્રમાં યુગ સાહિત્યનું સર્જન જે કક્ષાએ થઈ રહ્યું છે, તે ખરેખર બેજોડ છે. તેમાં ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરી શકાય તેવા વર્તમાનનું ઘડતર કરવાની સમજ આપવામાં આવે છે. તેનો દરેક જગ્યાએથી યુગ-ઋષિના પ્રસાદ કે વરદાન તરીકે સ્વીકાર થઈ રહ્યો છે.

'વિચારક્રાંતિ અભિયાન'ને આજના સમયની શક્તિશાળી મહાક્રાંતિ ગણવી જોઈએ. આ અભિયાનને સતયુગના પુનરાગમન માટે અને નવયુગના ગંગાવતરણ માટે થઈ રહેલા પ્રચંડ પ્રયત્ન તરીકે સમજવું અને અપનાવવું જોઈએ. યુગધર્મને જાણી લઈએ અને ભાવનાશાળી વર્ગને યુગપરિવર્તનની ચેતના સાથે સાંકળી લઈએ તો વધારે સારું. આ દિવસોમાં અગ્રણીઓના સહિયારા પ્રયાસોની તાતી જરૂરિયાત છે. એમાં ભાગીદાર બનવાનો સુઅવસર દરેક પ્રાણવાન મનુષ્યને ઉપલબ્ધ કરાવવો જોઈએ. જ્યારે એવો અવસર પોતે જ ખૂબ આશાઓ સહિત આપણા દ્વારે આવી ઊભો છે, ત્યારે એ તક ચૂકવા જેવી નથી.

## યુગ પરિવર્તનની ચોક્કસ રૂપરેખા

*નવો યુગ લાવવા માટે અને ધરતી ઉપર સ્વર્ગ ઉતારવા માટે, સતયુગનું પુનરાગમન નજરોનજર જોવા માટે આપણે થોડાં વધુ મહત્ત્વપૂર્ણ અને હિંમતભર્યાં રચનાત્મક અને સંઘર્ષાત્મક પગલાં લેવા પડશે. સો સૂત્રીય કાર્યક્રમમાં એની થોડી ચર્ચા થઈ ચૂકી છે. મોટાં પરિવર્તનો સાથે મોટી કાર્યપદ્ધતિઓ પણ સંકળાયેલી હોય છે. આપણે નિશ્ચિતરૂપે એવાં અસંખ્ય નાનાં-મોટાં આંદોલનો કરવાં પડશે, સંઘર્ષો કરવા પડશે, તાલીમ શિબિરો ચલાવવી પડશે તથા રચનાત્મક કાર્યક્રમો માટે વિશાળ સંસ્થાઓ ઊભી કરવી પડશે. ખૂબ વ્યાપક એવા એ અભિયાનમાં લાખો માણસોના શ્રમ, સહકાર, ત્યાગ, બલિદાન, સમજણ, પ્રયત્ન અને પુરુષાર્થની જરૂર પડશે. ભારતના રાષ્ટ્રીય સ્વતંત્રતા-આંદોલનમાં કેટલી બધી જનશક્તિ અને ધનશક્તિ વપરાઈ હતી ! એ આંદોલન ભારતના રાજકીય ફલક પૂરતું મર્યાદિત હતું. અમારા અભિયાનનું કાર્યક્ષેત્ર એના કરતાં સેંકડો ગણું વિશાળ છે. અમારું કાર્યક્ષેત્ર આખી દુનિયા છે અને રાજનીતિમાં જ નહીં પરંતુ માણસ અને સમાજના દરેક ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તનો લાવવાનાં છે. એના માટે કેટલા રચનાત્મક અને સંઘર્ષાત્મક મોરચા ઊભા કરવા પડશે, એની કલ્પના કોઈ પણ દીર્ઘદૃષ્ટા માણસને આવી શકશે. હાલની અંધાધૂંધી અને અરાજકતાને સુવ્યવસ્થામાં બદલવી એ પણ એક મોટું કાર્ય છે. માણસના મગજની દિશા, વિચારો, ઇચ્છાઓ, અભિરુચિઓ અને પ્રવૃત્તિઓમાં સુધારો કરવો, નિકૃષ્ટતાઓની જગ્યાએ ઉત્કૃષ્ટતાઓની સ્થાપના કરવી અને તે પણ આખી દુનિયામાં વસતા ૬૦૦ કરોડ માણસોના મગજમાં — એ નિઃસંદેહ એક મોટું ઐતિહાસિક કાર્ય છે. એમાં કેટલાય અગ્રણી માણસો, કેટલાંય આંદોલનો અને કેટલીયે કાર્યસંસ્થાઓનો સમન્વય થવાનો છે. આ જેને મહાકાળ પોતાની રીતે ગોઠવી રહ્યા છે એવી એક ચોક્કસ થનારી — અવશ્યંભાવિ પ્રક્રિયા છે. આજની વૈજ્ઞાનિક પ્રગતિની માફક આવતી કાલના ભાવનાત્મક ઉત્કર્ષ માટે પણ જોરદાર પ્રયત્નો થશે અને એમાં એક એકથી ચઢિયાતી પ્રતિભાઓને અને સંગઠનોને આશ્ચર્યજનક ભૂમિકા ભજવતા સૌ કોઈ જોઈ શકશે. આ સ્વપ્ન નથી, જેને આવનારા દિવસોમાં દરેક જણ તાદૃશ થતું જોઈ શકશે એવું એક સત્ય છે. આને ભવિષ્યવાણી ના સમજવી જોઈએ. આ એક હકીકત છે, જેને આજે અમે અમારી આંખો ઉપર લાગેલા દૂરબીનથી નજરોનજર જોઈ રહ્યા છીએ. કાલે જ્યારે નજીક આવશે ત્યારે બધા એને પ્રત્યક્ષ જોઈ શકશે. આગામી દિવસોમાં ધરમૂળથી પરિવર્તન લાવનારું એક ભયંકર તોફાન વીજવેગે આગળ વધી રહ્યું છે, જે આ સડેલી દુનિયાને સમર્થ, ઉન્નત, સ્વસ્થ અને પ્રબુદ્ધ બનાવીને જ શાંત થશે.*

**— પં. શ્રીરામ શર્મા આચાર્યજી**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સતત સુવિચારોના સહવાસમાં રહો

પોતાની જાતને સુધાર્યા સિવાય બીજાને સુધારવાનું શક્ય નથી. યુગનિર્માણનો શુભારંભ પોતાના ઘડતરની પ્રક્રિયાની સાથે થવો જોઈએ. હવે કલમ અને વાણીની શક્તિ ક્રમશઃ ઘટતી જાય છે; કારણ કે લેખક અને વક્તા પોતે જ બીજાઓ પાસે કરાવવા ધારે છે, તેવું આચરણ કરતા નથી. ઉપદેશ કે બીજા સામે પોતાનો આદર્શ પ્રસ્તુત કરવો જોઈએ, ચારિત્રિક શિક્ષણ માટે એ ખાસ જરૂરી છે. દુનિયામાં સદ્‌ભાવનાઓની સંપત્તિનો વધારો કરવાનું જો યોગ્ય અને જરૂરી હોય તો એનો પહેલો પ્રયોગ પોતાની જાત ઉપર જ થવો જોઈએ. જે વસ્તુ લાભદાયક છે, તેને સૌથી પહેલાં આપણે પોતે કેમ ન ભોગવીએ ?

આપણે સદ્‌વિચારોના મહત્ત્વને જાણીએ તો છીએ, પરંતુ એમાં મક્કમતા રહેતી નથી. જ્યારે કોઈ સારું પુસ્તક વાંચીએ કે સારું પ્રવચન કે સત્સંગ સાંભળીએ ત્યારે એ સન્માર્ગે ચાલવાની ઇચ્છા થાય છે પરંતુ એ ક્ષણ વીતી ગયા પછી તરત જ અગાઉની આદતો અને વિચારો ફરી પાછા મગજ ઉપર કબજો જમાવી દે છે અને એ જ ચીલાચાલુ જૂનો કાર્યક્રમ ફરી પાછો શરૂ થઈ જાય છે. આમ જીવનને ઉત્કૃષ્ટ બનાવવાની ઇચ્છા માત્ર એક કલ્પના બનીને રહી જાય છે. તેને નક્કર સ્વરૂપ આપવાનો અવસર મોટેભાગે આવતો જ નથી.

એનું કારણ એ છે કે એ જૂના વિચારો ઘણા લાંબા સમયથી મગજમાં ઘર કરી ગયેલા હોય છે. મનને પણ તેની ટેવ પડી ગઈ હોય છે. શરીરે પણ મનના એ સ્વભાવને એક ઢબ તરીકે સ્વીકારી લીધો હોય છે. એટલા માટે એવા જૂના વિચારોનું વર્ચસ્વ નાબૂદ થાય અને તેનું સ્થાન ઉત્કૃષ્ટ વિચારો લઈ લે તો જ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર – એટલે કે અંતઃકરણ ચાતુષ્ટ્ય બદલવાનું શક્ય બને. જો અંતઃકરણની ભૂમિકા બદલાશે તો જ બાહ્ય કાર્યોમાં એનો પ્રકાશ જોઈ શકાશે. પરિવર્તનની પદ્ધતિ આ જ છે.

ઉચ્ચ કે ઊમદા વિચારો આપણા મગજમાં બહુ લાંબો સમય ટકી શકતા નથી. સારા વિચારો જેટલો સમય સત્સંગ કે સ્વાધ્યાયની તક મળે, એટલા ટૂંકા ગાળા પૂરતા જ મગજમાં ટકતા હોય છે. ત્યાર પછી એના એ જ જૂના કુવિચારો વાવાઝોડાની માફક ત્રાટકીને પેલા સુવિચારોની નાની સરખી વાદળીને દૂર ઉડાડી ફેંકે છે. લાંબા સમયની ટેવને કારણે તેમનાં મૂળ પણ ખૂબ ઊંડાં હોય, એ સ્વાભાવિક છે. એને ઉખાડીને નવા શ્રેષ્ઠ વિચારોની સ્થાપના કરવાનું કામ ખરેખર ખૂબ કપરું છે.

ઘનઘોર જંગલની આખીયે જમીનમાં કાંટાળા ઝાડીઝાંખરા ઉગેલાં હોય છે. લાંબો સમય ફૂલવાફાલવાને કારણે તેનાં મૂળ પણ ઊંડે સુધી જામેલાં હોય છે. જો એવા જંગલને ખેતીલાયક બનાવવું હોય તો પહેલાં એ ઝાડીઝાંખરાને કાપવાની વ્યવસ્થા કરવી પડે છે. પછી જમીનમાંથી તેનાં મૂળ ખોદી કાઢવાં પડે છે. જમીન ખેડીને તેને સપાટ કરવી પડે છે. ખાતર-પાણીની વ્યવસ્થા કરવી પડે છે. આટલી જોગવાઈ કર્યા પછી જ એ અડાબીડ જંગલની ઉબડખાબડ જમીન અનાજ ઉગાડવા લાયક, ખેતીને લાયક બની શકે છે. મનોભૂમિને, સદ્‌ભાવનાઓ તેમજ સત્કર્મોનો લીલોછમ પાક ઉગાડવા યોગ્ય બનાવવા માટે પણ એવો જ પુરુષાર્થ કરવો જરૂરી છે.

પાંચ-દસ મિનિટના વાંચન, શ્રવણ, મનનથી કે ઇચ્છા માત્રથી મનોભૂમિકા સુધરવાનું અને એમાંથી સુવિચારો અને સત્કર્મોનો પ્રવાહ વહેવાનું અશક્ય છે. એને માટે ક્રમબદ્ધ, યોજનાબદ્ધ રીતે લાંબા સમય સુધી સ્થિર પ્રયત્નો કરવા પડે છે. ઢોળાયેલું પાણી નીચેની તરફ સહેલાઈથી કોઈ પ્રયત્ન વગર જ વહેવા લાગે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. પરંતુ જો તેને ઊંચે લઈ જવું હોય તો તેને માટે કેટલાંક સાધનો અને પ્રયત્નોની વ્યવસ્થા કરવી પડે છે. ખાસ પ્રયત્નો કર્યા સિવાય પાણી ઊંચે ચઢી શકતું નથી. એ જ રીતે મનોભૂમિકામાં થોડો ઘણો ફેરફાર પણ વિશેષ પ્રયત્ન વગર શક્ય નથી અને આંતરિક ફેરફાર વગર બાહ્ય જીવનમાં શ્રેષ્ઠતાની સ્થાપના થઈ જ કેવી રીતે શકે ?

વિચારોને જેટલી ઝડપથી, જેટલી નિષ્ઠાથી, જેટલા લાંબા સમય સુધી મગજમાં રહેવાનો અવસર મળે છે, મનોભૂમિમાં એવા જ પ્રભાવોનું પ્રાધાન્ય થતું જાય છે. મનમાં જે સ્વાર્થી વિચારો લાંબા સમય સુધી રહેતા હોય અને સુવિચારો થોડીક વાર જ ટકતા હોય, તો પેલો લાંબાગાળાનો પ્રભાવ, ટૂંકાગાળાના પ્રભાવને નાબૂદ કરી નાખશે. એટલા માટે ઉત્કૃષ્ટ જીવનની ખરેખર ઇચ્છા ધરાવતા લોકો માટે પાકટ, પ્રેરણાદાયી અને ઉચ્ચકક્ષાના વિચારોને મનમાં વધુ સમય સુધી ટકાવી રાખવાનો એક જ માર્ગ બાકી રહે છે.

જેની બહુમતી હોય તેની જીત થાય છે. વહેતી ગંગામાં જો થોડુંક ગંદુ પાણી ભળી જાય તો એ ગંદકી અસરકારક રહેતી નથી. પણ જો ગંદા નાળામાં થોડુંક ગંગાજળ નાખવામાં આવે તો તે પવિત્ર બની જતું નથી. એ જ રીતે જો મનમાં ખરાબ વિચારો લાંબા સમય સુધી રહેશે તો સારા વિચારોને થોડા સમય માટે સ્થાન આપવાથી શું ભલીવાર વળે ? એટલા માટે આપણો મોટાભાગનો સમય, મનોભૂમિમાં ઉચ્ચ પ્રકારના વિચારો જ ચાલ્યા કરે એ રીતે વિતાવવો એ વધુ યોગ્ય છે.

સારી બાબતોને પણ પોતાની શક્તિ અને વિશેષતા હોય છે, પરંતુ તે મન, વચન અને કર્મમાં એક્તા હોય ત્યારે જ પ્રભાવશાળી બને છે. જો પીઢ (ઠરેલ) અને પાકટ આચાર-વિચારના શ્રેષ્ઠ માણસો પ્રકાશમાં આવે તો અસંખ્ય લોકો તેમાંથી પ્રેરણા મેળવી શકે છે. ગાંધીજીના પ્રભાવને હજી થોડાં વર્ષો પહેલાં જ આપણે સૌએ નજરોનજર જોયો છે. તેમની પ્રેરણાથી અસંખ્ય લોકોના વિચારો બદલાયા અને લાખો માણસોએ હસતા મોઢે બલિદાન આપવાનું જોખમ ઉઠાવ્યું હતું. "પર ઉપદેશ કુશલ બહુ તેરે" એ ન્યાયે બીજાને સલાહ આપનારા તો ઘણા હોય છે, પરંતુ એ ઉપદેશો કે આદેશોને પોતાના રોજિંદા જીવનમાં અમલમાં મૂકનારા બહુ ઓછા હોય છે. સારી કે ઉમદા બાબતો વધતી, ફેલાતી નથી. એનું કારણ આ જ છે. જો સજ્જનતાભરેલી સાચી પ્રતિભાઓ આગળ આવે તો એના પ્રભાવથી સારી બાબતોનો પણ ઝડપભેર ફેલાવો થશે. તો પછી બધી ખરાબીઓનું સ્થાન ખૂબીઓ લઈ લેશે અને યુગપરિવર્તનની વાત જરાય અઘરી નહીં લાગે.

આપણા મગજમાં ઉત્તમ અને પરિપક્વ વિચારો વધુને વધુ સમય સુધી રહેવા લાગે એવી વ્યવસ્થા કરી શકીએ તો થોડા જ દિવસોમાં આપણી ઇચ્છા, અભિલાષા અને પ્રવૃત્તિ એ જ દિશા તરફ ઢળવા માંડશે અને એ સાત્ત્વિક પરિવર્તન અને તેની અસરો બાહ્ય જીવનમાં સ્પષ્ટ દેખાવા માંડશે. વિચારોની શક્તિ મહાન છે. તેનાથી આપણું જીવન તો બદલાય જ છે, ઉપરાંત દુનિયાનો નકશો પણ બદલી શકાય છે.

દેશ, કાળ અને પાત્રની હાલતને ખ્યાલમાં રાખીને આજના બુદ્ધિવાદી અને સંઘર્ષના જમાનાને અનુરૂપ સમાધાનો આપીને જીવનને ઊંચું લાવનારાં વ્યવહારિક સૂચનો આપી શકે એવા વિદ્વાનો આજે ક્યાં છે ? એમની ખોટ એટલી સાલે છે કે ચારેબાજુ સુનકાર છવાયેલો જણાય છે. જાણે ઋષિઓની આ ભૂમિ ઋષિ વગરની થઈ ગઈ હોય એવું લાગે છે. સ્વાધ્યાયને લાયક સાહિત્ય પણ બહુ ઓછું જોવા મળે છે. એ પણ એક અન્ય દુર્ભાગ્ય છે. વર્તમાન સંજોગોમાં પ્રકાશ અને પ્રેરણા આપવાની ક્ષમતા ધરાવતું હોય, એવા સાહિત્યની શોધ કરવી જોઈએ. સ્વાધ્યાયમાં વાંચેલા આદર્શ સુધી પહોંચવા માટે આપણે પ્રયત્નો કરવા જોઈએ. જે કાંઈ સુધારો શક્ય હોય તેની એક યા બીજા સ્વરૂપે શરૂઆત કરવી જોઈએ. મહાન માણસોનાં જીવનચરિત્રો વાંચવા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને પોતે પણ એવું જ ગૌરવ મેળવવાની વાત વિચારતા રહેવું એ મનન અને ચિંતનની દૃષ્ટિએ ખૂબ જરૂરી છે.

સુધરેલા વિચારોને સાચા માર્ગદર્શકો ન મળવાની ખોટ; સારી પ્રેરણા આપનારા સાહિત્યથી જ પૂરી શકાય છે. આજે અસ્પષ્ટ વિચારોવાળા લોકો ઘણા છે. ધર્મના નામે આળસ, અકર્મણ્યતા, નિરાશા, કર્તવ્યની ઉપેક્ષા, સ્વાર્થીપણું અને સંકુચિતતાનું શિક્ષણ આપનારા સત્સંગોથી જેટલું દૂર રહેવાય એટલું જ કલ્યાણ છે.

કોઈપણ રીતે, કોઈપણ જગ્યાએથી જીવનને સમુન્નત બનાવે તેવા સુધરેલા ઉત્કૃષ્ટ વિચારોને મગજમાં ભરવાની વ્યવસ્થા કરવી જોઈએ. સ્વાધ્યાયથી, સત્સંગથી, મનનથી, ચિંતનથી – કોઈપણ રીતે આપણું મગજ ઉમદા વિચારધારામાં પરોવાયેલું રહે એવા પ્રયત્નો કરવા જોઈએ. જો આવા વિચારોમાં મન લાગી જાય, તેની ઉપયોગિતા સમજાવા લાગે અને તેને અપનાવતા આનંદનો અનુભવ થવા લાગે તો અડધું કામ પાર પડ્યું એમ સમજી લેવું.

## યુગક્રાંતિનું હવેનું સોપાન સંઘર્ષાત્મક છે

*આપણે નસીબદાર છીએ કે આપણે બહુ ભોગ આપવો પડતો નથી. ખરું કામ અને વિશેષ ત્યાગ-બલિદાન તો હવે પછીના લોકોને કરવા પડશે. આપણે ભાગે હવે જ્ઞાનયજ્ઞમાં સમિધ પૂરા પાડવાનું અને આજ્યાહુતિ આપવાનો પહેલો તબક્કો જ આવ્યો છે. આકાશને આંબતી જ્વાળાઓમાં આહુતિઓ હવે પછીના લોકો આપશે. આપણે પ્રચાર અને પ્રસારની સામાન્ય પ્રક્રિયાઓ પૂરી કરીને સસ્તામાં છટકી જવાના છીએ. રચનાત્મક અને સંઘર્ષાત્મક આંદોલનોનો ભાર તો હવે પછીના લોકોને વહન કરવાનો છે. કોઈ પ્રબુદ્ધ માણસ નવનિર્માણના આ મહાન આંદોલનમાં ભાગીદાર બન્યા સિવાય રહી શકવાનો નથી. એવી કક્ષાના લોકો જો એમ કરવામાં ચૂકશે તો તેમને બહુ મોંઘું પડશે. રણમેદાન છોડીને ભાગી જતા ભાગેડુ સૈનિકોની જે દુર્દશા થાય છે; આપણા પણ એવા જ ખરાબ હાલ થશે. ઘણો લાંબો કાળ વીત્યા પછી યુગ પરિવર્તન થઈ રહ્યું છે. અનામત દળના સૈનિકો વરસો સુધી મોજમજા કરતા રહે અને કપરા સમયે પીઠ બતાવે એ વાજબી ના ગણાય. પરિવારના સભ્યોએ એકાંતમાં બેસીને પોતાની હાલત અને હકીકત વિષે વિચાર કરવો જોઈએ. તેઓ માત્ર ખાઈ ભોગવનાર જીવજંતુઓની હરોળમાં બેસવા માટે જનમ્યા નથી. તેમની પાસે જે આધ્યાત્મિક સંપત્તિ છે. તે અકારણ નથી. તેને ઈષ્ટ અને ઈચ્છિત પુણ્યકાર્યમાં વાપરવાનો સમય હવે આવી ચૂક્યો છે. તેથી તેમણે અગ્રેસર થવું જોઈશે.*

***– પં. શ્રીરામ શર્મા આચાર્ય***

## ઊલટાને ઊલટાવીને સીધું કરીએ

*જો માનસિકતામાં આદર્શવાદી ઉત્કૃષ્ટતાનો સમાવેશ કરવામાં નહીં આવે તો હાલત સુધરશે નહીં, ઊલટાની આફતો વધુ નજીક આવશે અને વધારે ભયાનક સ્વરૂપ ધારણ કરતી જશે. સમસ્યાઓનું સમાધાન ભલે આજે થાય કે એકહજાર વર્ષ પછી, પરંતુ એ એક જ ઉપાયથી શક્ય બનશે કે મનોદશામાં ફેલાયેલી અનિચ્છનીયતાઓને દૂર કરવામાં આવે અને એવા શક્તિશાળી વિચારોનો સમાવેશ કરવામાં આવે કે, જે અત્યારના કુપ્રભાવને પોતાની પ્રચંડ શક્તિથી ઊલટાવીને સીધો કરી શકે. વિચારક્રાંતિ અભિયાનનો સાર આ જ છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરિસ્થિતિઓનું નિર્માણ મનોદશાઓના સ્રોતમાંથી

દુનિયાની વ્યવસ્થાની વર્તમાન હાલત ઉપર નજર નાખવાથી જણાય છે કે, દુનિયા આજે વધી રહેલા પ્રદૂષણ, યુદ્ધની ઘેલછા, પરમાણુ વિકિરણ, વધી રહેલી ગુનાખોરી, બેફામ વસ્તીવધારો, પર્યાવરણ-સંરક્ષણ વગેરે અનેક સંકટો સામે ઝઝૂમી રહી છે. લોકો બીમારી, નબળાઈ, અજ્ઞાનતા, ગરીબાઈ વગેરેના ચક્કરમાં પીસાઈ રહ્યા છે. સમસ્યાઓ, મૂંઝવણો અને આફતો પોતપોતાની રીતે સૌ કોઈને પજવી રહી છે. સૌ કોઈ સ્નેહ અને સૌજન્ય માટે તરસે છે. ચિંતાઓ અને વહેમોએ લોકોના મનને ભયભીત બનાવી દીધાં છે. એ સિવાય પણ અશુભ અને અયોગ્ય કહી શકાય એવું બીજું ઘણુંબધું થઈ રહ્યું છે.

આ બધું શું કામ થઈ રહ્યું છે ? આ પ્રશ્ન ઉપર વિચાર કરનારાઓ ડઘાઈ જાય છે. આજના કહેવાતા પ્રગતિયુગના જમાનામાં જ્યારે વિજ્ઞાને કંઈ-કેટલાંય સાધનોની જોગવાઈ કરી આપી છે, ત્યારે એવી ઓછપ ક્યાંથી આવી પડી, જેના કારણે યોગ્ય-અયોગ્ય ગમે તે કરી છૂટવા માટે લોકોએ રઘવાયા થઈ જવું પડે છે ? જ્યારે બુદ્ધિવાદે ઘણાં બધાં રહસ્યો શોધી, તેનો તાગ મેળવી લીધો છે અને આધુનિક અર્થઘટનોનો ઢગ ખડકી દીધો છે ત્યારે સામાન્ય જનતાને કોઈ માર્ગભૂલેલા વણજારા જેવી યાતનામય રઝળપાટનો ત્રાસ કેમ વેઠવો પડે છે ?

ઉપલબ્ધિઓના દુરુપયોગમાં દુર્બુદ્ધિનું વર્ચસ્વ ઘણું વધારે છે. ન કરવા જેવા વિચારો કરવાની માનસિકતા બની ગઈ છે. નૈતિક મૂલ્યોના ઉપેક્ષા અને અનાદર થવા લાગ્યા છે. વધુ ઝડપથી વધુ વૈભવ મેળવવાની લાલસા એટલી ઉગ્ર બની ગઈ છે કે રાજમાર્ગ ઉપર ચાલીને મંજિલ સુધી પહોંચવાની કોઈની તૈયારી નથી. દરેક ઠેકાણે મનફાવતી કેડીઓ શોધવાની અને તેની ઉપર આંખો મીંચીને પાગલ માણસની જેમ દોટ મૂકવાની હોડ ચાલી રહી છે.

ઉપરના સંજોગોમાં, જે યોગ્ય હોય, એને છોડીને અધીરાઈભરી મનોદશામાં ગમે તે કરી છૂટવાની રીત ચલણમાં આવી ગઈ છે. આ ઘેલછામાં મનોદશા એવી થઈ ગઈ છે કે અનર્થ અપનાવ્યા સિવાય ચેન પડતું જ નથી. એમાં જ સૌને લાભ દેખાય છે અને એણે જ ઈષ્ટ બનીને એવી હાલત ઉત્પન્ન કરી છે કે જેમાં તાત્કાલિક લાભ સિવાય બીજું કશું સૂઝતું જ નથી. થોડા સમય પછી એનું પરિણામ શું આવશે ? એ વિષે શાંતચિત્તે વિચારવાની કોઈને ફુરસદ જ નથી. આ જ એ અર્ધપાગલપણું છે. જેની ચુંગાલમાં ફસાયેલ હોવાને કારણે નાના-મોટા દરેકને માથે પોતપોતાની રીતની ધૂન સવાર થઈ ગઈ છે. એને જ કારણે જે આફતો કે મુશ્કેલીઓ સિવાય બીજું કશું જ પેદા ના કરી શકે એવા અનાચારોને પણ અપનાવી લેવામાં આવ્યા છે.

હકીકતને વધારે સ્પષ્ટ કરવી હોય તો આજના સંઘર્ષોના ઉદ્ગમસ્થાનને 'મતિભ્રમ' કે 'આસ્થાસંકટ' તરીકે ઓળખી શકાય છે. આ જ એ ભ્રાંતિ છે, જેને કારણે અવળા પગે ઊલટી દિશામાં ચાલી નીકળવા જેવી હાલત બની ગઈ છે. વિચારો જ કાર્યના રૂપમાં પરિણમે છે, અને તેને કારણે સારી-ખરાબ પરિસ્થિતિઓ ઉત્પન્ન થાય છે, એ દેખીતું છે. જે કાંઈ ઊગે એ ધરતીની જ દેન હોય છે. એ પ્રમાણે જે પણ સંજોગો સામે આવે છે, તે આપણે અપનાવેલી કાર્યપદ્ધતિનું જ પરિણામ હોય છે.

એટલા માટે આપણા ભાગ્યના ઘડવૈયા આપણે પોતે જ છીએ, એ સનાતન સત્યને ધ્યાનમાં રાખીને એ જ તારણ નીકળે છે કે, વિકૃત મનોદશા જ એકમાત્ર કારણ છે; જેણે અસંખ્ય આફતોનું તોફાન ઊભું કરી દીધું છે. બાકી પ્રાચીનકાળમાં અપૂરતાં સાધનો હોવાં છતાંય લોકો હસતાં-રમતાં જીવન જીવતા હતાં; તો પછી હવે વિપુલ સાધનસગવડો હોવા છતાંય માણસને કંગાળ અને સમાજને વ્યગ્ર હાલતમાં દિવસો પસાર કરે રાખવાનું, એ સિવાય બીજું કોઈ કારણ હોઈ જ ના શકે.

આમ તો ઢગલાબંધ સમસ્યાઓનાં ઘણાંબધાં સમાધાનો વિચારી શકાય એમ છે અને એને માટે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કેટલાય ઉપક્રમો પણ ગોઠવી શકાય એમ છે. કેટલાય પંડિતો આવાં સંશોધનોમાં રચ્યા-પચ્યા પણ રહે છે પરંતુ જો ગંભીરતાથી વિચારીએ તો — કસ્તુરીમૃગ સુગંધ મેળવવા માટે આમતેમ ભટકે રાખે છે અને છેવટે નિરાશા અને થાકના બેવડા મારથી મરણને શરણ થાય છે. — એવી જ બાબત જણાશે. પરિસ્થિતિઓનું નિર્માણ મનોદશાના સ્રોતમાંથી થાય છે. — આવી નરી આંખે જોઈ શકાય તેવી બાબત પણ જો સમજી શકાઈ હોત, તો સમાધાન માટે આટલા બધા ધમપછાડા કરવાને બદલે તેનું મૂળ જ હાથમાં આવી ગયું હોત. જો વિકૃત વિચારોનો નાશ કરવાનું કાર્ય જ હાથ ધરવામાં આવે તો, જે માનવીય ગૌરવને બિલકુલ અનુરૂપ કે અનુકૂળ નથી, તે સઘળું બદલાઈ જશે.

હવે લોકમાનસની સુધારણાને સૌથી વધારે પ્રાથમિકતા આપવી જોઈશે, એ આજના સમયનો એક જ મહત્ત્વપૂર્ણ નિશ્ચય છે. વિચારક્રાંતિને તમામ ઉપલબ્ધિઓ કરતાં વધારે મહત્ત્વપૂર્ણ અને જરૂરી માનીને તમામ કુશળતાને માત્ર એક જ લક્ષ્યવેધ ઉપર કેન્દ્રિત કરવી જોઈએ. લોકમાનસને આ જ સાચા માર્ગે ચાલવા માટે સમજાવી શકાય તો અનેક આફતોનું સમાધાન માત્ર એક જ ઉપચારથી મળી ગયું એમ સમજી લેવું. જો શરીરનું ગુજરાન થોડા સમયના થોડા પરિશ્રમથી જ થઈ શકે એમ છે, તો પછી સોનાના ઢગલા જમા કરવાની લાલચ રાખવી એ કઈ રીતે યોગ્ય લેખાય ? આ વાત સમજવી અને સમજાવવી જોઈએ. વધારે ભેગું કરવું પોતાના માથે અસહ્ય બોજ લાદવો અને તેને વેંઢારવામાં તમામ ક્ષમતા ખર્ચી નાખવી, એ ભલા ડહાપણની નિશાની કઈ રીતે હોઈ શકે ? જો તેમને હકીકતનું ભાન કરાવીને ગમે તે રીતે કુટેવ છોડવા માટે સમજાવી શકાયા હોત તો માત્ર એટલાથી જ તે માણસનું, એના કુટુંબનું અને આડકતરી રીતે આખી દુનિયાનું હિત સાધી શકાયું હોત.

બીજી રીતે કહીએ તો મહાન પરિવર્તન લાવી શકનારી 'વિચારક્રાંતિ'ની રૂપરેખા આ જ છે. એનો ઉલ્લેખ 'લોકમાનસની સુધારણા' તરીકે પણ કરવામાં આવે છે. અનિચ્છનીય માન્યતાઓ અને કાર્યોને અટકાવવા માટે એ અનિવાર્યરૂપે જરૂરી છે. એ પાર પાડવા માટે આપણે સંકટના સંજોગોને પહોંચી વળવા માટે દાખવીએ, એવું મુક્ત સાહસ દાખવવું જોઈશે. માનવીય કરુણાના નાતે અભાવગ્રસ્તોની મદદ તો થવી જ જોઈએ; પરંતુ કાયમી સમાધાન તો જ્યારે આપણે પોતાના જોરે પોતાની સમસ્યાઓનો સામનો કરવાની હિંમત દાખવીશું, ત્યારે જ આવી શકશે.

આજના સંજોગોમાં માણસની હાલની માનસિકતાને ઢંઢોળીને જાગૃત કરવી, એ જ સૌથી મોટું દાન છે. લોકોને પોતાની ભૂલો સુધારીને, પોતાના ભાગ્યનું નિર્માણ કરવા માટેની હિંમત દાખવવા માટે સમજાવવા જોઈએ. વિચારક્રાંતિમાં આમ જ કરવામાં આવે છે. અનિચ્છનીયતાને વળગી રહેવાની હાલતમાંથી પીછો છોડાવવાની વાત સમજી શકાય એટલા ઊંડાણપૂર્વક અસ્પષ્ટ મનોદશામાં માઠાં પરિમાણોનો ચિતાર આપવામાં આવે છે. સુખદ સંભાવનાઓની નજીક પહોંચવા માટે ચાલી નીકળવાની હિંમત દાખવવા માટે કટિબદ્ધ થવાનો ઉત્સાહ જગાડવામાં આવે છે.

પોતાની સમસ્યાઓ માટે પોતાની જાતને જવાબદાર માનવાની અને જાતને સુધાર્યા પછી જ બીજા પાસેથી સહકારની અપેક્ષા રાખવાની વાત તો સમજાય તેવી છે. પરંતુ પોતાની પલાયનવૃત્તિને વળગી રહીને આવેલી મુશ્કેલીઓના દોષનો ટોપલો ગમે તેની પર ઢોળી દઈને ગમે તે રીતે મન મનાવી લેવું, એ કોઈ પણ રીતે વાજબી નથી. ઈશ્વર પણ જે લોકો પોતાની જાતને મદદ કરે છે, તેમની જ મદદ કરે છે. ભલે કોઈ હઠવાદી પોતાના પરાવલંબનના આધારે દિવાસ્વપ્ન સજાવતો રહે, પણ આ સત્યને નકારી શકાય એમ નથી. પાત્રતામાં, લાયકાતમાં, યોગ્યતામાં વધારો ના થઈ શકે તો ઉદાર પ્રબુદ્ધોનાં વરદાનો પણ અધવચ્ચેથી જ આવતાં અટકી જાય છે.

જેને સમજવા-સમજાવવા માટે સમજુ માણસોને સંમત કરવા એ વિચારક્રાંતિની પશ્ચાદ્‌ભૂમિકા છે; એવું સનાતન સત્ય આ જ છે. આજના યુગની સૌથી મોટી આવશ્યકતા આ જ છે. સુખ, શાંતિ તેમજ પ્રગતિના નિયમો અને સિદ્ધાંતો પણ એમાં જ સમાયેલા છે.

■■■■■■■■■■■■



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચારોની પ્રચંડ તાકાત અને પ્રતિક્રિયા

માણસની આંતરિક શક્તિઓમાં વિચારશક્તિનું સ્થાન મહત્ત્વનું છે. આ શક્તિ માણસમાં નવજીવન અને સત્પ્રેરણાનું સિંચન કરે છે. વિચારશૂન્ય માણસ લાશ સમાન હોય છે. તેનું ચૈતન્ય હણાઈ જાય છે. વિચાર એ માણસનો પ્રાણ છે, જીવન આપનારી શક્તિ છે. વિચારથી જ માણસનું વ્યક્તિત્વ નિખરે છે.

મહાનતા મેળવનારા બધા જ માણસોના મનમાં ઉચ્ચ આદર્શો તરફ આગળ વધવાની તીવ્ર ઈચ્છા હતી. તેમણે સમાજમાં ઉત્તમ આદર્શોની સ્થાપના કરવા માટે પોતાના વિચારોને કેન્દ્રિત કરીને એક જ દિશામાં પ્રયોજ્યા હતા અને સફળતા મેળવી હતી. આપણે પણ એવાં ઉન્નતિશીલ જીવનચરિત્રો વાંચવા જોઈએ. જ્ઞાન મેળવીને તેના થકી આપણા વિચારોને સુધારવા જોઈએ. સુધરેલા વિચારોમાં જીવનમાં પરિવર્તન લાવનારી અમોઘ શક્તિ સૂક્ષ્મરૂપે સમાયેલી હોય છે.

વિચાર-પરિવર્તન થવાથી માણસ વામનમાંથી વિરાટ બની જાય છે. વિચારોમાં મહાન જાદુ રહેલો છે. વિચારો આપણું પતન પણ કરે છે અને ઉત્થાન પણ કરે છે. તેથી દુઃખ અને નિરાશાના વિચારોને મનમાં ફરકવા પણ ન દેવા જોઈએ. માત્ર કલ્યાણકારી વિચારો જ કરવા જોઈએ. આશાજનક વિચારોમાં અદ્ભુત શક્તિ હોય છે. તમે તમારા મનમાં તમારું ભવિષ્ય ઉજ્જવળ છે એવો વિચાર કરી જોશો તો, તમારી ચારે બાજુ પ્રસન્નતા છવાતી દેખાશે અને જીવનનાં દરેક ક્ષેત્રોમાં તેનો વિલક્ષણ પ્રભાવ પડશે.

સુખ-દુઃખ, સ્વર્ગ-નર્ક, સારું-ખરાબ — બધાનો નિવાસ માણસના મનમાં જ હોય છે. માણસ પોતાના વિચારોને જે દિશામાં વાળી દે છે એની આસપાસના વાતાવરણમાં એવું જ પ્રતિબિંબ દેખાવા લાગે છે. તેનું કારણ માણસની અંદર જ રહેલું છે, બહાર નહીં. તમને સંસારમાં જે કાંઈ સુખશાંતિ જણાય છે, તે તમારી અંદરની સુખશાંતિ છે. જો આપણને સંસારમાં દુઃખ અને અશાંતિ જણાતાં હોય તો કારણ સ્પષ્ટ છે કે, આપણું મન અશાંત અને દુઃખના વિચારોનો ભોગ બનેલું છે. સુખ અને દુઃખ એ બીજું કશું નહીં, પરંતુ માણસના મનમાં આવતા વિચારોની પ્રતિક્રિયાનું પરિણામ જ હોય છે. લીલા ચશ્મા પહેરવાથી આપણને બધું લીલું જ દેખાય છે. તે જ રીતે માણસની અંદર જેવા વિચારોનું પ્રાધાન્ય હોય તેને સર્વત્ર તેવું જ દેખાય છે.

માણસને દૃશ્ય અને અદૃશ્યનું જ્ઞાન વિચારોથી થાય છે. સંસારમાં સારું કે ખરાબ જે કાંઈ છે તે સઘળું વિચારોની જ દેન છે. સંસારનું સાચું જ્ઞાન મેળવવા માટે વિચારશક્તિ જરૂરી છે. સુખી, સભ્ય અને સુસંસ્કૃત સમાજના નિર્માણ માટે શ્રેષ્ઠ વિચારો જરૂરી છે. માણસના મનમાં દરેક ક્ષણે પાણીના પરપોટાની માફક વિચારો આવતા હોય છે. સવાલ એ છે કે શું આ જ વિચારો માણસના જીવનની દિશા બદલી શકે છે ? ના, માત્ર મહાન ઉદ્દેશ્યો માટે ઉત્પન્ન થયેલા સ્થિર અને મક્કમ વિચારો જ અજોડ શક્તિ ધરાવતા હોય છે. માણસને નવી દિશા અને નવો ઉત્સાહ એનાથી જ મળે છે.

એક વિચારશીલ માણસ લાખો માણસોને માર્ગદર્શન આપી શકે છે. સાધનસંપન્ન ના હોય તેમ છતાંય વિચારશક્તિ ધરાવતો હોય એ માણસ ઉન્નતિ તેમજ પ્રગતિ કરી શકે છે. માણસ એમ વિચારે છે કે, વ્યાવહારિક જીવનમાં ધનની આવશ્યકતા હોય છે. તેનાથી જ માણસ ખુશ રહી શકે છે પરંતુ ધન હોવા છતાંય માણસના વિચારો જો વિકૃત હશે તો એ સુખી નથી થઈ શકતો. જો સુખશાંતિની ઈચ્છા હોય તો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપણે શ્રેષ્ઠ વિચારોની મૂડી એકઠી કરવી જોઈએ. સુખશાંતિ સંસારની કોઈ વસ્તુમાં નથી હોતી. ધનદોલતથી તો આપણે ક્ષણિક આનંદ મેળવી શકીએ છીએ. જો સનાતન સુખશાંતિ કે આનંદની ઇચ્છા હોય તો આપણે શ્રેષ્ઠ વિચારોની ઉપાસના કરવી જોઈશે અને તેની ટેવ પાડવી જોઈશે.

માણસના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ વિચારરૂપી બીબામાં ઢળીને જ થાય છે. માણસનું વ્યક્તિત્વ કેવું છે તેનો ખ્યાલ તેના વિચારો ઉપરથી આવે છે. માણસની અંદર સારા અને ખરાબ બંને પ્રકારના વિચારો રહેલા હોય છે. જ્યારે માણસ નિરાશામય અને અંધકારમય વિચારોની જાળમાં ફસાઈ જાય છે ત્યારે તેનાં સુખશાંતિ હણાઈ જાય છે. તેને દુનિયા નર્ક જેવી લાગવા માંડે છે. આવા વિચારો માણસની સુખશાંતિના દુશ્મન હોય છે. આવા વિચારોથી છુટકારો મેળવવાનો ઉપાય બીજે ક્યાંય નહીં, માણસની અંદર જ રહેલો હોય છે. ખરાબ વિચારોને દૂર કરીને તેની જગ્યાએ સારા વિચારો ધારણ કરવાનું શરૂ કરી દેવાથી માણસનું જીવન ઉત્કૃષ્ટ બની જાય છે.

માણસના આદર્શો જ સાચા અર્થમાં તેના જીવનનું નિર્માણ કરે છે. જીવનને ઉન્નત બનાવવા માટે આદર્શ વિચારોનો સંગ્રહ જરૂરી છે. માણસના અંતઃકરણમાંથી પ્રગટ થતી વિચારોની પાવન જ્યોતિ જ તેના માર્ગમાં પ્રકાશ પાથરે છે. આમ તો માણસના મનમાં અનેક વિચારો આવતા અને નાશ પામતા હોય છે, પરંતુ આદર્શ વિચારો જ માણસને મજબૂત બનાવે છે અને જીવનની દિશા બદલવા માટે સમર્થ હોય છે.

માણસે પોતાના ધ્યેય કે આદર્શ સુધી પહોંચવા માટે પોતાના સમગ્ર વિચારોને એમાં જ કેન્દ્રિત કરી દેવા જોઈએ કારણ કે છુટાછવાયા વિચારોનું કશું જ મહત્ત્વ રહેતું નથી. જે રીતે સાવરણાની અલગ સળીઓનો કોઈ અર્થ નથી, કોઈ ઉપયોગ નથી, તે રીતે વેરવિખેર વિચારોનું પણ કોઈ જ મહત્ત્વ નથી. જો લક્ષ્યની તરફ મન, વાણી અને કર્મનો સમન્વય કરીને આગળ વધીએ તો જ સફળતા મળે છે.

માણસ બધાં કાર્યો વિચારોથી પ્રેરાઈને જ કરતો હોય છે. આકાશમાં ઊડતું વિમાન હોકાયંત્રની સોયથી પોતાની દિશા નક્કી કરતું જાય છે અને સેંકડો માઈલ લાંબો રસ્તો પાર કરી જાય છે. વિચારો હોકાયંત્રની સોય જેવા છે. તે માણસને કઈ દિશામાં ચાલવાનું છે તેનો ખ્યાલ આપતા રહે છે. ભગવાને માણસને જ્ઞાન અને વિચારોની સંપત્તિ આપીને મોકલ્યો છે. વિચારો ના હોત તો માણસ રીંછવાનરોની માફક ભટકતો હોત. સંસારમાં જે કાંઈ સુંદરતા દેખાય છે, તે માણસના વિચારોનું જ પરિણામ છે. વિચારોની ઉપયોગિતા નિઃશંકપણે અજોડ છે.

વિચારોને જે દિશામાં વાળીએ તે દિશામાં પ્રગતિ થવા લાગે છે અને સફળતાનો માર્ગ મોકળો થતો જાય છે. આ જ વિચારોને જો ઈર્ષ્યા, દ્વેષ, નિરાશા, વૈમનસ્ય વગેરેમાં લગાડી દઈએ તો વિચારશક્તિ વેડફાઈ જાય છે અને માણસે તેનાં માઠાં પરિણામો ભોગવવાં પડે છે.

---

*ધૈર્યવાન અને ગંભીર માનસિક સ્તરના લોકો મોટા પ્રમાણમાં સત્તા, શક્તિ, વિદ્યા, કીર્તિ અને સંપદા પ્રાપ્ત થતાં કરડાકી કરતા નથી, પરંતુ પોત-પોતાની ઉપર આવી પડેલી જવાબદારીઓને ગંભીરતાથી સમજીને એથીય વધુ વિવેક, ધૈર્ય, દીર્ઘદૃષ્ટિ અને નમ્રતાથી કામ લે છે. જો ધન કે સત્તાનો દોષ હોત, તો તેનો સરખો પ્રભાવ પડત, પરંતુ આપણે જોઈએ છીએ કે સંસારમાં ઘણી એવી વ્યક્તિઓ છે જે ઘણાં સાધનો પ્રાપ્ત થવા છતાં પણ સૌથી વધુ જવાબદારી અને સજ્જનતાની સ્થિતિ જાળવી રાખે છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બધાં તાળાંની એક જ ચાવી – વિચારશક્તિ

જો આપણી વિચારવાની ઢબ સાચી હોત તો આજે માણસ અને સમાજ સામે દેખાતી અનેક સમસ્યાઓ દુઃખો અને પીડાઓમાંથી એકનું પણ નામોનિશાન ના હોત અને આપણે બધા ઈશ્વરના પાટવીકુંવરની માફક આનંદ, ઉલ્લાસ અને સુખશાંતિનું જીવન જીવતા હોત. દેવોને દુર્લભ એવા આ માનવજીવનને નર્કની યાતનાઓ ભોગવવાની ફરજ પાડનાર એક જ પરિબળ છે – બુદ્ધિની અવળી ગતિ.

આમ થવાનું કારણ શું ? જવાબ એક જ છે. માણસે પોતાની ખાનપાનની ટેવોને અકુદરતી અને અનિચ્છનીય રીતે પાળીપોષીને બીમારીને નોતરી લીધી છે. તેને પૈસા ચૂકવીને ખરીદી છે. દુનિયામાં ગરીબીનું દુઃખ વધારે છે. પોણાભાગના લોકો પોતે આર્થિક તંગીમાં ફસાયેલા હોય એવું અનુભવે છે. એનું એક કારણ રાજકીય નેતાઓમાં દૂરંદેશીતાપણાનો અભાવ તો છે જ. ઉપરાંત માણસની કઠોર પરિશ્રમથી ભાગવાની આરામપરસ્તીની, ઠાઠમાઠથી રહેવાની અને સામાજિક કુરિવાજોને વળગી રહેવાની ટેવ પણ એ મુશ્કેલી માટે ઓછી જવાબદાર નથી. જો લોકો પરસેવો પાડીને આકરી મહેનત કરવાની ટેવ પાડે તો આ ધરતી દસગણી વધારે નીપજ આપી શકે તેમ છે.

સામાજિક કુરિવાજો આપણા હાડમાંસ ચાવી ખાય છે અને નસ-નસ ઉપર ચોંટેલી જળોની માફક આપણને ગરીબાઈ સહન કરવા માટે મજબૂર કરે છે. હાલની લગ્નપ્રથાની જ વાત કરો. દરેક કુટુંબમાં વખતોવખત આવતા લગ્નપ્રસંગ માટે એટલા બધા પૈસા જોઈએ છીએ કે તેને માટે અસામાન્ય કમાણીનો વિચાર કરવો પડે છે. વિચાર જ નહીં, અમલ પણ કરવો પડે છે. આ એક જાતની લાચારી પણ છે. લગ્નમાં ઉડાવવા માટે આટલા બધા પૈસા આખરે લાવવા ક્યાંથી ? કેવી રીતે લાવવા ? એને માટે અનીતિ એ એક માત્ર રસ્તો બાકી રહે છે. આમને આમ આપણો સમાજ દિનપ્રતિદિન એ પાપના કીચડમાં ડૂબતો જાય છે.

ઉત્પાદનના નવા કીમિયા શોધવા એ અર્થશાસ્ત્રીઓના ફળદ્રુપ ભેજાની કમાલ છે. જેમને ભાગે એ બધું કરી છૂટવાની જવાબદારી છે, એમની નિષ્ઠાની રીતરસમો જોવા-સાંભળવામાં બહુ સારી લાગે છે. આઝાદી પછીનાં આટલાં બધાં વર્ષો ઉત્પાદન, કળાકૌશલ્ય અને કામધાની મસમોટી યોજનાઓ બનાવવાની અને તેનો અમલ થવાની મૃગતૃષ્ણામાં જ પસાર થઈ ગયા. જો લોકોને કઠોર પરિશ્રમની, કરકસરની, સાદાઈની અને કુરિવાજો ડામવાની પ્રેરણા આપવામાં નહીં આવે અને હાલની મનોવૃત્તિઓ આમને આમ ચાલતી રહેશે તો દેશમાંથી ગરીબી કે અપ્રમાણિકતા કદાપિ દૂર નહીં થઈ શકે. અનીતિનું ધન વ્યસનોમાં વેડફાતું રહેશે અને કુરિવાજો આપણને કંગાળ બનાવતા રહેશે.

જો કામચોરી, ભેળસેળ, આરામપરસ્તી, ઉડાઉ ખર્ચા અને કુરિવાજોની મૂર્ખામીનું લોકોને ભાન કરાવી શકે એવો કોઈ માર્ગદર્શક આ દુનિયામાં આવે અથવા એવી વિચારસરણી પ્રચલિત બને તો આપણો દેશ પાંચ વરસમાં ફરી પાછો એ જ હાલતમાં પહોંચી શકે તેમ છે, કે જે જોઈને કોલંબસની દાઢ સળકી હતી અને એ 'સોને કી ચીડિયા' જેવા ભારત દેશને શોધવા માટે તેણે લાંબી સાગર સફર ખેડી હતી.

આર્થિક તંગી એ આપણી માનસિક ગરીબાઈની પ્રતિક્રિયા કે પ્રતિબિંબ માત્ર છે. જ્યાં સુધી વિચારસરણી નહીં બદલાય ત્યાં સુધી આર્થિક નબળાઈ દૂર થવાની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આશા તરંગતુક્કા જેવી જ બની રહેશે. કુબેરભંડાર લઈને ઘેરઘેર સોનાના ઢગલે ઢગલા જમા કરી જતા કોઈ દેવદૂત કરતાં તો લોકોની અત્યારની ખામીભરેલી વિચારસરણીમાં ધરમૂળથી ફેરફાર કરી નાખે એવા અભિયાનને વધારે ગૌરવશાળી ગણવું જોઈએ. વ્યક્તિગત સમૃદ્ધિની વાત હોય કે પછી જાહેર સમૃદ્ધિની બાબત હોય — ઉપાય એક જ છે. લોકોના હાલના દૃષ્ટિકોણને બદલવો જોઈશે. આ પ્રક્રિયા ભલે આજે નહીં પણ હજાર વર્ષ પછી પૂરી થાય, પરંતુ આર્થિક તંગી નિવારવા માટે એટલો જ સમય રાહ જોવી પડશે.

જેણે આપણી વિચારપદ્ધતિને દૂષિત કરી નાખી અને આપણે દરેક વાતને અવળી રીતે વિચારવા લાગ્યા છીએ એ આપણી કમનસીબીની વાત શું કરવી ? પરિણામ જે આવવાનું હતું તે જ આવ્યું. લીલા ચશ્મા પહેરનારને બધું રંગીન જ દેખાય છે. દુર્બુદ્ધિમાં ઘેરાયેલું મગજ પોતાની ચારે બાજુ ભયાનક વિટંબણાઓને અટ્ટહાસ્ય કરતી જુએ છે અને ગભરાયા કરે છે. આપણા મનમાં ચિંતા, ભય, શોક, શંકા, નિરાશા અને ઉદ્વેગના એટલા બધા જ્વાળામુખી ફાટે રાખે છે કે આપણને આત્મહત્યા કરવાની ઇચ્છા થાય છે. આપણને દુ:ખનાં એ બધાં કારણો વાસ્તવિક લાગે છે. જ્યારે ખરેખર તો તેઓ તદ્દન આભાસી અને કાલ્પનિક જ હોય છે.

આવી બુદ્ધિનો એક નાનો શો દાખલો લઈએ. ઘણા લોકોને ત્યાં બાળકો કે પુત્રનો જન્મ થતો નથી. ખરેખર તો એવા લોકો ખૂબ સુખી અને નસીબદાર ગણાય. સંતાન પાછળ જેટલા પૈસા, પરિશ્રમ અને મનોયોગ ખર્ચવા પડે છે, એટલા જો કોઈ પરમાર્થ-પ્રયોજન પાછળ ખર્ચવામાં આવે તો તેનાથી અસંખ્ય લોકોને પ્રેરણા આપી શકે તેવી એક સેવાભાવી સંસ્થાનો વહીવટ સરળતાથી ચલાવી શકાય. આજકાલનાં સંતાનો મોટાં થઈને વડીલોને માત્ર ત્રાસ જ આપતા હોય છે. પોતાની સ્વતંત્ર કમાણીને પણ જો કોઈ સારા કાર્ય પાછળ ખર્ચવી હોય તો સંતાનો તેમ કરતાં અટકાવે છે. કોઈ એવી આશા રાખતું હોય કે છોકરા ઘડપણનો આધાર બની રહેશે, તો એ આશા ઠગારી નીવડે છે. કૂતરાઓ કોઈ પણ ઘેર થોડા ઘણા કામમાં ઉપયોગી થઈને ત્યાંથી રોટલી પામી લે છે. કૂતરાં સુધ્ધાં જો પુત્રનો આધાર રાખતા નથી તો પછી માણસનું — બેટા વગર બુઢાપો ના નીકળી શકે — એમ વિચારવું એ નરી મૂર્ખામી છે.

બીજી બાજુ આમ વિચારવું એ એટલું સંકુચિત છે કે, ઘૃણા થાય છે. પોતાના ધન, સમય અને મહેનતનો લાભ કોઈ પોતાના કહેવાતા છોકરાને જ મળી શકે. આમ વિચારનારાઓ દેશ, ધર્મ, સંસ્કૃતિ, સમાજ, ઈશ્વર વગેરેને સાવ ભુલાવી બેઠા હોય છે. જો એમ ના હોત તો તેઓ તેમની સમૃદ્ધિ એ બધાને સમર્પીને આત્મશાંતિનું યશસ્વી પગલું ભરી શક્યા હોત.

સમાજમાં અનેક અપરાધો વધતા જાય છે. ઠગાઈ, અનીતિ, ચોરી અને ગુંડાગીરીની એટલી બોલબાલા છે કે સાધારણ નાગરિક માટે પોતાનું રક્ષણ કરવું મુશ્કેલ થઈ પડ્યું છે. ખૂબ આકરી સજા અને લશ્કરીશાસન જેવાં કઠોર નિયંત્રણોથી એને રોકવાનું શક્ય છે. બાકી લોકશાહી શાસનવ્યવસ્થામાં તમાશો જોઈને બેસી રહેનારા પોલીસ, જેલ કે કોર્ટ એને અટકાવી શકે તેમ નથી. આ ભયાનકતા હાલની ધનને માન અને મહત્ત્વ આપનારી વિચારસરણીમાં ફેરફાર કરીને જ રોકી શકાય એમ છે.

માણસનું ગૌરવ-કર્તવ્ય અને આદર્શવાદી પરંપરાઓ અપનાવવામાં રહેલું છે. પોતાની અને બીજાની બધી પ્રગતિ સદાચાર અને સહયોગ ઉપર આધારિત છે. અપ્રમાણિકતાની કાર્યશૈલી આકરી હોય છે અને એનો લાભ પણ અચોક્કસ હોય છે. એની સરખામણીમાં નીતિનો માર્ગ સરળ પણ છે અને ચોક્કસ લાભ આપનારો પણ છે. જો આ હકીકત સાબિતી અને દાખલા-દલીલો સહિત લોકોને સમજાવી શકાય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો પોતાના હિતને સમજી શકનારો માણસ અનૈતિક અને અપરાધી કાર્યપદ્ધતિઓનો ત્યાગ કરીને સજ્જનતાના માર્ગે ચાલવા લાગે છે. આમ થાય તો પ્રેમ, સદ્‌વ્યવહાર અને સહકારથી ભર્યોભાદર્યો સમાજ સ્વર્ગીય સુખશાંતિનો આધાર બની શકે તેમ છે.

આપણું ઘર કે કુટુંબ એ રાજ્યવ્યવસ્થા કે સમાજના એક નાના સ્વરૂપ જેવું હોય છે. આ પ્રયોગશાળામાંથી સજ્જનતા, સહકાર, ઉદારતા, સદ્‌ભાવના અને વ્યવસ્થાના શિક્ષણની શરૂઆત થાય છે. કુટુંબનો સમૂહ એટલે દેશ અને દેશનો સમૂહ એટલે દુનિયા. કુટુંબમાં સમરસતા જાળવવાનો પ્રયત્ન એ આવનારા દિવસોમાં આખી દુનિયાને સુખી બનાવવા અને સુધારવા માટે ખૂબ મહત્ત્વનો પ્રયોગ છે. ઘરના દરેક સભ્યને પોતાના મર્યાદિત સ્વાર્થની ચિંતા હોય છે. પોતાનાં કાર્યોની આખા કુટુંબ ઉપર શું અસર પડશે એ વિષે મોટેભાગે ખાસ ધ્યાન આપવામાં આવતું નથી. અત્યારે ઘરમાં નાનુંસરખું સ્વર્ગ સ્થપાતું નથી અને દરેક સભ્ય લાગ આવતાંવેંત જ એ કેદખાનામાંથી ભાગી છૂટવાનું વિચારતો હોય છે. એની પાછળ આ જ કારણ છે. આ ચિંતાજનક હાલતનો ઉકેલ એક જ હોઈ શકે. તે એ કે — ઘરના દરેક સભ્યને કપડા કે ખોરાકની માફક શરૂઆતથી જ ઉત્કૃષ્ટ વિચારધારાનો ખોરાક પણ મળતો રહેવો જોઈએ અને દરેક કુટુંબમાં એવી વ્યવસ્થા અનિવાર્યરૂપે થવી જોઈએ. મનનો વિકાસ સાધી શકે તેવા વિચારોનાં સાધનો કે સંજોગો જો ઘરમાંથી નહીં મળી રહે તો અતૃપ્ત આત્માવાળા લોકો ઉચ્ચ બાબતો વિચારી જ નહીં શકે અને હલકો દૃષ્ટિકોણ ધરાવતા લોકો ક્યારેય કોઈના સાચા મિત્રો બની શકતા નથી.

જો માણસ પોતાની વિચાર-પ્રણાલી ઉપર કાબુ મેળવી લે તો તેની શક્તિ, પ્રગતિ અને સમૃદ્ધિ દરેક રીતે તેના પોતાના હાથમાં અને સુરક્ષિત રહેશે. યુગનિર્માણ યોજનાના ઉપક્રમે ચાલતા વિચારક્રાંતિ અભિયાન અને જ્ઞાનયજ્ઞનો આ જ ઉદ્દેશ્ય છે. માણસ અને સમાજની સુખશાંતિ અમારા આ અભિયાનની સફળતા ઉપર અવલંબે છે. જો આ હકીકતને બરાબર સમજી લેવામાં આવે તો, સૌ કોઈને — મૂળને સીંચવા જેવો વિશ્વશાંતિનો આ એક જ ઉપાય છે અને અમારું સંગઠન એ ઉપાયનો અમલ કરવા-કરાવવામાં જ કાર્યરત્ છે — એનો અનુભવ થઈ જશે. લોકો આજે ભલે એની ઉપયોગિતા અને મહત્ત્વ કદાચ ના સમજે પરંતુ આગામી દિવસોમાં જ્યારે માનવજાતિની ચડતી-પડતીની સૂક્ષ્મ છણાવટ કરવામાં આવશે ત્યારે સંશોધકો અને સમીક્ષકોને એકમતે એ સ્વીકારવું પડશે કે, વિકૃતિઓ અને મૂંઝવણોના આ યુગમાં વિકૃત વિચારસરણીનો વધારો એ જ બધી આફતોનું મૂળ હતું અને એને સુધારવા માટે માત્ર એક જ પ્રયોગ દ્વારા વ્યવસ્થિત ઢબે કાર્ય થયું હતું અને આ પ્રયોગનું નામ હતું — યુગ નિર્માણ યોજના દ્વારા સંચાલિત જ્ઞાનયજ્ઞ.

---

*આપણી ટેવોમાં સુધારો, સ્વભાવનું નિર્માણ, દૃષ્ટિકોણમાં શુદ્ધિ કરવી એ જીવનવિદ્યાનું આવશ્યક અંગ છે. હલકી ટેવો, લુચ્ચો સ્વભાવ અને હલકા દૃષ્ટિકોણવાળી કોઈ વ્યક્તિ સભ્ય ગણાતી નથી. તેને કોઈનો સાચો પ્રેમ અને ઊંડો વિશ્વાસ મળી શકતો નથી. એના અભાવમાં એ હંમેશાં હલકો જ રહેશે. કોઈ મોટી સફળતા એને ક્યારેય મળી શકશે નહીં. કહેવાય છે કે 'મોટા માણસ હંમેશાં વિશાળ હૃદય અને ઉચ્ચ વિચારોવાળા હોય છે.' અહીં લંબાઈ - પહોળાઈનો અર્થ નથી. પરંતુ દૃષ્ટિકોણની ઊંચાઈનો જ અભિપ્રાય છે. જેને જીવનથી પ્રેમ છે તે પોતાની જાતને સુધારે છે, પોતાના દૃષ્ટિકોણને શુદ્ધ કરે છે. પરિણામે તેની વિચારવાની અને કામ કરવાની રીત એવી બને છે કે જેના આધારે મહાનતા પ્રત્યેક દિવસે તેની નજીક આવતી જાય છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચારક્રાંતિની પશ્ચાદ્ભૂમિકા અને પાયો

રાષ્ટ્રીય અને સામાજિક પ્રગતિના મૂળમાં વિચારશીલ માણસોનો આધારભૂત ફાળો રહેલો છે પરંતુ તેમણે જ્યારે પોતાના અંગત સ્વાર્થોને તિલાંજલિ આપી દીધી ત્યાર પછી જ તેઓ આ મહાન સાધના કરી શક્યા હતા. જીવન ગુજરાનના જરૂરી પ્રયાસોને અંગત સ્વાર્થ ના કહી શકાય પરંતુ જ્યારે માણસ માત્ર પોતાનાં સુખસગવડને જ પ્રાધાન્ય આપવા લાગે, ભોગવિલાસથી ભરપૂર જીવન જીવવા લાગે અને તેના માટે બૌદ્ધિક શક્તિનો દુરુપયોગ કરવા લાગે ત્યારે એકલા સમાજને જ નહીં, પરંતુ વ્યક્તિગત રૂપે તેને પોતાને પણ નુકસાન થાય છે.

પ્રાચીનકાળમાં ઋષિજીવનની ચોક્કસ મર્યાદાઓ હતી. સમાજના મસ્તક તરીકે ઓળખાતા આ વર્ગના લોકો પોતાના ઘરમાં આવતીકાલનું અનાજ પણ રાખતા ન હોતા. અપરિગ્રહ — વ્રતનું આવું કઠોર પાલન કરનારા ઋષિઓને શું કોઈ તંગી વેઠવી પડતી હતી ? ના, સમાજનો દરેક માણસ પોતાની આવકમાંથી તેમનો ચોક્કસ ભાગ રાખી મૂકતો હતો. પરંતુ જ્યારથી ઋષિ-પરંપરાનો અંત આવ્યો ત્યારથી દુકાનોમાંના બનાવટી સામાનની જેમ આ વર્ગમાં પણ નકલી માણસોનો વધારો થયો. એનાથી લોકો દિશા ચૂકી ગયા. જનતાનું શોષણ થવા લાગ્યું. પરિણામસ્વરૂપ જનતાએ પણ નૈતિક નિયમોની ઉપેક્ષા કરવાનું શરૂ કર્યું. સમાજ દેવતા પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિભાવમાં એના કારણે જે પંગુતા આવી તેનું ફળ હજાર વર્ષની ગુલામીના રૂપે ભોગવવું પડ્યું.

તાજેતરના ભૂતકાળમાં થોડાક દસકા પહેલાં થયેલા સ્વાતંત્ર્ય-સંગ્રામમાં વિચારશીલોએ પોતાની ભૂલને સમજીને સુધારી લીધી અને સાચી દિશામાં પ્રયત્નો કર્યા. તેમણે જનજાગૃતિ માટે પ્રયત્નો કર્યા અને પ્રજાને પાનો ચઢાવવા માટે સંઘર્ષ કરતા રહ્યા. તેથી ત્યાર બાદ એનાં સુખદ પરિણામો પણ મળ્યાં. સ્વતંત્રતાપ્રાપ્તિ એ તો માત્ર એક પડાવ છે. અંતિમ લક્ષ્ય, મંજિલ તો હજી દૂર છે. હજી ઘણું કરવાનું બાકી છે. જેમ કે સામાજિક પરિવર્તન, કુરિવાજો અને કુપરંપરાઓનો નાશ જેવાં ઘણાંબધાં લક્ષ્ય એવાં છે કે જેમને પાર પાડ્યા સિવાય દેશ સુખી અને ઉન્નત નહીં બની શકે.

આઝાદી મેળવ્યા પછી વિચારશીલ માણસો ફરી પાછા ઘેનમાં સરી પડ્યા છે અને સ્વાર્થલાલસામાં ઘેરાઈ ગયા છે, એ દુઃખદ પાસું છે. આ કોઈ શુભ લક્ષણ નથી. જો આ તંદ્રાને વેળાસર તોડવામાં નહીં આવે તો આનાથી પણ વધારે માઠાં પરિણામો ભોગવવાં પડશે. દરેક દેશમાં થતાં પરિવર્તનોમાં બુદ્ધિજીવીઓની ભૂમિકા ખૂબ મહત્ત્વની હોય છે, એ અગાઉ કહેવાઈ ગયું છે. આદિકાળથી માંડીને આજ દિન સુધી સમાજવ્યવસ્થા, રીતરિવાજો અને પ્રથાપરંપરાઓ વગેરે નીતિનિર્ધારણ અને તેનું સંચાલન હંમેશાં પ્રબુદ્ધ માણસોના હાથમાં જ રહ્યું છે. પ્રબુદ્ધ માણસોની મનોદશા કેવી છે ? તેમની સફળતાનું સ્વરૂપ કેવું છે ? બુદ્ધિજીવીઓનો ઝોક કઈ બાજુ રહ્યો છે ? — આ બધી બાબતોના અધ્યયનથી આવનાર પરિવર્તનોના પરિણામની સંભાવનાનો અંદાજ આવી શકે છે.

માણસ વિવેચન અને વિશ્લેષણ (ચર્ચા અને અવલોકન)ના રૂપમાં જ પોતાની શક્તિનો સાર્થક અને નિરર્થક ઉપયોગ કરી શકે છે, એ નિર્વિવાદ સત્ય છે. જેઓ બૌદ્ધિક દૃષ્ટિએ વધારે પ્રતિભાશાળી હોય છે એવા લોકો જ આવા ઉપયોગની આગેવાની લેતા હોય છે. એટલા માટે વિચારશીલ માણસોએ પોતાના સ્થાન અને કક્ષા પ્રમાણે પોતાની જવાબદારી સમજવી જોઈએ અને પોતાની આજુબાજુના વાતાવરણ, લોકમાનસના ઘડતર, લોકોની રહેણીકરણી અને રીતરિવાજોનો અભ્યાસ કરવો જોઈએ અને પોતાના કર્તવ્યનું પાલન કરવું જોઈએ, જેથી કરીને સમાજમાં સુખદ પરિવર્તનો લાવી શકાય. એની ઉપર જ વિચારક્રાંતિની વ્યાપક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સુધારણાની, પરિવર્તનની આધારશિલા મૂકી શકાશે.

**વિચારક્રાંતિનું તત્ત્વજ્ઞાન :**

ક્રાંતિનું સાતત્ય એ જ ધર્મ છે. આપણે આપણા વિકાસ માટે આપણા જીવનના માધ્યમથી જ આપણા ધાર્મિક હોવાનું પ્રમાણ આપવું પડશે. સામાજિક આદર્શને વરેલા માણસો આદર્શ અને વાસ્તવિકતા એ બે વ્યવસ્થાઓ વચ્ચેના સંઘર્ષમાં વિશ્વાસ રાખતા હોય છે, જે બધા ધર્મોનો સાર છે. જરૂરી પરિવર્તન અને સંઘર્ષનો આ ક્રાંતિકારી ક્રમ નિરંતર ચાલતો જ રહે છે. બુદ્ધે સંસારનાં દુઃખ અને યાતનાઓ જોઈને તેમને દુનિયામાંથી નાબૂદ કરવાનો પ્રયત્ન કર્યો. તેમણે તેની ઉપેક્ષા કે વ્યાખ્યા માત્ર નહોતી કરી, પરંતુ એક પાકા ક્રાંતિકારીની માફક તેની ઉપર વિજય મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. ઈસુએ અનુભવ્યું કે સ્વર્ગનું સામ્રાજ્ય આ સંસારનો સામનો કરવા તોળાઈ રહ્યું છે. સેન્ટ પોલની નજરમાં આ દુનિયાની શક્તિઓ આત્માની શક્તિઓ કરતાં ઓછી છે. આઈન્સ્ટાઈનની નજરમાં ભૌતિક શક્તિ પરમાત્માના નગર સામે યુદ્ધ કરી રહી છે. આત્મશક્તિની સ્થાપના માટે દુન્યવી શક્તિઓ પડકારરૂપ છે. આ બધાં સત્યો માણસ એની કસોટી કરે અને આંદોલનનો ઉપક્રમ અપનાવે એટલા માટે તેનું આહ્વાન કરી રહ્યા છે.

પરમાત્મા પોતે પણ એક સૌથી મોટા ક્રાંતિકારી છે. તે સર્જનહાર અને પાલનહાર હોવા ઉપરાંત તેના વિનાશક પણ છે. સર્જન અને વિનાશ બંને દૈવી શક્તિના અન્યોન્યાશ્રિત ગુણો છે. જો કોઈ નવી અને હોય એના કરતાં સારી વ્યવસ્થા ઊભી કરવી હોય તો જૂનીને છિન્નભિન્ન કરી નાખવી પડશે. આપણે માત્ર આધ્યાત્મિક જગતમાં જ નહીં પરંતુ સામાજિક, ઔદ્યોગિક અને રાજનૈતિક દુનિયામાં પણ એવી ઘણી પરંપરાઓથી ઘેરાયેલા છીએ જે ક્યારેક જીવંત હતી, પરંતુ હાલમાં મૃતઃપ્રાય થઈ ચૂકી છે. હવે માત્ર સરકારી ઉપાયોથી કામ ચાલે તેમ નથી. અત્યારે જરૂર એક ક્રાંતિકારી પરિવર્તનની, મૂળભૂત ફેરફારની, મોટી ઊથલપાથલની છે. થોડોઘણો પાક ઉગાડવા માટે પણ જમીન ખેડવી પડે છે. ઇચ્છિત ફળ મેળવવા માટે પણ સમાજનું બૌદ્ધિક, નૈતિક અને ભૌતિક એમ ઘણું ખેડાણ કરવું જરૂરી બને છે. જેને આપણે બળવો કે ક્રાંતિ કહીએ છીએ તે જ આવી ખેતીનાં સાધનો છે અને તેનાથી જ પ્રગતિ થાય છે. સમય સાથે તેનું સ્વરૂપ ભલે બદલાતું રહેતું હોય, પરંતુ વ્યાપક પરિવર્તન માટે એ નિતાંત આવશ્યક છે. ઊલટાની કુદરતી અદશ્ય શક્તિઓ એને માટે એક સમતોલ વ્યવસ્થાની જોગવાઈ પણ કરી રહી છે.

અત્યાર સુધીના બધા સુધારા અને આંદોલનો પાખંડના પ્રણેતા દુષ્ટ તત્ત્વો સામે મોરચો માંડનારા, બળવાખોર અને ક્રાંતિકારી માણસો દ્વારા જ થયેલા છે. તેઓ જ ધર્મ કે વિજ્ઞાનને નવા આયામ આપે છે. તેઓ જ નવા બંધારણની રચના કરે છે. ધર્મ પોતાની મહાન શક્તિના માધ્યમથી હંમેશાં આ મહત્ત્વપૂર્ણ કાર્ય કરતો આવ્યો છે. ઈસુએ પુરોહિતોના પાખંડ સામે રાજાશાહી રોમનોની વિકૃત પરંપરાઓ સામે અને પોતાના જમાનાના રૂઢિવાદ અને ભ્રષ્ટાચાર સામે બળવો પોકાર્યો હતો.

આવા મહાન નેતાઓને બળ અને પ્રેરણા આપનારો સામાજિક આવેશ, ધાર્મિક ઉત્સાહથી અલગ નથી. ઊલટાનું એને તો ધાર્મિકતાનું સ્વાભાવિક પરિણામ કહેવું જોઈએ. સાચી ધાર્મિક ચેતના કદાપિ અનીતિ, અત્યાચાર કે અન્યાય સહન કરી શકતી નથી. ધર્મગુરુઓ, પયગંબરો કે મહાપુરુષોનો આત્મા અન્યાય કે અત્યાચાર જોતાંવેંત જ ભડકી ઊઠે છે. આવા લોકોએ જ માનવતાના પ્રાણતત્ત્વ ઉપર ઊંડો પ્રભાવ દાખવ્યો છે.

આપણે સામાજિક રુચિના માણસો છીએ. માત્ર એટલા માટે જ એવો સાર નથી નીકળતો કે આપણે આધ્યાત્મિક ક્ષેત્રથી દૂર રહેવું જોઈએ. આધ્યાત્મિક જાગૃતિ અને સામાજિક નિપુણતા બંને માત્ર સહગામી જ નહીં પરંતુ અન્યોન્યના પૂરક પણ છે. આધ્યાત્મિક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાસાની અવગણના કરવી એ આપણી સુપેરે કાર્ય કરવાની ક્ષમતાને મર્યાદિત કરવા સમાન છે. જ્યાં સુધી માનવતા કઠોર, દૂષિત કે ઉતરતી કક્ષાની છે ત્યાં સુધી તેને ઓગાળીને અન્ય બીબાંમાં ઢાળી નહીં શકાય. ઈશ્વરમાં વિશ્વાસ રાખનારાઓની શ્રદ્ધા જ એ પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે કે, જેના પ્રભાવથી પાષાણહૃદયી માણસ પણ બીજાનું દુઃખ જોઈને પીગળી ઊઠે છે. આવી ભાવના જ ઉદ્દેશ્યપૂર્ણ ક્રાંતિ કરાવી શકે છે અને કરાવતી રહી છે. વિચારક્રાંતિનું તત્ત્વજ્ઞાન આ જ છે. તેની પ્રાણઊર્જા આવતીકાલના બદલાયેલા સમાજના જીવનનો આધાર બની રહી છે.

સ્વામી વિવેકાનંદે હૉર્વડ વિશ્વવિદ્યાલયની સ્નાતક દર્શન પરિષદમાં વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે, જે વ્યવહારિક હોય, જેનામાં સમાજનું માર્ગદર્શન કરવાની ક્ષમતા હોય એ જ સાચું તત્ત્વજ્ઞાન છે. બાકી બધી માત્ર વિચારધારાઓ જ છે. લિબનિઝ, કાન્ટ, હેગલ, સ્પિનોજા વગેરેએ પોતાના ઈશ્વરસંબંધી વિચારો, અભિપ્રાયો વ્યક્ત કરેલા છે પરંતુ તેથી તેમને વિચારક કહી શકાય, ફિલસૂફ નહીં. જ્યાં તત્ત્વજ્ઞાન હોય છે, ત્યાં ક્રાંતિ થાય છે, આમૂલ પરિવર્તન થાય છે. જ્યારે વિશિષ્ટ ધારા માત્રા થોડાક અનુયાયીઓ ઊભા કરી શકે છે, કોઈ નવો સમાજ કે નવી વ્યવસ્થા ઊભી કરી શકતા નથી.

એક સમય હતો જ્યારે આખી દુનિયામાં માર્ક્સવાદની બોલબાલા હતી. એમાં અર્થતંત્રને લગતી એટલી મજબૂત વિચારધારા પ્રસ્તુત કરવામાં આવી હતી કે, તેનાથી દુનિયામાં ક્રાંતિ ફેલાઈ ગઈ. દુનિયાના અડધા ઉપરાંતના દેશો તેને સ્વીકારવા માટે મજબૂર થઈ ગયા. એના આધારે એ દેશોમાં એક નવી સમાજવ્યવસ્થાનો જન્મ થયો, જે સમાજવાદી સમાજવ્યવસ્થાના નામે પ્રસિદ્ધ થઈ. જ્યારે ઈસુનું તત્ત્વજ્ઞાન હૃદય સોંસરવું ઊતરી ગયું ત્યારે જ દુનિયામાં ખ્રિસ્તી ધર્મ ફેલાયો. રૂસો પણ એક ફિલસૂફ હતા. સ્વતંત્ર વિચારસરણી ધરાવતી રાજાશાહીના જમાનામાં એમણે જ્યારે રાજા અને સામંતોની આપખુદી અને તાનાશાહી જોઈ ત્યારે એની અંદરનો ફિલસૂફ જાગી ઊઠ્યો અને એક નવી વ્યવસ્થા 'લોકશાહી'ની સ્થાપના કરી. જે જમાનાની આ વાત છે, એ દિવસોમાં જ્યારે એની સર્વપ્રથમ રજૂઆત થઈ ત્યારે લોકોએ તેની ખૂબ મજાક ઉડાવી હતી. કહ્યું કે, 'આને ફિલોસોફી નહીં પરંતુ ગાંડપણ કહેવાય.' લોકો જ લોકો ઉપર શી રીતે શાસન કરી શકે ? પરંતુ આજે એ જ ગાંડપણ આખી દુનિયા ઉપર કેટલું વર્ચસ્વ ધરાવે છે – એ સૌ કોઈ જાણે છે. એ એક ફિલસૂફ અને તેની ફિલોસોફીની તાકાત છે. આવી વિચારચેતનાએ જ્યાં પણ જન્મ લીધો છે, તેણે ત્યાંની સુષુપ્તિ અને તંદ્રાને ભગાડી મૂકી છે.

બુદ્ધ પોતાના સમયના સશક્ત વિદ્વાન હતા. જ્યાં વિદ્વત્તા જન્મે છે, ત્યાં વિદ્વાનનો અવતાર થાય છે. પૃથ્વી ઉપર આવા વિદ્વાનો અવતાર લે છે ત્યારે સમાજના સડેલા-ગળેલા માળખાનો જિર્ણોદ્ધાર થઈ જાય છે. તેમાં નવી ચેતના, નવી વ્યવસ્થા, નવી સ્ફૂર્તિ અને નવા ઉમંગનો સંચાર થાય છે. આ વિદ્વાન અને તેની વિદ્વત્તાની તાકાત છે. તત્ત્વજ્ઞાન એમાંથી જ જન્મે છે. બુદ્ધે જ્યારે પોતાના સમયનું નિરીક્ષણ કર્યું ત્યારે તેને ખૂબ ગ્લાનિ થઈ. તે જમાનાના કુરિવાજો પ્રત્યે તેમને એટલો તિરસ્કાર થયો કે તેમણે સમાજને એક નવું સૂત્ર આપ્યું, 'બુદ્ધં શરણં ગચ્છામિ.' તેમણે બુદ્ધિના, વિવેકના, સમજણના શરણમાં આવવાનું આહ્વાન કર્યું 'સંઘં શરણં ગચ્છામિ.' સમાજની સેવા સંગઠિત થઈને જ કરી શકાય. બધા સંગઠિત થઈને કામ કરો. બધા એકસૂર થઈ જાવ. અલગ અલગ રાગ આલાપવાનું બંધ કરો. 'ધમ્મં શરણં ગચ્છામિ.' આજનો સૌથી અગત્યનો, સૌથી મુખ્ય ધર્મ સમાજસેવા છે. એમણે એને સમજીને અપનાવવાનો સૌથી પહેલો પાઠ ભણાવ્યો. તેનો ઉપદેશ આપ્યો.

આવી બૌદ્ધ ફિલસૂફીને કારણે જનચેતનામાં અસાધારણ ઊથલપાથલ મચી ગઈ. ઉત્તર અને પૂર્વ ભારત તેનાથી એટલી હદે પ્રભાવિત થયા કે તેની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અસર આજે પણ જોઈ શકાય છે. આવો ચમત્કાર કરી દેખાડે તેને વિદ્વાન કે ફિલસૂફ કહેવાય. ફિલસૂફો વિચાર નહીં, પરંતુ ફિલસૂફી (તત્ત્વજ્ઞાન) આપે છે. એક એવી ફિલસૂફી કે જે લાંબા સમય સુધી સમાજને માર્ગદર્શન આપતી રહે છે, સમસ્યાઓના ઉકેલ આપતી રહે છે. મૂંઝવણોમાં ઘટાડો કરતી રહે છે. પ્રાચીન ભારત આવા માણસોથી સમૃદ્ધ હતું. તેઓ ઋષિઓ કહેવાતા. તેમણે ભારતીય સંસ્કૃતિને સમૃદ્ધ વિચારો અને સર્વાંગી ફિલસૂફી આપ્યાં છે. આ ફિલસૂફીએ આ ધરતી ઉપર એટલા બધા મહાન માનવો, અવતારો, યુગપુરુષો, સમાજસુધારકો, ઋષિઓ અને વિદ્વાનોને જન્મ આપ્યો કે એ દેવભૂમિ તરીકે ઓળખાવા લાગી. તેની સરખામણી સ્વર્ગ સાથે થવા લાગી.

'વ્હોટ ઈજ ફિલોસોફી ?' નામના પુસ્તકમાં મૂર્ધન્ય વિચારક ફ્રેંક થિલીએ આ વિષે વિચારો રજૂ કર્યા છે. જે તત્ત્વજ્ઞાનમાં જીવન જીવવાની કળા ના હોય, જે માણસના ઘડતરની પ્રક્રિયાનો ખ્યાલ ના આપી શકતું હોય અને જેમાં અધોગતિથી પ્રગતિ તરફ જવાનો માર્ગ ના સૂચવાયો હોય એ તત્ત્વજ્ઞાન ના હોઈ શકે. તેમના કહેવા પ્રમાણે તત્ત્વજ્ઞાનમાં માણસને તેના જીવનધ્યેય સુધી પહોંચાડવા જેટલી તાકાત હોવી જોઈએ. આ બાબતે તેમના વિચારો ભારતીય અધ્યાત્મશાસ્ત્ર સાથે બિલકુલ મળતા આવે છે. ખરેખર તો ભારતીય અધ્યાત્મશાસ્ત્રમાં જ માણસને તેના જીવનના પરમધ્યેય સુધી પહોંચાડવાની ક્ષમતા રહેલી છે પરંતુ થિલીના મતાનુસાર આજે આપણું અધ્યાત્મશાસ્ત્ર પશ્ચિમી વિચારસરણીના પ્રભાવમાં હોવાને કારણે એ પણ અસહાય થઈ ગયું છે. આજે તે માત્ર કહેવા સાંભળવાનો અને માનસિક વિલાસનો વિષય બનીને રહી ગયું છે.

આવી હાલતમાં અધ્યાત્મને જીવનમાં ઉતારવાની ખાસ જરૂર છે. જેનાથી લોકોને હૈયાધારણ આપી શકાય કે, તેમાં કોઈ જ નુકસાન નથી નર્યો ફાયદો જ છે. આ કામ શાંતિકુંજના સૂત્રધારોએ ખૂબીથી પાર પાડ્યું છે. હાલનું 'વિચારક્રાંતિ આંદોલન' એ તેનું જ પરિણામ છે. એ ફિલસૂફી ઉપર આધારિત 'યુગ નિર્માણ યોજના' અને 'પ્રજ્ઞા અભિયાન' ધીમી પણ મક્કમ ઝડપે પોતાનો વ્યાપ વધારી રહ્યા છે. આગામી દિવસોમાં એ વિશ્વવ્યાપી બનીને પોતાનો 'યુગ પરિવર્તન'નો મુખ્ય હેતુ પાર પાડશે, એવો આપણે સૌએ વિશ્વાસ રાખવો જોઈએ.

---

*પહેલાના સમયમાં કેવળ સાત ઋષિઓ હતા અને તેઓ સમગ્ર સંસારના સાત દ્વીપોનું એક-એક કરીને સમગ્ર નેતૃત્વ સંભાળતા હતા. તેઓ જેવું કહેતા તેવું કરતા પણ હતા. તેઓ વાણીથી નહી ક્રિયાથી બધાને કરી બતાવતા. જે બતાવવા માગતા હતા અને કરાવવા માગતા હતા એને એમણે મન, વચન અને કર્મમાં સારી રીતે ઊંડે સુધી સમાવિષ્ટ કરી લીધું હતું. આ સમન્વય જ એમની પ્રભાવશીલતાનો એકમાત્ર આધાર હતો. વિદ્યા અને પ્રતિભાનું પણ મૂલ્ય છે, પરંતુ જ્યાં સુધી જીવનક્રમ બદલી નાખવાનું કઠોર કાર્ય ન કરવામાં આવે ત્યાં સુધી વ્યક્તિ પતનના ખાડામાંથી બચીને ઉત્કર્ષના શિખરે પહોંચી શકે નહીં. પ્રાચીનકાળમાં આત્મવેત્તાઓ પોતાને એટલા સમર્થ અને પ્રભાવશાળી બનાવતા હતા કે લોકનેતૃત્વ કરી શકે. એટલે તે બુદ્ધિ કે પ્રતિભાને પ્રખર કરવામાં જ લાગ્યા રહેતા ન હતા, પરંતુ સમગ્ર વ્યક્તિત્વને વિચાર તેમ જ કર્મના સમન્વયથી પ્રચંડ બનાવતા હતા. ભારતીય તત્ત્વજ્ઞાનની વિશ્વવ્યાપી ગરિમા, પ્રભાવશીલતા તેમજ સફળતાનું મૂળ કારણ એમની વ્યાખ્યાતાઓએ પોતાના જીવનની પ્રયોગશાળામાં ચકાસીને સિદ્ધ કરી બતાવેલ છે. આજે એ ક્રમ બદલાયો તો એ દર્શન પણ બેસી ગયું. એની હવે કેવળ ચર્ચા જ બચી છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આ મહાક્રાંતિનો સમય છે

દુનિયાના ઇતિહાસમાં કેટલીયે એવી મહાક્રાંતિઓ થયેલી છે કે જે લાંબા સમય સુધી યાદ રહેશે અને જનમાનસને મહત્ત્વપૂર્ણ હકીકતોનું ભાન કરાવતી રહેશે. છૂટીછવાઈ નાનીમોટી ઊથલપાથલો તો સામયિક અને પ્રાદેશિક સમસ્યાઓના સમાધાન માટે થયે જ રાખતી હોય છે પરંતુ વ્યાપક હોવા ઉપરાંત જેમાં પ્રવાહ પરિવર્તન પણ સંકળાયેલું હોય એની જ ચર્ચા અને વિશ્લેષણ થાય છે. આવી ઘટનાઓ જ મહાક્રાંતિઓ કહેવાય છે.

અગાઉનાં પરિવર્તનોમાં કેટલો સમય લાગતો હતો તે વિષે સાચી વિગતો તો પ્રાપ્ય નથી, પણ હાલની મહાક્રાંતિનું સ્વરૂપ સમગ્રરૂપે થવા માટે મોટેભાગે સો વર્ષનો ગાળો મહત્ત્વપૂર્ણ રહેશે. આમ તો એના અણસાર અગાઉથી આવવા માંડ્યા છે અને એ સંપૂર્ણરૂપે સંપન્ન થયા બાદ પણ થોડો સમય વધુ લાગશે. આ ગાળામાં કોઈ અમુક ચોક્કસ ક્ષેત્ર પૂરતી સામાજિક ક્રાંતિ નથી થઈ, પરંતુ તેની અસર આખી દુનિયા ઉપર પડી છે. સ્ત્રી અને શુદ્રના રૂપમાં રહેલી પોણા ભાગની પ્રજાને ગમે તે રીતે પોતાના માલિકોની મહેરબાનીથી માત્ર ગુજરાન ચલાવવા પૂરતાં મળતાં સાધનોને સ્વીકારીને કામચલાઉ જીવન જીવવું પડતું હતું. હવે એવી હાલત ક્યાં રહી છે ? 'નર અને નારી એક સમાન' અને 'જાતિ વંશ બધા એકસમાન'ના સૂત્રને લગભગ આખી દુનિયાના ઘણાખરા ભાગમાં સૈદ્ધાંતિક રીતે સ્વીકારી લેવામાં આવ્યું છે. જોકે એનો પૂરેપૂરો અમલ થવામાં અમુક સમય તો વીતી રહ્યો છે. તેમ છતાંય વહેલા મોડા એ સમસ્યા પણ પૂરેપૂરી ઉકલી જશે. સમયના બદલાતા પ્રવાહને જોઈને એવો વિશ્વાસ રાખી શકાય એમ છે.

આ બધાં પરિવર્તનો મોટેભાગે વીસમી સદીમાં જ થયાં છે. જ્યારે આવી ઊલટી ગતિને મૂળ જમાવતાં હજારો વર્ષ થયાં હતાં.

ભૂતકાળની સમીક્ષા સહેલાઈથી થઈ શકે છે કારણ કે, હકીકતોની રૂપરેખા ઘડાઈ ચૂકી હોય છે અને પુરાવાઓનું ક્રમબદ્ધ સંકલન પણ થયેલું હોય છે. વર્તમાનનું પરીક્ષણ થોડું મુશ્કેલ પડે છે કારણ કે તે અપરિપક્વ સ્થિતિમાં હોય છે અને વિખરાયેલું પણ હોય છે. તેમ છતાંય જે લોકો પરિસ્થિતિઓનું અવલોકન અને મૂલ્યાંકન કરી શકે છે, તેઓ જોઈ શકશે કે, અત્યારે પણ પરિવર્તનનો પ્રવાહ કાંઈ ઓછો ઝડપી નથી.

મહાક્રાંતિના હાલના પ્રવાહમાં શું બની રહ્યું છે ? શું બનવાનું છે ? શું સુધરી રહ્યું છે ? અને શું બગડી રહ્યું છે ? એનું સાચું સ્વરૂપ સાચી રીતે જોવાજાણવાનું સાધારણ માણસો માટે શક્ય નથી.

ઘડીભર વિચારી લઈએ કે, જો આકાશમાં લટકતા ગ્રહ, નક્ષત્ર અને તારાઓ એકાએક નીચે ખરી પડે તો શું થાય ? વિચાર માત્રથી ગભરામણ થવા લાગે છે કે, આપણા ઘર-કુટુંબનું તો કચુંબર જ થઈ જાય પરંતુ તાર્કિક રીતે એમ પણ વિચારી શકાય કે, જ્યારે તે અબજો વર્ષોથી આકાશમાં લટકી રહ્યા છે, તો પછી ઓછામાં ઓછું આપણી અને ગામ કે શેરીની આયુષ્યમર્યાદા સુધી તો લટકતા જ રહેશે. મનુષ્યની રઝળપાટ, બિનજરૂરી ભય અને ઘેલછા ચિંતા તો જરૂર જન્માવે છે, પરંતુ એ કાંઈ એવી બાબત નથી કે જેનો સરળ ઉકેલ ના આવી શકે. માણસને જે રીતે ગરબડગોટાળા કરતા રહેવાની છૂટ મળી છે, તે જ રીતે ગૂંચવણોને સફળતાપૂર્વક ઉકેલવા જેટલી સમજણ પણ આપવામાં આવી છે.

અવરોધોને દૂર કરવા માટે આયોજન કરવું જોઈએ અને તૈયારી કરવી જોઈએ. નિરાશ થવાથી તો માત્ર ભયાવહ શંકાઓનો આતંક જ અનુભવાશે. અહીં એ હકીકત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, સામાન્ય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માણસો પોતાની અંગત સમસ્યાઓને જ આડેધડ રીતે સંભાળતા કે સુધારતા હોય છે. બાકી વ્યાપક આફતો સામે તો સંગઠિત થઈને જ લડવું પડે છે. પૂર કે રોગચાળા જેવી કુદરતી આફતોના સમયે સામૂહિક યોજનાઓ જ સફળ રહે છે. જૂનવાણી પ્રાચીન ભાષામાં આવાં મહત્ત્વનાં પરિવર્તનો જ યુગપરિવર્તન અથવા અવતાર તરીકે ઓળખાયાં છે. આવાં ઝંઝાવાતી પરિવર્તનોને મહાક્રાંતિ પણ કહેવાય છે. ક્રાંતિઓ તો પ્રતિકૂળતાઓ સામેના સંઘર્ષના રૂપમાં પ્રગટ થતી હોય છે, પરંતુ મહાક્રાંતિઓ માટે તો લાંબા ગાળાનાં આયોજનો કરવાં પડે છે. એમાં અયોગ્ય બાબતો સામે લડત આપવી પડે છે. ઉપરાંત નવનિર્માણ માટેના નિયમ નક્કી કરવા પડે છે અને નક્કર પગલાં લેવાં પડે છે. હાલના સમયમાં અદશ્યરૂપે રંધાઈ રહેલી આ ખીચડીને 'મહાક્રાંતિ' તરીકે ઓળખાવીએ તો પણ યોગ્ય છે અને 'યુગ પરિવર્તન' કે 'એકવીસમી સદીના ઉજ્જ્વળ ભવિષ્યની નવરચના' જેવું બીજું ગમે તે નામ આપીએ તો પણ કશી હરકત નથી.

અત્યંત વ્યાપક અને વિશાળકાય ક્ષેત્રને પ્રભાવિત કરી રહેલા ૬૦૦ કરોડ માણસના ચિંતનપ્રવાહને અણછાજતી બાબતોથી વિમુખ કરીને યોગ્ય બાબતો સાથે સાંકળી લેવાના કાર્યને કોઈ એક માણસ નહીં કરી શકે, પરંતુ એ હકીકત ઉપર અવિશ્વાસ ના કરવો જોઈએ કે, આવા પ્રસંગો ભૂતકાળમાં ઘણીવાર આવ્યા છે અને જ્યારે માણસો નિરાશ થયા છે ત્યારે ત્યારે એમાં નવેસરથી નવું જોમ પુરવા માટે પરોઢના સૂર્યોદયની માફક નવા ઝંઝાવાતી પ્રવાહોનો ઉદય થતો જ રહ્યો છે, જેમના માટે ગમે તેવી મોટી ઉથલપાથલ પણ અશક્ય નથી રહેતી.

જેમને સર્જનહારની શક્તિ અને ક્ષમતામાં વિશ્વાસ છે. તેમણે આમ વિચારવું જોઈએ કે ગંદકી ગમે તેટલી ખરાબ હશે, પણ તે ઝંઝાવાતી આંધીના દબાણ અને મુશળધાર વરસાદ સામે ટકી શકવાની નથી. અત્યારે કોઈએ એમ ના વિચારવું જોઈએ કે માણસ હલકા વિચારો અને ભ્રષ્ટ આચરણ ઉપર જ ઉતરી આવ્યો છે. માનવતા વખતોવખત એવા આશ્ચર્યજનક વળાંકો લેતી રહી છે કે, જેના પ્રતાપે દેવમાનવોની નવી વસંત નવી કુંપળો અને નવા ફૂલ-ફળની સંપત્તિ લઈને ચારે બાજુ મુક્ત હાસ્ય કરતી જોઈ શકાય છે. મહાપુરુષો, દેવપુરુષો, વિદ્વાનો, સુધારકો અને સર્જકોનો નવો ફાલ આવતો જ રહે છે. જાણે કે વર્ષાઋતુએ અસંખ્ય વનસ્પતિઓ અને ફળ-ફૂલનો નવો પાક ઉગાડવાના સોગંદ લીધા હોય ! આગામી દિવસોમાં આવનારા દશકામાં નવા સર્જકોની એક એવી નાની પેઢીનો વિકાસ થશે, જેની સામે અત્યાર સુધીના બધા જ સંતો, સુધારકો અને શહીદોનો પુરુષાર્થ ફીક્કો જણાશે, એવો વિશ્વાસ રાખવો જોઈશે.

આ મહાક્રાંતિનો સમય છે અને યુગપરિવર્તનનો પણ. અત્યારે અશુભમાંથી શુભની દિશામાં પ્રયાણ થઈ રહ્યું છે, પ્રવાહ વહી રહ્યો છે. તોફાનની ગતિ અને દિશાને જોઈને, બાબતો કઈ દિશામાં ધકેલાઈ કે આગળ વધી રહી છે એનું અનુમાન લગાવી શકાય એમ છે. નદીના વહેણમાં પડેલાં ઝાંખરાં પ્રવાહની દિશામાં વહેતાં હોય છે. પાંદડાં, તણખલાં અને રજકણો તોફાનની દિશામાં જ ઊડતાં હોય છે. મહાક્રાંતિઓ હંમેશાં સર્જન અને સમતોલન માટે જ થતી હોય છે. પતન અને પરાજયની વિટંબણાઓ તો કુસંસ્કારી વાતાવરણ કાયમ ઊભી કરે રાખે છે. વૃક્ષ ઉપર ઊગેલું ફળ કાયમ નીચે જ પડે છે. પાણી પણ કાયમ ઢાળ પ્રમાણે વહીને નીચેની તરફ જ ગતિ કરે છે પરંતુ જ્યારે અસમતુલાને સમતોલ બનાવવા માટે મહાક્રાંતિઓ થાય છે ત્યારે તેનો પ્રવાહ ઉર્ધ્વગામી જ હોય છે. તેનું પરિણામ અભ્યુદય અને ઉત્કર્ષ જ હોય છે. એટલા માટે તેને ઈશ્વરેચ્છા કે ઈશ્વરનો અવતાર પણ કહી શકાય. એવી ચડતી જોઈને ભવિષ્ય ઉજ્જ્વળ હશે એવો સ્વાભાવિક વિશ્વાસ થાય છે. આપણે બધા શાંતિ અને પ્રગતિનું લક્ષ્ય પામવાની દિશામાં ચાલી રહ્યા છીએ અને એ મેળવીને જ રહીશું.

●●●●●●●●●●●●


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જાગો અને મહાક્રાંતિના ભાગીદાર બનો

ક્રાંતિ નામ સાંભળતાવેંત જ મનમાં મારકાપ, લડાઈ-ઝઘડા અને આગ જેવી ભયાવહ પરિસ્થિતિઓની કલ્પના થવા લાગે છે. એનાં જ દૃશ્યો નજર સામે તરવરવા લાગે છે. આ એક સામાન્ય માન્યતા છે કારણ કે પાછલા થોડા દશકાઓમાં આપણા દેશમાં સ્વતંત્રતા વગેરે ક્રાંતિઓ થયેલી છે. વિચારક્રાંતિનું સ્વરૂપ આવું હરગીજ નથી. આ ક્રાંતિનો ઉદ્દેશ્ય છે – માનવીય વિચારોનું શુદ્ધીકરણ અને પરિવર્તન. આવું પરિવર્તન આદર્શની દિશામાં આગળ વધવા માટે મનમાં મક્કમ નિષ્ઠા ઉત્પન્ન કરનારું જીવન જીવવાનું સૂત્ર છે.

પરમપૂજ્ય ગુરુદેવની કલમમાંથી પ્રગટેલી જ્ઞાનગંગામાં ડુબકી મારવી એ જ વિચારક્રાંતિનો સબળ આધાર છે. તેમના તપ અને પ્રાણતત્ત્વથી ભરેલા શક્તિશાળી વિચારોમાં એટલી બધી તાકાત છે કે તેના જોરે કોઈ એક વ્યક્તિ, સમાજ કે દેશમાં જ નહીં, પરંતુ દુનિયાભરમાં પરિવર્તન લાવવું શક્ય છે. આજે લેખકોનો તોટો નથી, સાહિત્યની તંગી નથી પરંતુ જે યુગાવતાર વિષે પૂજ્ય ગુરુદેવે લખ્યું છે, તેનો ઉદ્દેશ્ય વિરાટથી પણ વિરાટ છે. આ અભિયાનમાં સમર્થકો-રૂપે દેખાતા બૌદ્ધિક પ્રતિભાસંપન્ન લોકમાનસોનો વિશાળ સમુદાય એ આ ક્રાંતિનો નજરે દેખી શકાય તેવો પ્રભાવ છે. આજે અશ્રદ્ધાના સમયમાં શ્રદ્ધા તરફ આગળ વધતા જનસમુદાયને જોઈને સહજરૂપે સમજી શકાય છે.

મનુમહારાજની અંજલિમાં (ખોબામાં) એક નાની સરખી માછલી પ્રગટ થઈ હતી. એ એટલી બધી વિરાટ થઈ ગઈ કે તેને મત્સ્યાવતાર કહેવાય છે. વિચારક્રાંતિ પણ બરાબર મત્સ્યાવતારની માફક જ દુનિયાના ૬૦૦ કરોડ લોકોનું માનસપરિવર્તન કરી નાખનારી ક્રાંતિ છે. હેરિયટ સ્ટૉ નામની એક મહિલા હતી. ગુલામીની પ્રથારૂપે ફેલાયેલો અત્યાચાર જોઈને તેની લાગણીઓ ઘવાઈ. તેણે સામાન્ય લોકોની એ યાતનાનો અનુભવ કર્યો અને તેણે તેને કલમના માધ્યમથી સાકાર કર્યો. 'અંકલ ટૉમ્સ કેબિન' નામની એક નવલકથા લખી. જેમ જેમ આ પુસ્તક વંચાતુ ગયું તેમ તેમ તેની માંગ વધવા લાગી. આજે દુનિયાની ઘણીખરી ભાષાઓમાં તેનો અનુવાદ થયેલો છે અને તે દુનિયાભરમાં ફેલાઈ ચૂકી છે. તે પુસ્તકના પ્રભાવ અને પરિણામરૂપે અબ્રાહમ લિંકનને ગુલામીની પ્રથાનો અંત આણવા માટે કાયદો બનાવવાની ફરજ પડી. આ લોકમાનસને ઝંકૃત કરનારો વિચારોનો પ્રભાવ જ હતો. કોઈ પ્રચંડ આંધી જેવો એ વિચારઆંદોલનનો પ્રભાવ હતો.

વિચારમાં એક તાકાત છે. રૂસોના લોકશાહીના વિચારોનો કેવો ઊંડો પ્રભાવ પડ્યો હતો એ સૌ કોઈ જાણે છે. તે જ રીતે પરમપૂજ્ય ગુરુદેવની આ વિચાર-ક્રાંતિ દુનિયાની સૌથી મોટી મહાક્રાંતિ છે, જેનો ફેલાવો કરવા માટે લાખો-કરોડો અનુયાયીઓ કાર્યરત્ છે.

ભગવાન રામ મર્યાદાઓનું જતન કરવા માટે, રાવણ જેવા રાક્ષસનો નાશ કરવા માટે અવતર્યા હતા. એ અવતારચેતનાનો હેતુ મર્યાદિત હતો. ભગવાન શ્રીરામ ધનુષબાણ લઈને આવ્યા હતા, તો ભગવાન શ્રીકૃષ્ણ સુદર્શન ચક્ર લઈને આવ્યા હતા અને ગીતાનો સંદેશ આપ્યો હતો. દેશ, કાળ અને સંજોગોને અનુરૂપ અવતાર ચેતના આવતી રહે છે અને કામ કરતી રહે છે. એક વખત એણે નરસિંહ રૂપે અવતાર લીધો હતો. ક્યારેક કાચબારૂપે તો ક્યારેક વરાહ (વરૂ) રૂપે અને ક્યારેક વામનરૂપે અવતાર લીધો હતો. અત્યારની પરિસ્થિતિ કાંઈક જુદી છે. પહેલાના રાક્ષસો એવા હતા કે તેમના સંહારનો કાંઈક ઉપાય મળી રહેતો હતો પરંતુ હાલના સંજોગોમાં ખરાબ વિચાર, ખરાબ ચિંતનના રૂપમાં મગજમાં રહેલા રાક્ષસોનો નાશ કઈ રીતે કરી શકાય ? આના એક જવાબરૂપે પરમ પિતાની ચેતનાનો 'વિચારક્રાંતિ'ના સ્વરૂપે અવતાર થયો છે. વિચારક્રાંતિ પરમપૂજ્ય ગુરુદેવની કલમ અને વાણીમાંથી ઉદ્ભવેલી છે. જે રીતે શિવજીની જટામાંથી ગંગાવતરણ થયું હતું, તે રીતે પરમપૂજ્ય ગુરુદેવના માનસમાંથી જ્ઞાનગંગા પ્રગટ થઈ છે. એમાં કઠોર, તપ, સાધના, ભાવ-



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંવેદના, પ્રાણચેતના — બધું જ સમાયેલું છે. પરમપૂજ્ય ગુરુદેવની ઇચ્છા એ જ રહી છે કે, 'મારા વિચારોને દરેક માણસ સુધી પહોંચાડી દો. શ્રવણકુમાર બની જાવ. હું ઘરઘરની યાત્રા કરવા ઇચ્છું છું.' તેમના મુખ્ય સંદેશવાહકોએ આ કાર્ય ઉપાડી લીધું છે. પરિવારના જે સભ્યો આ જ્ઞાનગંગાનું આચમન ઘેરઘેર પહોંચાડવાનું કાર્ય કરી રહ્યા છે, તેમને જે સુખશાંતિ અને સંતોષની અનુભૂતિ થાય છે, તેને જોઈને સ્વાભાવિક અંદાજ આવી જાય છે કે, આજના વિષમ-પ્રતિકૂળ સંજોગોને સુધારવા માટે પૂજ્યવરના વિચારો ખૂબ શક્તિશાળી અને સફળ થશે.

આ સર્જનકાર્યમાં યોગદાન આપવા ઇચ્છતા તમામ ભાઈબહેનો પાસે અમારી આ મહાક્રાંતિ માટે અપેક્ષા છે. એ લોકોએ પોતાની જાતને, કૃષ્ણ ભગવાનને ગોવર્ધન પર્વત ઉપાડવામાં મદદ કરનારા ગોપગોવાળિયાઓ અને ભગવાન શ્રીરામને સેતુબંધમાં સહયોગ આપનારા રીંછ-વાનરો કરતાં વધારે ભાગ્યશાળી સમજવી જોઈએ.

હજારો વર્ષ પછી આવો સુયોગ સધાયો છે, ત્યારે જાગૃત આત્માઓ માટે આ સૂતા રહેવાનો સમય કઈ રીતે હોઈ શકે ? માણસ આજે સ્વાર્થ ભરેલી અંધાધૂંધીમાં પોતાની ક્ષમતા વેડફી રહ્યો છે. આવી ભ્રમજાળ પાછળ આવો સોનેરી અવસર બરબાદ કરવાથી કોઈ મોટું શ્રેયસ્કર કાર્ય સિદ્ધ નહીં થઈ શકે. ગુરુદેવે પરિવારના સભ્યોને લક્ષ્મણરૂપી પુરુષાર્થ તરીકે બિરદાવ્યા છે. આવો પુરુષાર્થ આગામી ૩૦ મહિનાના ટૂંકા સમય માટે અધિક બળવત્તર થવો જોઈએ.

પહેલાં ગુરુદેવ અખંડ જ્યોતિના પહેલા પાના ઉપર લખતા કે —

**સુધાબીજ બોને સે પહલે**
**કાલકૂટ પીના હોગા**
**પહિનકે મૌત કા મુકુટ વિશ્વહિત**
**અબ માનવકો જીના હોગા.**

આ પંક્તિઓ એમની અપેક્ષાઓનું પ્રતિબિંબ પાડે છે કે હવે એથી ઓછું કાંઈ નહીં ખપે. અમૃતબીજ વાવવાં હોય તો પહેલાં ઝેર પાવું પડશે. શિવ બનીને જીવવું પડશે. લોકસેવાનો માર્ગ સરળ નથી. જેના અંતઃકરણમાં સામાન્ય લોકોની વેદનાઓની અનુભૂતિ નહીં હોય તે લોકસેવક બની જ ના શકે. પરમપૂજ્ય ગુરુદેવે તો સ્વયંની હાલત વર્ણવતાં કહ્યું છે કે —

**સુખિયા સબ સંસારમેં ખાએ ઔર સોયે**
**દુઃખિયા દાસ કબીર હૈ જાગે ઔર રોયે.**

જો ગુરુદેવને જોવા-જાણવા હોય તો સમાજના દર્દથી કકળતા એમના શરીરની અંદર એમનો વલોવાતો આત્મા નીરખવો પડશે. સંતની વેદનાને સંસારીઓ સમજી નથી શકતા. આ વેદના સંત બનીને જ સમજી શકાય છે.

અમે અમારા ભાઈબહેનોને આ જ અનુરોધ કરીએ છીએ કે તેમણે, દરેક પરજિને હવે ખભે પીળો થેલો લટકાવીને તેમાં વિચારક્રાંતિનું સાહિત્ય રાખવું જોઈએ અને એને જ પોતાનું હથિયાર સમજવું જોઈએ. નવા યુગના અવતરણ, ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણ અને સતયુગી સમાજની નવરચનાનો મૂળ આધાર આ જ છે. આ સાહિત્યને વાંચો અને વંચાવો. જ્યારે રોગચાળો ફેલાય છે ત્યારે શાસનતંત્ર ગામડે ગામડે ડૉક્ટરો મોકલવાની જરૂરિયાતને પહોંચી વળતું નથી. એવા સંજોગોમાં શિક્ષકો, ગ્રામસેવકો વગેરેને પણ સેવાકાર્યમાં લગાડી દેવા પડે છે કારણ કે આવા વ્યાપક રોગચાળામાં બધાને એકસરખી દવા અને એકસરખો ઈલાજ લાગુ પડે છે. વર્તમાન સ્થિતિ પણ આવી જ છે. દરેક માણસ અનાસ્થા, અશ્રદ્ધાનો ભોગ બન્યો છે. એનો ઉપાય ગુરુદેવનું સાહિત્ય જ છે. આ સાહિત્યના સ્વાધ્યાય સિવાય બીજો કોઈ ઉપાય નથી. વિશ્વાસ રાખો કે આગામી અઢી વરસના યુગસંધિકાળમાં વિનાશ અને સર્જનની, ધ્વંસ અને નિર્માણની, પરિસ્થિતિઓ અને પ્રક્રિયાઓને એકસાથે સાકાર થતી અને ચમત્કારી રીતે પ્રસ્તુત થતી સૌ કોઈ જોઈ શકશે.

નવયુગનાં સાધનો એકત્ર કરવા માટે પરમપૂજ્ય ગુરુદેવ સૂક્ષ્મરૂપે સક્રિય છે. બસ, શ્રેયના અધિકારી પ્રજ્ઞાપરિવારના પરિજનોમાંના સૌ કોઈ પોતપોતાના કાર્યક્ષેત્રમાં નિષ્ઠા અને શ્રદ્ધાપૂર્વક મંડી પડે. ગુરુશક્તિ તરફથી એટલી જ અપેક્ષાભરી હાકલ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાજનિર્માણ વિભાગ

# માણસના પતન માટે સમાજ પણ દોષી છે

આજે મનુષ્યની જે એક હાલત થતી જાય છે અને જે રીતે તે પતનની ખાઈમાં ગબડતો જાય છે તેનું મૂળ કારણ સમાજની વિકૃત હાલત જ હોઈ શકે. સમાજ વિકૃતિઓ અને વહેમોનો શિકાર બનેલો છે. રીતરિવાજો અને પરંપરાઓ બધું જ ખોટું છે, કશું જ સાચું નથી. માણસની વિચારમર્યાદા એટલી સંકુચિત થઈ ગઈ છે કે તે સ્વાર્થ સિવાય બીજું કાંઈ વિચારી શકતો નથી. ચારેબાજુ ગેરશિસ્ત અને ગુનાખોરીની પ્રવૃત્તિએ માઝા મૂકી છે. અપ્રમાણિકતા, લાંચરુશવત, ભ્રષ્ટાચાર, વ્યસન, વ્યભિચાર, ફેશન, ભોગવિલાસ, અસંયમ, અશિષ્ટતા, ઉદ્દંડતા, ચોરી, છળકપટ, વિશ્વાસઘાત, કૃતઘ્નતા વગેરે કેટલીયે અનૈતિક બદીઓ વિસ્તરતી જાય છે. લોકો દેખાદેખીથી એકબીજા પાસેથી અપરાધોનું પ્રશિક્ષણ મેળવી રહ્યા છે. અનીતિનું શિક્ષણ આપનારી કોઈ શાળા પ્રત્યક્ષ દેખી શકાતી નથી. તેમ છતાંયે લોકો અનેક જડતાઓમાં ફસાતા જાય છે. ચોરીના અપરાધ માટે કોઈ એક વ્યક્તિ પકડાતી હોય છે અને તેને જ સજા થતી હોય છે. પરંતુ માનવતાની દૃષ્ટિએ જોવામાં આવે તો ચોર ને ચોરીના રવાડે ચડાવવાનો દોષ આખા સમાજનો છે. બાળકોને યોગ્ય શિક્ષણ ન મળવું, તેમનું નૈતિક રીતે ઘડતર ના થવું ધનનો વધુપડતો સંગ્રહ, નફાખોરી, કોઈને અનાજના પણ સાંસા પડતા હોય — અનેક કારણોસર ઓછી બુદ્ધિવાળા લોકોના મનમાં આવી જાતની અનૈતિકતાઓ ઘર કરી જાય છે. અપરાધી દેખાય છે તો કોઈ એક માણસ જ. પરંતુ એ અપરાધીની સાથે ખરેખર તો આખો સમાજ સંકળાયેલો હોય છે.

માણસે આજે જે કાંઈ પ્રગતિ કરી છે તેનું શ્રેય અમુક માણસોને નહીં, પરંતુ સમગ્ર સમાજને ફાળે જાય છે. બીજાં પ્રાણીઓ નાની ઉંમરે જ સ્વાવલંબી થઈ જતા હોય છે. પરંતુ બિચારા મનુષ્યમાં તો એટલી ક્ષમતા પણ હોતી નથી. તે કાચી બુદ્ધિ અને કાચું શરીર લઈને જન્મે છે અને સમાજનો રસ પી-પી ને મોટો થાય છે, બુદ્ધિશાળી બને છે. મા તેને દૂધ પીવરાવે છે. બાપ કપડાલત્તા આપે છે. ભાઈ પાસેથી તે ટેવોનું શિક્ષણ મેળવે છે અને શિક્ષકો તેમજ વડીલો તેને શિક્ષણ આપીને સુસંસ્કારી બનાવે છે. જે પુસ્તકો તેની પ્રતિભા વિકસાવે છે, તે પણ કોઈ વિદ્વાન માણસોએ લખેલા હોય છે. જ્યારે આવી અનેક જરૂરિયાતો સમાજ દ્વારા પૂરી પાડવામાં આવે છે ત્યારે માણસ કાંઈક સ્વતંત્ર વિચાર, ઉમદા કાર્યો કે શોધ-સંશોધન કરવા જેટલો યોગ્ય બની શકે છે. સમાજના સહયોગ વગર માણસ એક ડગલું પણ માંડી શકતો નથી.

મનુષ્યના નિર્માણમાં, તેની અનેક ભૌતિક અને બૌદ્ધિક પ્રાપ્તિઓમાં જેટલો ફાળો સામાજિકતાનો છે એટલી જ જવાબદારી તેના પતન માટે પણ તેની છે. માણસ જન્મથી ખરાબ હોતો નથી. તેને જે શીખવવામાં આવે છે તે જ તે શીખવા માંડે છે. તેને જે ખવરાવવામાં આવે છે તે જ તે ખાવા માંડે છે. કપડાં પહેરવાની ટેવ તેને મોટાઓના અનુકરણથી પડે છે. તેના ગુણ, કર્મ અને સ્વભાવનો વિકાસ કુટુંબ અને સમાજમાંથી થાય છે.

કદાચ આપણા પૂર્વજોએ આ બાબતની સત્યતા વધારે ગંભીરતાથી અનુભવી હતી. તેઓ સામાજિકતા જ માનવીય પ્રગતિની જનેતા છે તે સત્ય સારી પેઠે સમજ્યા હતા. તેમણે માણસના મનોવિજ્ઞાનનો અભ્યાસ ઊંડાણપૂર્વક કર્યો હતો. અને તેની ઉપર પડતા સમાજના પ્રભાવને પણ તેઓ પૂરેપૂરો સમજ્યા હતા. માણસની સત્પ્રવૃત્તિઓને જાગૃત કરવા માટે ધર્મ, અધ્યાત્મ સંસ્કૃતિ, શાસન તેમજ કાયદો અને વ્યવસ્થાને કઠોર સ્વરૂપ આપવા પાછળ તેમની આ બૌદ્ધિક ચતુરાઈ જ કારણભૂત હતી કે, માણસ સમાજમાંથી ઉત્તમમાં ઉત્તમ તત્ત્વો ગ્રહણ કરે અને પોતે વધારે ઉચ્ચ કક્ષાનો નાગરિક બની શકે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજે માણસ ઘણી નબળાઈનો શિકાર બની ગયો છે, તેનું દરેક ક્ષેત્ર ખામી ભરેલું છે. ખાનપાન, વ્યવહાર, વિચાર, રહેણીકરણી શેમાંય વ્યવસ્થા, વિવેક કે નિયંત્રણ નથી. પણ શું તેને માટે કોઈ એક માણસને જવાબદાર ઠેરવી શકાય ? જે માણસને બાળપણથી જ ગળ્યો, તીખો, ચટપટો, વાસી કે બગડેલો ખોરાક ખાવા મળ્યો હોય અને તેને કારણે તેનું શરીર કે મન વિકારયુક્ત થઈ ગયું હોય તો તેમાં તેનો શું વાંક ? જે ઘરના લોકો બીડી, દારૂ, જુગાર, ચોરી કે દલાલી જેવાં વ્યસનોમાં ડૂબેલાં હોય તેમનાં બાળકો સદાચારી નીવડે એ કઈ રીતે શક્ય બને ? પ્રારંભથી જ સુધારણાનું આયોજન થઈ શક્યું હોય તો તેનાથી થોડો ઘણો પણ ફાયદો થાય, પરંતુ કોઈ માણસ સમાજમાંથી ખરાબ સંસ્કારો મેળવીને ખરાબ બની જાય તેમાં માત્ર તેનો જ વાંક કાઢવો એ બુદ્ધિસંગત કે ન્યાયસંગત નથી. એનું વર્તન સુધારવામાં સહકાર ના આપવાનો દોષ આખા સમાજના શિરે જાય છે.

માણસ જે કાંઈ જુએ કે સાંભળે છે તેને જ વાજબી માની લે છે. અને એ જ પ્રમાણે પોતે પણ વર્તવા લાગે છે. એટલા માટે તેના અપરાધને ક્ષમ્ય ગણી શકાય એમ છે. ઈસુ ખ્રિસ્ત, મન્સુર, સુકરાત, બુદ્ધ, જ્ઞાનેશ્વર, દયાનંદ, મહાત્મા ગાંધી, માર્ટિન લ્યૂથર અને અબ્રાહમ લિંકન જેવી મહાન વિભૂતિઓએ તેમનું સમગ્ર જીવન સમાજસુધારણા માટે ખર્ચ્યું હતું. આ મહાપુરુષો જાણતા હતા કે, થોડાઘણા માણસો ભલા હોય તેથી દુનિયા સુધરી જતી નથી. માણસની પ્રવૃત્તિઓને ઉચ્ચકક્ષાની બનાવવા માટે અને ઉત્તમ પરિસ્થિતિઓનું નિર્માણ કરવા માટે તેમણે સામાજિક સંસ્કારોની આવશ્યકતા જેટલી ત્યારે અનુભવી હતી, આજે પણ બરાબર એટલી જ છે.

એકલદોકલ માણસના સુધરી જવાથી સંસારનો કશો ભલીવાર વળતો નથી. ગણ્યાગાંઠ્યા માણસો ઈશ્વર-ઉપાસના કરે, સાચું બોલે, ધર્મનું આચરણ કરે કે ચારિત્ર્યવાન બને તેનાથી દુનિયા સ્વર્ગ બની જતી નથી. જ્યાં ખરાબીઓની ભીષણ આગ લાગેલી હોય ત્યાં સત્પ્રવૃત્તિનું એકાદ લોટો પાણી તેને સહેજ પણ બુઝાવી શકે નહીં. ઊલટાનું તે પણ એ આગમાં વરાળ બનીને ઊડી જાય છે. સમાજની દુષ્પ્રવૃત્તિઓ વચ્ચે સજ્જનો માટે સન્માનપૂર્વક જીવવાનું પણ મુશ્કેલ બને છે. દુરાચારી માણસો માત્ર પોતાના માટે અભિશાપ જેવા હોય છે, એવું નથી. ઊલટાના બધા સજ્જનોને પણ તેઓ મુશ્કેલીમાં મૂકતા રહે છે. એટલા માટે સમાજની હાલત અસભ્યતા અને બદીઓથી ભરેલી કે સડેલી હોય તો થોડાક માણસો નવનિર્માણની વાત વિચારે રાખે તેનાથી કશો લાભ થતો નથી.

સમાજ સારો હશે તો લોકો સારા બનશે. સમાજ અને માણસ બંને પરસ્પરાવલંબી છે. આપણો દેશ સૈકાઓ સુધી ગુલામીમાં સબડીને ઉપરથી તો સામાન્ય રીતરિવાજ જેવી લાગતી હોય પરંતુ જેનાં પરિણામો અત્યંત ભયંકર હોય તેવી વિકૃતિઓમાં ફસાઈ ગયો છે. કૌટુંબિક જીવનમાં અને સામાજિક જીવનમાં લગ્નો વગેરે જેવી બાબતોમાં જે વિસંગતતાઓ છવાયેલી છે તેને દૂર કર્યા વગર ભવિષ્યની પ્રગતિની કલ્પના પણ અસંભવ છે. રાષ્ટ્રમાં સુખ અને સૌભાગ્યને જાળવવા અને વધારવા માટે સમાજની પતિત અવસ્થાને સુધારવી, અત્યંત જરૂરી થઈ ગઈ છે. સમાજ સુધરી જશે તો તેમાંથી આપોઆપ જ મહાપુરુષોનો ઉદ્ભવ થશે અને સ્વર્ગીય વાતાવરણ પણ એની મેળે જ વિકસિત થશે.

આજે આપણો આખો સમાજ બદીઓથી ઘેરાઈ ગયો છે. સામાજિક હાલત એટલી હદે કથળી ગઈ છે કે હવે સહેજ પણ વધારે કથળે તો માનવીય સંસ્કૃતિનો સર્વનાશ જ થઈ જાય. દુનિયાના બીજા દેશો પણ આવી વિકૃતિઓ, વહેમો અને જડ પરંપરાઓના શિકાર છે. હકીકત એ છે કે બીજાના આંધળા અનુકરણને કારણે જ આપણા સમાજનું આવું પતન થયું છે. હવે ઘણા લાંબા ભૂતકાળથી આપણા સામાજિક જીવનમાં ઘટાટોપ ઘેરાયેલી આવી તમામ વિકૃતિઓને આપણા સમાજમાંથી જડમૂળમાંથી ઉખેડી ફેંકવા માટે કટિબદ્ધ થઈ જવાનો સમય પાકી ગયો છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાષ્ટ્રનિર્માણ વિભાગ

# આપ પણ પરિસ્થિતિઓ બદલી શકો છો

આજે ચારિત્ર્યિક અને સામાજિક દૃષ્ટિએ ચારે બાજુ શોક અને નિરાશાનું વાતાવરણ છવાયેલું છે. આપણે આવા વાતાવરણને બદલવા ઇચ્છીએ છીએ, પરંતુ એને માટે આપણે સૌ ઊણાં ઊતરીએ છીએ. આ બધા દુઃખદ સંજોગો માટે આપણે સરકાર, સમાજ કે બીજાં અન્ય પરિબળોનો વાંક કાઢીએ છીએ પણ આપણા અંતઃકરણમાં ડોકિયું કરતા નથી. આવી દુઃખદ પરિસ્થિતિઓનું નિર્માણ કરવામાં આપણો ફાળો કેટલો છે એ આપણે કદીયે વિચારતા નથી. જો એકવાર તમે તમારા વિચારો અને કાર્યોને તપાસી જોશો તો ખ્યાલ આવશે કે બીજા કોઈનો વાંક કાઢવો સાવ વ્યર્થ છે. આપણામાં પણ કેટલીક ખામીઓ, ત્રુટિઓ રહેલી છે. જો તેને સુધારી લઈએ તો આપણે ઘણું કરી શકીએ તેમ છીએ. જો તમે તમારાં કર્તવ્યો અને જવાબદારીઓનું યોગ્ય પાલન કરશો તો તમે એક સાચી દિશામાં આગળ વધવા લાગશો. મારા એકલાથી શું થઈ શકવાનું છે ? આવું વિચારવું ન જોઈએ. ઘણાખરા લોકો બીજા બેજવાબદાર લોકોનાં કાર્યોને જોઈને જ્યારે બધા જ અપ્રમાણિક કાર્યો કરતાં હોય ત્યારે આપણી પ્રમાણિકતાથી શું ફાયદો થશે ? આમ વિચારીને પોતાનાં કાર્યો બરાબર કરતાં નથી.

તમારી પ્રમાણિકતામાં ખૂબ તાકાત સમાયેલી છે. એટલું તમે ચોક્કસ જાણી લો. હા, એ પ્રમાણિકતા ખડકની માફક મક્કમ અને મજબૂત હોવી જોઈએ. રામ, કૃષ્ણ, ગૌતમ, ઈસુ ખ્રિસ્ત, મહંમદ પયગંબર અને મહાત્મા ગાંધીનાં ઉદાહરણ લો. એ લોકોએ પોતાની ચારેબાજુ ફેલાયેલી પ્રતિકૂળ પરિસ્થિતિઓની સહેજ પણ દરકાર કર્યા વગર પ્રમાણિકતાપૂર્વક પોતાના કર્તવ્યનું મક્કમતાથી પાલન કર્યું હતું. પરિણામે અનેક લોકો તેમના અનુયાયીઓ બનવાને કારણે આખી દુનિયા બદલાઈ ગઈ.

તમે તમારા કુટુંબના એક સભ્ય છો. જો તમે તમારા કુટુંબના વડીલ હો, જો તમે તમારા એ નાનકડા સમાજના 'પ્રમુખ' હો તો તમે ઘણું બધું કરી શકો તેમ છો. તમારા આશ્રિતો સાથે તટસ્થ અને નિખાલસ વ્યવહાર કરીને તમે બધાનાં જીવન સુખી બનાવી શકો છો. દરેક માટે યોગ્ય સાધનોની જોગવાઈ કરીને તમે ઉન્નતિનો અવસર આપી શકો છો. તમારા કુટુંબનાં બાળકો કે યુવાનોને તેમના શિક્ષણમાં યોગ્ય સલાહ અને માર્ગદર્શન આપીને તેમને હૂંફ આપી શકો છો. કુટુંબ એ એક જાતની નર્સરી છે. જે રીતે નર્સરીમાં ફૂલના નાના છોડ ઉછેરવામાં આવે છે, એ જ છોડ વિકાસ પામીને બંગલાઓ અને બગીચાની શોભા વધારે છે; તે જ રીતે કુટુંબમાં જન્મતા અને ઉછરતાં બાળકો શિક્ષણ મેળવીને મોટાં થાય છે અને આગળ જતાં દેશના ઉત્તમ નાગરિક બને છે. તેમની કાર્યદક્ષતા, પ્રમાણિકતા અને કર્તવ્યનિષ્ઠા ઉપર દેશનું ભવિષ્ય ઘડાય છે. સાચું કહીએ તો તમે એ રીતે રાષ્ટ્રના શાનદાર મહેલની પાયાની ઈંટનું નિર્માણ કરો છો.

આજે આપણી કુટુંબવ્યવસ્થા સાવ ભાંગી પડી છે. ઉત્તમ સાંસ્કૃતિક વાતાવરણ અને પૂરતી આર્થિક વ્યવસ્થાના અભાવે કુટુંબજીવન વસમું થઈ ગયું છે. એને કારણે માણસમાં સ્વાર્થ અને અંગત સુખની હોડમાં ઉતરવાના વિચારો ઘર કરી જાય છે. જેનાથી સામાજિક જીવનને નુકસાન પહોંચે છે. આવા દૂષણને ડામવા માટે કાયદાઓ ના બની શકે. અને જો કદાચ બનાવાય તો પણ તેનાથી કશો લાભ થશે નહીં. આપણા દેશમાં કાયદાઓ તો ઘણા છે, પણ તેનાથી જેટલો થવો જોઈએ તેટલો સુધારો થઈ શકતો નથી એ આપણે સૌ જાણીએ છીએ. સરકાર જેટલા કાયદા બનાવે છે, લોકો એટલી જ છટકબારીઓ શોધી કાઢે છે. કાયદાઓની મદદથી રાષ્ટ્રીય ચરિત્રનું નિર્માણ, ઘડતર કે સુધારો થઈ શકતો નથી. એની ચાવી તમારા ને મારા હાથમાં છે. દરેક જણ જો પોતાની જાતને સુધારી લે તો આખો દેશ આપોઆપ જ સુધરી જશે.

સામાજિક જીવન અસરપરસ સહયોગ કે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આદાનપ્રદાનના પાયા ઉપર ટકેલું હોય છે. આપણે બીજા પાસેથી સુખસગવડો મેળવીએ અને આપણે બીજાને સુખસગવડ આપતા રહીએ તો જ સમાજજીવન યોગ્ય રીતે ચાલતું રહેશે અને સુખમાં વધારો થઈ શકશે. સમાજજીવનના આવા ક્રમને તૂટવા ના દેવો એ આપણા હાથની વાત છે. આપણી સૌથી મોટી મુશ્કેલી એ છે કે, આપણે બીજા પાસેથી તમામ સુખસગવડો મેળવવા ઈચ્છીએ છીએ. પરંતુ બીજાને કંઈ સુખ આપવા માગતા નથી. આપણે 'આદાન' ઈચ્છીએ છીએ, પણ 'પ્રદાન'માં સમજતા નથી. આવો એકપક્ષીય વ્યવહાર લાંબો ચાલતો નથી. આપણા તરફથી પ્રદાનનો ક્રમ તૂટે કે તરત જ આપણને આપણા અને સમાજના વિકાસ તેમજ વિનાશની ચાવી આપણા હાથમાં જ છે, તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે. તમે તેનો ઉપયોગ કરીને સમાજનો બહુ મોટો ઉપકાર કરી શકો છો. તમારે સમાજનું જે કાંઈ ઋણ ચૂકવવાનું છે તે નિષ્ઠાપૂર્વક ચૂકવો. તમારી જવાબદારીનું પૂરેપૂરું પાલન કરો.

આમ કરીને તમે સમાજમાં ફેલાયેલા અનેક દોષોનું નિવારણ કરી શકો છો. મોટેભાગે તમે સ્વાર્થમાં દોરવાઈને સામાજિક બદીઓને નભાવે રાખો છો, તેને દૂર કરતા નથી. તમારી પાસપડોશમાં કોઈ દુષ્ટ અને અપરાધી સ્વભાવનો માણસ રહેતો હોય તો તમે તેનો વિરોધ કરવાની હિંમત દાખવતા નથી અને ક્યારેક તો તમે તમારા સ્વાર્થ ખાતર તેને સહકાર પણ આપતા રહો છો. આવા સંજોગોમાં અનીતિનો નાશ ક્યાંથી સંભવે ? હકીકતમાં તો તમે અપરાધોને ફેલાવવામાં મદદ કરતા હો છો. તમારી આજુબાજુમાં ગંદકી ફેલાયેલી હોય, તેનાથી ચેપી રોગો ફેલાતા હોય તેમ છતાંય તમે સફાઈનું ધ્યાન રાખતા નથી કે નથી તો તે બાબતે બીજાનું ધ્યાન દોરતા. આપણા દેશમાં હજુ ખાસ્સી નિરક્ષરતા છે. તમારી આજુબાજુમાં શિક્ષણનો પ્રકાશ પાથરો. સવારમાં નગરપાલિકાના કર્મચારીઓ શેરીઓ વાળી જાય છે અને ખાળો સાફ કરી જાય છે. પરંતુ તમારા ઘરની સ્ત્રીઓ અને પાડોશના અભણ-અજ્ઞાની લોકો પોતાનાં બાળકોને ત્યાં જ કુદરતી હાજતે બેસાડતા હોય છે, ઘરનો કચરો પણ બહાર ખુલ્લામાં નાખતા હોય છે. તમારી આજુબાજુમાં આવેલો સાર્વજનિક નળ કાયમ ખુલ્લો જ હોય છે, જેમાંથી પાણી વેડફાતું હોય છે. રાષ્ટ્રીય સંપત્તિનો બગાડ થવા ઉપરાંત તેનાથી ગંદકી પણ ફેલાય છે. આવી નાની નાની વાતો ખૂબ અગત્યની છે. માત્ર આવી નાની બાબતોની ઉપેક્ષા કરવાથી જ રાષ્ટ્રીય સંપત્તિ વેડફાઈ જાય છે.

હવે તમે તમારા વ્યવસાયની વાત ઉપર આવો. આપણા દેશના મોટાભાગના લોકોનો પોતાના કામધંધા પ્રત્યેનો અભિગમ યોગ્ય હોતો નથી. તમે ચાહે નોકરી, મજૂરી કે દુકાનદારી કરતા હો, પણ તમે એ ભૂલી જાવ છો કે, ગેરવાજબી નફાખોરીની ખૂબ ખરાબ અસર પડે છે. યુદ્ધના વખતે થતા કાળાબજારનો આપણને સૌને અનુભવ છે. વેપારીવર્ગ પોતાનો માલ વેચીને યોગ્ય નફો મેળવે ત્યાં સુધી ઠીક છે. પરંતુ તેઓ એથી પણ વધારે ગેરવાજબી ફાયદો મેળવવા મથે છે. વેપારીને પોતાની મહેનત અને રોકાણનું વાજબી વળતર મેળવવાનો પૂરેપૂરો અધિકાર છે. પરંતુ સાથે સાથે બીજાની જરૂરિયાતોનો ખ્યાલ રાખવો એ પણ તેનું કર્તવ્ય છે.

જો તમે સરકારી કર્મચારી હો તો, તમારે તમારા હોદ્દા અનુસારનાં કર્તવ્યોનું પાલન કરવું જોઈએ. અધિકારી અને કર્મચારીવર્ગ પણ પોતાના કામકાજમાં પ્રમાણિક રહ્યા નથી. તેમણે નફાખોરો દ્વારા અપાતાં પ્રલોભનોથી દૂર રહેવું જોઈએ. અધિકારી હોવાની રૂએ વપરાશકાર જનતાનાં હિતોનું રક્ષણ કરવાની તેમની ફરજ થઈ પડે છે. અંગત સ્વાર્થ ખાતર ન્યાયનો ભોગ આપીને કોઈકને અયોગ્ય લાભની તક આપવી એ તેમના માટે ચોક્કસપણે ખૂબ શરમજનક કહેવાય. મજૂરવર્ગે પણ તેમના કામકાજમાં પ્રમાણિક રહેવું જોઈએ. જો તમે મજૂર હો તો તમે કારખાના, મિલ કે જ્યાં પણ કામ કરતા હો ત્યાં કામની ગુણવત્તા અને ઉત્પાદનનું પ્રમાણ વધારવું જોઈએ. એમ કરવાથી જ રાષ્ટ્રીય આવક વધશે; ઉપરાંત તમારી આવક પણ વધશે જ.

ઉપરનાં ઉદાહરણોથી સ્પષ્ટ થાય છે કે, દેશ અને સમાજનું ભવિષ્ય આપણા હાથમાં છે. અનેક બદીઓ કે અનીતિઓને ડામવાની જવાબદારી આપણે પોતે જ સ્વીકારી લેવી જોઈએ અને એને માટે સરકાર ઉપર આધારિત રહેવું ના જોઈએ. આપણે સૌ આમ કરીશું ત્યારે જ આપણે ઉન્નતિના પંથે આગળ ધપી શકીશું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રાણચેતનામાં સમાયેલ ચમત્કારી વૈજ્ઞાનિક સામર્થ્ય

સૂક્ષ્મ જગતમાં કામ કરી રહેલ શક્તિઓ સ્થૂળ પદાર્થોને કેવી રીતે પ્રભાવિત કરે છે, તેનું ઉદાહરણ આવી રહેલ દિવસોમાં જોવા મળે છે ઉદાહરણ સ્વરૂપે વાયુમંડળમાં તાપમાન વધતા જ આપણું શરીર ગરમ થવા લાગે છે, વસ્તુઓ ગરમ થઈ જાય છે. અને ઠંડીની મોસમમાં ઠંડીનો અનુભવ થવા લાગે છે. વર્ષા ઋતુમાં હવાના ઝોકા માત્રથી ઘાસ ઝાડમાં હરિયાલી ફેલાઈ જાય છે. રેડિયો અને ટેલીવીઝનના સાધનો અંતરિક્ષમાં ચાલી રહેલ સૂક્ષ્મ પ્રવાહોથી પ્રભાવિત થતા અને તેમના કામ કરતા જોવા મળે છે. એ સિધ્ધાંતના આધારે આપણે પોતાની પ્રાણચેતના તથા મનોબળના શક્તિ તરંગોને આકાશમાં મોકલી શકીએ છીએ. તેથી નજીકના તથા દૂરના વ્યક્તિઓ તથા પદાર્થોને પ્રભાવિત કરી શકીએ છીએ તથા તેમને પોતાની ઈચ્છાનુસાર વાળી શકીએ છીએ.

સંમોહન વિજ્ઞાન જાણનારા જાણે છે કે આ વિદ્યા દ્વારા કેવી રીતે શારીરિક અને માનસિક ચિકિત્સા કરી શકાય છે. અને તેનો લાભ ઔષધિ ઉપચાર જેવો રોગીને મળે છે. એવી રીતે પ્રાણવાન વ્યક્તિ પોતાની જીવનશક્તિનો એક અંશ બીજાને આપી તેમાં નવ જીવનનો સંચાર કરી દે છે. એના દ્વારા કેટલાય વ્યક્તિઓને પ્રભાવિત કરી તેમના ચિંતન તથા ચરિત્રને વાળી શકાય છે, એટલું જ નહીં તેમને સ્વાસ્થ્ય, બળ, જ્ઞાન, પરાક્રમ જેવી વિભૂતિઓથી પણ લાભ આપી શકાય છે.

પ્રાણચેતના દ્વારા મનુષ્યો તથા પ્રાણિઓને પ્રભાવિત કરવાની માફક જ મનોબળ દ્વારા પદાર્થોને પ્રભાવિત કરી શકાય છે. તેમને દૂર કરી, ઉઠાવી, હલાવી, પાડી શકાય છે. તેમાં અન્ય પ્રકારની હલચલ તથા વિશેષતાઓં ઉત્પન્ન કરી શકાય છે. તેના ગુણ તથા સ્વરૂપ પણ બદલી શકાય છે. આંગ અને વીજળીની સહાયતાથી પદાર્થોના આકાર-પ્રકારમાં પરિવર્તન થઈ શકે છે. એવું મનોબળના સંયોગથી પણ સંભવ છે. કેટલાક ચમત્કાર પ્રદર્શનોમાં એવી ઘટનાઓ પ્રયત્નપૂર્વક બતાવવામાં આવે છે, જેનાં મનોબળ જડ પદાથોમાં અસ્વાભાવિક હલચલો ઊભી કરી દીધી અથવા તેના સામાન્ય ક્રિયા-કર્મોને અવરુદ્ધ (અવળા ) કરી દીધા. વગર પ્રદર્શને પણ એવા ઘટનાક્રમ સામાન્ય જીવન ક્રમમાં થતા રહે છે, જેમાં વ્યક્તિ વિશેષના સંપર્ક અથવા સંકલ્પના કારણે વસ્તુઓના સ્વરૂપ તથા ક્રિયા કર્મોમાં આશ્ચર્યજનક પરિવર્તન થઈ જાય. વિદ્યુત-પ્રવાહની માફક જ જો મનોબળને પણ એક શક્તિધારા માની શકીએ તો પછી તેના દ્વારા સંપન્ન થનાર ક્રિયા-કર્મોને પણ આશ્ચર્યજનક નહિ, પરંતુ સામાન્ય જ માની શકાશે.

આગ અને ગર્મીનું અંતર સ્પષ્ટ છે. આગ પ્રત્યક્ષ છે, સ્થૂળ છે. તેથી તેને આંખોથી જોઈ શકાય છે. અને અહીંથી દૂર, સળગાવી બુઝાવી શકાય છે. ગરમી સૂક્ષ્મ છે, વ્યાપક છે. તેથી તેને અનુભવી શકાય છે. જોઈ શકાતી નથી તેને પકડી પણ નથી શકતા કે ન તો ધકેલી શકતા વધુમાં વધુ કુલર કે વાતાનુકૂલિત યંત્રો વગેરે દ્વારા પોતાનો ઓરડો (રૂમ) ઠંડો રાખી શકીએ પણ ગરમીની ઋતુ બદલવી સંભવ નથી. આગ સ્થૂળ છે તેથી સળગાવી પણ શકાય અને બુઝાવી પણ વિજળી, વરાળ તથા બળતણ વગેરે માધ્યમથી ઉત્પન્ન થતી શક્તિનો પ્રત્યક્ષ પ્રયોગ રોજ થાય છે. એટલે આપણે તેને સહેજે જાણીએ. મનોબળનો સામાન્ય પ્રયોગ એક-બીજાને પ્રભાવિત કરવા માટે થાય છે પણ તેનો જો વિકસિત તથા વ્યવસ્થિત સ્થિતિમાં કોઈ વિશેષ લક્ષ્ય માટે ઉપયોગ કરવામાં આવે તો માલૂમ પડે કે કેટલું શક્તિશાળી છે. તેના આધારે વ્યક્તિને જ નહિ પદાર્થો અને પરિસ્થિતિઓને પણ પ્રભાવિત કરી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શકાય છે.

'ધ પાવર ઓફ માઈન્ડ' નામની પોતાની કૃતિમાં એલેકઝાન્ડર રાલ્ફે પ્રમાણ પ્રસ્તુત કરતા લખ્યું છે કે પ્રગાઢ ધ્યાન શક્તિ દ્વારા એકાગ્ર માનવ મન-શરીરની બહાર સ્થિતિ સજીવ તથા નિર્જીવ પદાર્થો પર પણ ઈચ્છાનુકૂળ પ્રભાવ પાડી શકે છે. તેમનો મત છે કે સુનિશ્ચિત રૂપથી ઈચ્છા શક્તિ દ્વારા સ્થૂળ જગત પર નિયંત્રણ સંભવ છે. વાસ્તવમાં આપણા મનના બે ભાગ છે-એક ચેતન અને બીજો અચેતન. અધ્યાત્મની ભાષામાં ચેતનને બુદ્ધિ અચેતનને ચિત્ત કહે છે. ચિત્તમાં જ જુદી-જુદી ટેવો-સંસ્કાર, આસ્થાઓ વગેરે જડ જમાવી બેસે છે અને અજાણરૂપથી જીવનક્રમનું પરોક્ષ સંચાલન કરતું રહે છે. અનુસંધાનકર્તા વૈજ્ઞાનિક પણ હવે આ નિર્ણય પર પહોંચ્યા છે કે આપણું અચેતન મન એક સશક્ત સુપર કોમ્પ્યુટરમાં કરેલ 'ફીડિંગ' અનુસાર જ ક્રિયાશીલ હોય છે, એવી રીતે અચેતન પણ પોતાનો આહાર આપણા વિચારો તથા સંકલ્પોથી પ્રાપ્ત કરે છે. આ રીતે અચેતનની દિશા મનુષ્યની ઈચ્છાઓથી પ્રભાવિત થાય છે. તેથી સ્પષ્ટ થાય છે કે આ અચેતન પર વ્યક્તિ પ્રયાસ દ્વારા પૂર્ણ નિયંત્રણ પ્રાપ્ત કરી શકે છે અને ત્યારે અલૌક્કિ લાગતા કામ પણ કરી શકે છે. યોગાભ્યાસ તથા તપશ્ચર્યાની સારી વિધિ-વ્યવસ્થા આ પ્રયોજન માટે વિનિર્મિત છે. ક્યારેક-ક્યારેક એવા અપવાદ પણ જોવા મળે છે કે કોઈ સાધના-કયારેક એવા અપવાદ પણ જોવા મળે છે કે કોઈ સાધના-પ્રયાસ વગર અચેતન મનનો અસાધારણ વિકાસ થયેલ જોવા મળે છે.

વિજ્ઞાનવેત્તા પણ હવે માનવા લાગ્યા છે કે વ્યક્તિ સ્વયં પોતાના વિદ્યુત ચુંબકીય બળક્ષેત્ર કે ગુરુત્વકર્ષણ ક્ષેત્ર અથવા આભામંડળ વિકસિત કરી શકે છે. પણ તેનો આધાર તથા પ્રક્રિયા અત્યારસુધી તે જાણી શક્યા નથી. મનુષ્ય ચાલતું-ફરતું વીજળીઘર છે. એના અંદરના સમસ્ત ક્રિયા-કાંડ સ્નાયુ જાળમાં નિરંતર વહેતા રહેનાર વિદ્યુત પ્રવાહથી સંપાદિત થાય છે. વૈજ્ઞાનિક એને જ 'બાયોઈલેક્ટ્રિસિટી' કહે છે. બાહ્ય જીવનમાં જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો દ્વારા જે વિભિન્ન પ્રકારની હલચલો થાય છે. તેમાં ખર્ચાતી ઊર્જા વાસ્તવમાં આ 'બાયોઈલેક્ટ્રિસિટી' જ હોય છે. રસ, રક્ત, મજ્જા વગેરે જેવા રાસાયણિક પદાર્થ તો માત્ર તેના નિર્માણમાં બળતણ તરીકેનું કામ આપે છે.

પ્રાણશક્તિ, સંકલ્પબળ કે ઈચ્છા શક્તિ દ્વારા જડ-પદાર્થોમાં હલચલ ઉત્પન્ન કરવા કે એક સ્થાનથી બીજા સ્થાન પર પહોંચાડવાનું આશ્ચર્યજનક કામ કરનારા કેટલાય ઉદાહરણ મોજૂદ છે. પૂર્વ સોવિયત સંઘની એક મહિલા સૈનિક અધિકારી નેલ્યા મિખાઈલોવા પ્રસિધ્ધ છે કે તે પોતાની ઈચ્છા શક્તિથી સ્થિર રાખેલ જડ-પાત્રોને ગતિશીલ કરી દે છે, ચાલતી ઘડિયાળના કાંટાને રોકી દે છે. તેની તપાસ પ્રખર વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી અને તે બરોબર હતી. એવી રીતે તેલ અવીવમાં જન્મેલ યૂરીગેલર પોતાની અતિન્દ્રિય ક્ષમતાઓ તથા ઈચ્છા શક્તિથી જડ પદાર્થોમાં હલચલ ઉત્પન્ન કરવામાં, તેને એક સ્થાનથી બીજા સ્થાન પર પહોંચાડવામાં તથા બીજીવાર પોતાના સ્થાન પર પાછું લાવવા જેવા વિલક્ષણ કામો માટે સુવિખ્યાત રહ્યા છે. વિદ્યાર્થી જીવનમાં જ આ વિલક્ષણતા તેમનામાં અનાયાસે જ ફૂટી નીકળી હતી.

અનુસંધાનકર્તા વૈજ્ઞાનિકોની દૃષ્ટિ હવે વિચારશક્તિ તરફ ગઈ છે. શક્તિ એટલે કે ઊર્જાના સ્રોત, જેવા-પરમાણુ, વિદ્યુત, વરાળ, પ્રકાશ, તેલ જેવા સાધનોમાં જ હવે વિચારશક્તિને પણ સ્થાન મળી રહ્યું છે. અધ્યાત્મ શાસ્ત્રમાં તો આરંભથી જ વિચોરોને સમર્થ તત્વ માન્યું છે, જે ન કેવળ પોતાના ઉદ્‌ગમકર્તાને, પરંતુ પૂરા ક્ષેત્રને પણ પ્રભાવિત કરે છે. એટલું જ નહિ, તેનાથી દૂરના તથા અપરિચિત પ્રાણિઓ તથા પદાર્થોને પણ પ્રભાવિત કરી શકાય છે. ટેલીપેથી એનું એક મુખ્ય ઉદાહરણ છે.

આ સંદર્ભમાં ડબલિન યુનિવર્સિટીના પ્રખર વૈજ્ઞાનિક સર વિલિયમ વૈરેટ, ઈંગ્લેન્ડના સોસાયટી ફોર સાઈકિલ રિસર્ચના પ્રમુખ પ્રો. સિજવિક, લેનિન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગ્રાડ યુનિવર્સિટી-રુસના શરીરવિજ્ઞાની પ્રો. લિયોનિદ વાસિલયેવે મનુષ્યની દૂરસંચાર ક્ષમતા કે વિચાર બીજા પાસે પહોંચાડવાની ક્ષમતા પર ઊંડી શોધ કરી છે. ટેલીપેથી પર પ્રયોગ કરી રહેલ વ્યક્તિઓના પ્રયોગોને જોયા, તેને ચકાસ્યા અને તે પ્રયોગો પાછળ સમાયેલ સચ્ચાઈને સ્વીકારેલ છે. દૂરના લોકોના મસ્તિષ્કોને પ્રભાવિત કરવામાં રુસી વૈજ્ઞાનિક લિયોનીદ વાસિલયેવે વિશેષ સફળતા અર્જિત કરી છે. દૂર સંચાર ક્ષમતાનો પોતાનો એક પ્રયોગ તેમણે એક એવી શોધ ટુકડી પર કરી, જે પોતાના પહેલા આરંભ કરેલ શોધને છોડીને તેના પર ઉદાસ થઈ ગયા હતા, તેમણે પોતાના પ્રયોગો દ્વારા ચાલુ શોધના પ્રત્યે ધીરે-ધીરે ઉદાસ થઈ અને તેને છોડી અન્ય શોધમાં લાવવાનો પ્રયોગ ચાલુ રાખ્યો તેના સફળ પરિણામ પર બધાને આશ્ચર્ય થયું. લિયોનિદે પોતાના અભિપ્રાય ગુપ્ત કાગળોમાં નોંધી સાથિઓને બતાવ્યું હતું કે તે અમુક શોધ મંડળીની મનઃસ્થિતિમાં ઉચ્ચાટ ઉત્પન્ન કરી અન્ય કાર્યમાં રુચિ બદલી દેશે. થોડા સમયમાં વાસ્તવમાં એવું જ પરિવર્તન થઈ ગયું અને તે મંડળીએ લાંબા સમય સુધી પૂરું કરેલ પોતાનું કાર્યરદ કરી નવું કાર્ય હાથમાં લીધું.

શ્રી ડેનિયલ ડગલસ હોમ પોતાના મનોબળ તથા અતિન્દ્રિય ક્ષમતા માટે સુવિખ્યાત રહ્યા છે. 'ધી રોયલ એસ્ટ્રોનામિકલ સોસાયટી' ના તે સમયના અધ્યક્ષ તથા અન્ય પ્રમુખ વૈજ્ઞાનિકોએ ડેનિચલ ડગલસની વિલક્ષણ પ્રતિભા તથા ચમત્કારિક કલાબાજીઓનું આંખે દેખેલ વિવરણ લખેલ છે. પ્રખ્યાત વૈજ્ઞાનિક તેમજ થીલિયમ તથા ગેલિયમ ધાતુઓના શોધ કરનાર સર વિલિયમ ક્રુકસે પણ બારીકાઈથી અધ્યયન કરી ચાલાકી વગર મેળવેલ.

આ જાદુમાં હવામાં ઊંચે ઉઠવું, હવામાં ચાલવું અને તરવું, સળગતો અંગારો હાથમાં રાખવો વગેરે સમાય છે. સર વિલિયમ પોતાના સમયમાં સર્વશ્રેષ્ઠ રસાયણવિજ્ઞાની હતા. તેમણે સારી રીતે નિરીક્ષણ કરી ડેનિયલ ડગલસ હોમની હથેળીઓ ચકાસી તેમાં કશું ન હતું. હાથ મુલાયમ અને નાજૂક હતાં. છતાં ક્રુકસે જોત જોતામાં સળગતી સગડીથી ખૂબ જ લાલ ચમકદાર કોલસા ઉઠાવી પોતાની હથેળીમાં લાંબા સમય સુધી રાખ્યા. જોવામાં આવ્યું કે તેમના હાથમાં છાલા કે ફોલ્લા કશું પડયું ન હતું.

પ્રખ્યાત વિદ્વાન લોર્ડ અડારેએ પણ 'રિપોર્ટ ઓફ ધ ડાયલેકિટકલ' સોસાયટીઝ કમેટી ઓફ સ્પ્રિરિચ્યુલિજમ' માં હોમના ચમત્કારી કાર્યોનું વિવરણ બતાવ્યું છે, જે હોમની અતિમાનસિક ક્ષમતાઓ તથા અદશ્ય શક્તિઓથી તેના સંબંધ પર પ્રકાશ ફેંકે છે. એમાં અનેક વ્યક્તિઓની હાજરીમાં રૂમની બધી વસ્તુઓનું હોમની ઈચ્છા માત્રથી થરથરાવા લાગવું, કોઈ એક પદાર્થ-જેમ કે ટેબલ કે ખુરશી વગેરેને હવામાં ચાર છ ફૂટ ઊંચે ઉઠાવી જવું અને હોમની ઈચ્છિત સમય સુધી ત્યાં તેનું લટકી રહેવું, ટેબલને હેર-ફેર કર્યા પછી પણ તેની પર સામાન્ય રીતે રાખેલ સંગમરમર પત્થર અને કાગળ પેન્સિલ યથાવત પડયા રહ્યા વગેરે.

સર વિલિયમ ક્રુકસે પણ એક સુંદર હાથ અચાનક પ્રકટ થવો, હોમના બટનમાં લાગેલ ફૂલની પાંદડીને તે હાથ દ્વારા તોડવી, કોઈ વસ્તુ હાલવી, તેની આસપાસ ચમકતા વાદળ બનવા અને તે વાદળ સ્પષ્ટ હાથમાં પરિવર્તિત થવા તથા તે હાથને સ્પર્શ કરવાથી કદીક બેહદ ઠંડા, કદી ગરમ અને જીવંત લાગવા વગેરેનું વિવરણ લખેલું છે.

સાધના અને તપશ્ચર્યાથી દિવ્ય ક્ષમતાઓ વધે છે. અને તેનાથી કેટલાય પ્રકારના અસામાન્ય કાર્ય કરી શકવા સંભવ છે. આ આધ્યાત્મિક પ્રાપ્તિઓ આગલા જન્મ સુધી સાથે જાય છે. સામાન્ય રીતે આવા લોકો સાધના-તપશ્ચર્યા પૂર્વે સંગ્રહેલ સંપદાના આધારે ચમત્કારી ક્ષમતાઓને પ્રદર્શિત કરતા જોવા મળે છે. આવી વિલક્ષણતાઓ દરેક મનુષ્યના અચેતન મનમાં મોજૂદ છે. પરંતુ તે પ્રસુપ્ત સ્થિતિમાં દબાયેલી પડી છે. જો તેને ઢંઢોળવામાં આવે, ઉપસાવવામાં આવે, વધારવામાં આવે અને સુધાર કરવામાં આવે તો મનુષ્ય સૂક્ષ્મ વિભૂતિઓ અને સ્થૂળ સફળતાઓથી પરિપૂર્ણ બની શકે છે. ▣



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

### આત્મીય અનુરોધ

# પ્રતિભાઓ વિચારક્રાંતિ માટે આગળ આવે

આસુરી શક્તિઓ અત્યારે ઘોડાપૂરની જેમ ઊમટી પડી છે. જો આવુંને આવું થોડો વધારે સમય ચાલતું રહેશે તો માણસનો નૈતિક સ્તર એટલો ઊતરી જશે કે કદાચ પોતાના ઈંડાં ખાઈ જતી નાગણની માફક મા પોતાના છોકરાઓને ભરખી જવા લાગશે અને પુરુષો ખૂની વરૂની માફક એકબીજાનું લોહી પીવા લાગશે. પહેલાં તો લોકો દુશ્મન ઉપર જ ઘા કરતા હતા. હવે તો મિત્રો ઉપર જ ફટકો મારવાનું પ્રચલન વધી રહ્યું છે. કોઈક તમારી સાથે બહુ મિત્રતા વધારવા લાગે તો સમજી લેવું કે કોઈ ફટકો પડવાનો જ છે. ગરીબ અને તવંગર, ભણેલા અને અભણ — તમામ વર્ગો પોતપોતાની રીતે તેમના સંપર્કમાં આવનારાઓને ધોબીપછાડ આપવાના જ પેંતરા ઘડતા રહે છે. ઉદારતા, કર્તવ્યનિષ્ઠા, સંયમ અને સદાચાર તો જાણે નામશેષ થઈ ગયા છે અને દુષ્ટતા મેલા અથવા ઉજળા — બધી જાતના નકાબ ઓઢીને પોતાનો વ્યાપ સુરસા રાક્ષસીના મોઢાની માફક વધારતી જાય છે.

દુષ્ટતા વધે ત્યારે મુશ્કેલી કે આફતના રૂપમાં એની પ્રતિક્રિયા કે પરિણામ પણ ઉત્પન્ન થાય જ છે. આજે ચોમેરથી રોગ, શોક, સંતાપ, કજિયા, કંકાસ, તંગી, ગરીબી, રોષ અને અસંયમનું ઘોડાપૂર ઊમટી આવ્યું છે. એને જોઈને એવી ધાસ્તી થાય છે કે દુનિયા કદાચ માણસને રહેવા લાયક પણ નહીં રહે. વિજ્ઞાન અને રાજકારણ માનવજાતને સામૂહિક આપઘાત કરવાની ફરજ પાડે એવી દિશામાં હરણફાળ ભરી રહ્યા છે.

આ સુંદર સંસાર ભગવાને બનાવેલો છે. તેણે ખૂબ આશા સાથે અને પૂરેપૂરી તન્મયતાથી આ દુનિયાની રચના કરી છે. તે પોતાના આ મહાન સર્જનનો નાશ આમને આમ થવા જ નહીં દે. જ્યારે અસુરતા વધે છે ત્યારે એને વશમાં રાખવાની અને સમતુલા જાળવી રાખવાની વ્યવસ્થા તે પોતે જ કરી લે છે.

દૈવી શક્તિઓ કોઈ વિચારપ્રવાહ તેમજ કાર્યપ્રવાહના સ્વરૂપમાં અવતાર લે છે. તેમાં ઘણા બધાનો સહયોગ હોય છે. રીત કે પદ્ધતિ ભલે ગમે તે હોય, પણ અવતારની પ્રક્રિયા એક જ છે — લોકમાનસમાં ખરાબ બાબતો પ્રત્યેનો બળવો. અવતારનું આ જ સાચું સ્વરૂપ છે.

ઈશ્વરીય પ્રેરણાઓએ આવા જ એક યુગ નિર્માણ આંદોલનનું સર્જન કર્યું છે. તેનો ઉદ્દેશ્ય લોકોની હલકી વિચારશૈલીમાં ફેરફાર કરીને તેમને ફરીથી વિવેકપૂર્ણ અને યોગ્ય રીતે વિચારવાની તક આપવાનો છે. મૂળ વિચારોમાં રહેલું છે પરંતુ વિચારોની સાથે કાર્ય સંકળાયેલું છે. તેથી કાર્ય સુધરે તો પરિસ્થિતિ સુધરવામાં બહુ વાર નહીં લાગે. એટલા માટે આ દિવસોમાં વિચારપરિવર્તનનું એક વિશ્વવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જોકે અસુરતાની વિશાળ વ્યાપકતાની સરખામણીમાં તેનું સ્વરૂપ સાવ નાનું છે પરંતુ એક નાનું સરખું તેજકિરણ ગમે તેવા મોટા અંધકારને હટાવવા માટે પૂરતું હોય છે. એક નાની સરખી ચિનગારી વિશાળ જંગલને બાળીને રાખ કરી દેતી હોય છે. જે લોકો સત્યની તાકાતને જાણે છે, તેમને આ સત્ય ઉપર વિશ્વાસ મૂકવામાં જરાય મુશ્કેલી પડતી નથી. ઔચિત્યના કપડા ઉપર વિવેકશીલતાનું તેલ રેડીને આ મશાલ બનાવવામાં આવી છે. તે એમને એમ બુઝાવાની નથી. તે પોતાના સમયની વધારેમાં વધારે જરૂરિયાત અને ઈશ્વરીય ઇચ્છા સંતોષાય ત્યાં સુધી સળગતી જ રહેશે.

પૂજ્ય ગુરુદેવના વિચારો દ્વારા જાગૃત આત્માઓને થોડીક આકરી ટકોર કરવા માટે આ વિચારક્રાંતિ અંક વિશેષાંક તરીકે પ્રગટ કરવામાં આવ્યો છે. કલાકો સુધી આળસ મરડતા રહેવામાં સમય વેડફાય છે. હવે સૂવાનો સમય પૂરો થયો. હવે જાગવું જ પડશે. તો પછી ખાલી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પડખાં ફેરવે રાખવામાં અને આળસ મરડે રાખવામાં વખત બગાડવાથી શો લાભ ? જ્યારે જાગી જ ગયા છીએ તો પછી ઊઠીને ઊભા થઈ જવું જ યોગ્ય છે. જે કામો રાહ જોઈ રહ્યાં હોય તેને વખતસર પૂરાં કરવામાં જ ડહાપણ છે. રોતાં-કકળતાં વહેલામોડા ગમે ત્યારે કરવાં જ પડે, ત્યારે આત્મગ્લાનિ અને લોકનિંદાના ભોગ બનવું પડશે. આવી કસમયની આળસ અને પ્રમાદનો ત્યાગ શું કામ ના કરવો ?

આ વિશેષાંક એ ઉદ્દેશ્યથી જ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. ઈશ્વરીય પ્રેરણાના અનુચરો તો બનવું જ પડશે. ઉપરાંત એની સાથોસાથ અમારી એક આકાંક્ષા પૂરી થઈ જાય તો ઊલટાનું વધારે સારું. એ આકાંક્ષા આટલી જ છે – પૂજ્ય ગુરુદેવની આકાંક્ષાઓને સંતોષવી અને જ્ઞાનયજ્ઞની લાલ મશાલ સદાય ઝળહળતી રહે તે માટે તેને મજબૂત હાથોમાં સોંપવી. અમારી અભિલાષા એક જ છે – આપણો દરેક પરિજન નિર્ધારિત લક્ષ્ય તરફ થોડોઘણો આગળ વધે અને સક્રિય બને. માણસને મરતાં પહેલાં પોતાનાં ઉંમરલાયક સંતાનોનાં લગ્ન નજરોનજર જોઈ લેવાની લાલસા હોય છે. અમારી આકાંક્ષા અમારા પરિજનોમાં પ્રબુદ્ધતા, જાગૃતિ અને સક્રિયતાનું વધતું પ્રમાણ સાકાર થતું પ્રત્યક્ષ જોવાની છે. તેથી તેના માટે થોડી વધારે તત્પરતાથી કાર્યરત્ છીએ.

## પંડિતો ! જાગો !

પરમપૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે, ‘નવયુગ આવશે તો વિચારની સુધારણા થકી જ. ક્રાંતિ થશે તો તે શસ્ત્રો દ્વારા નહીં, પરંતુ વિચારોને વિચારો વડે કાપવાથી જ થશે. સમાજનું નવનિર્માણ સદ્‌વિચારોની સ્થાપના દ્વારા જ શક્ય થશે. આજે સમસ્યાઓ અસંખ્ય છે. તેનાં સ્વરૂપ અને પરિણામ પણ અલગ અલગ છે પરંતુ એ બધાયનું નિમિત્ત કારણ એક જ છે – વિચારોમાં વિકૃતિઓનો પ્રવેશ. તેના નિરાકરણનો ઉપાય પણ એક જ છે – ‘ઊલટા ને ઉલટાવીને સીધું કરવું.’ વિદ્વાનોએ વિચારક્રાંતિને યુગધર્મ તરીકે સ્વીકારવી જ જોઈએ અને છૂટાછવાયાં કાર્યોમાં ધ્યાન અને શક્તિ બગાડવા કરતાં માત્ર એક જ કાર્યમાં લાગી જવું જોઈએ. કીર્તિ અને પ્રસિદ્ધિના ભૂખ્યા લોકો પોતાની થોડાક ઈંટ પથ્થરની મસ્જિદ ઊભી કરવા માટે આતુર હોય છે. ચપટીક ચોખાની ખીચડી રાંધવાથી કોઈનું પેટ ભરાતું નથી. ખાલી ઢંઢેરો પીટી શકાય છે. જેમને આવાં બણગાં ફૂંકવા હોય તેઓ ભલે ગમે તે કહે પરંતુ જેમને એક જ ચાવીથી બધાં તાળાં ખોલવાં હોય તેમણે વિચારક્રાંતિમાં કાર્યને જ સૌથી વધારે અગત્યનું માનીને પોતાની પ્રતિભાનો એ સાચી દિશામાં જ ઉપયોગ કરવો જોઈએ. પ્રતિભાશાળી વિદ્વાનોએ વિચારમંથન કરવું જોઈએ. વિચારક્રાંતિ માટે આગળ આવવું જોઈએ અને નવી પેઢીને જીવનના જંગલમાં ભટકવામાંથી બચાવી લેવી જોઈએ. તેને યુગવિચારના પ્રકાશમાં તેનું જીવનધ્યેય દેખાડીને તેને પ્રગતિના માર્ગે અગ્રેસર કરવી જોઈએ.’

વિચારક્રાંતિનાં તમામ કાર્યોનું સંચાલન કઈ રીતે કરવું એની વિસ્તૃત જાણકારી અને માર્ગદર્શન આપવા માટે ગાયત્રી તપોભૂમિમાં ‘વિચારક્રાંતિ અભિયાન’ વિભાગની સ્થાપના કરવામાં આવી છે. શ્રી દ્વારકાપ્રસાદ ચૈતન્યને તેના વ્યવસ્થાપક નિમવામાં આવ્યા છે. વિચારક્રાંતિ અભિયાનના કાર્યક્રમોની શરૂઆત કરવા અને તેને સફળ બનાવવા માટે આપ સૌ મથુરા આવીને કે પત્રવ્યવહાર દ્વારા વિચારક્રાંતિ વિભાગમાં શ્રી ચૈતન્યજીનો સંપર્ક સાધીને માર્ગદર્શન મેળવી શકો છો. ‘યુગનિર્માણ યોજના’ પત્રિકામાં ઉપરોક્ત કાર્યોનું ‘ક્યાં, કેમ અને કેવી રીતે અમલીકરણ કરવું તેની સઘળી માહિતી વખતોવખત પ્રકાશિત થતી રહેશે. એટલા માટે બધા વાચકોને-સાધક, યુગસૈનિક અને પરિવાર, તમામને – પત્રિકાના ગ્રાહક બનાવવાનું વ્યાપક અભિયાન શરૂ કરવાના શક્ય એટલા તમામ પ્રયાસો કરી છૂટવા માટે અનુરોધ છે. ઉપરાંત બધા આત્મીય વાચકોને ઓછામાં ઓછાં ૧૦-૧૦ કુટુંબોમાં પોતાનો અંક વંચાવવાનો પ્રયત્ન કરવા માટે પણ અમારો આગ્રહ છે. દેશમાં અને વિદેશમાં રહેતા બધા મિત્રો અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સગાંસંબંધીઓને પોતાના તરફથી લવાજમ ભરીને 'યુગનિર્માણ યોજના' અને 'યુગશક્તિ ગાયત્રી' પત્રિકાઓના ગ્રાહક બનાવવાનું કાર્ય ઉપાડી લેવું જોઈએ. જેથી કરીને બધાને વિચારક્રાંતિ અભિયાન અને જ્ઞાનયજ્ઞની જાણકારી મળતી રહે. પત્રિકાની વધારે નકલો મંગાવીને વિદ્યાવિસ્તાર પ્રચારકેન્દ્રો તેમજ દરેક કાર્યક્રમોમાં વહેંચીને તેને વધુને વધુ માણસો સુધી પહોંચાડવાના કામમાં દરેક યુવાન ભાઈબહેને લાગી જવું જોઈએ. એ આ યુગની મહાન સેવા છે. પરમ-પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી મધ્યપ્રદેશમાં આવેલ ભિન્ડથી જ્ઞાનયજ્ઞની શરૂઆત થઈ ચૂકી છે. અમૃત મહોત્સવ દ્વારા અમારા આ તુચ્છ પાર્થિવ દેહનું નહીં, પરંતુ પૂજ્ય ગુરુદેવની ઇચ્છાનુસાર તેમના વિચારરૂપ શરીરનું અને જ્ઞાનયજ્ઞની મશાલનું સન્માન થયું છે. ઘણા ભાઈબહેનો એમના ઘેર પધારવા માટે અને આયોજન કરવા માટે અમને ખૂબ આગ્રહ કરતા હોય છે. આ બધાને દૃઢસંકલ્પ અને પૂરેપૂરા મનોયોગ સાથે ઉપરોક્ત કાર્યક્રમોને પૂરા કરવામાં લાગી જવા માટે અમારો નમ્ર અનુરોધ છે. દરેક જિલ્લામાં હજાર-હજાર પ્રાણવાન સહયોગીઓ બનાવતા જવા જોઈએ. ઉપરનાં તમામ કાર્યો સો જેટલી પ્રજ્ઞાપીઠો અને તેની સક્રિય શાખાઓના માધ્યમથી પૂરાં કરી શકાય. આ દસ જિલ્લાના મુખ્ય સ્થળોએ અમે જાતે જઈને અથવા પ્રતિનિધિ મોકલીને પૂજ્ય ગુરુદેવના સાચા શિષ્યોનું સન્માન કરવાનું આયોજન કરીશું. જ્ઞાનયજ્ઞ અને વિભાગવાર કાર્યકરોનું સંમેલન ભરવાની વ્યવસ્થા કરીને તમારા બધાની ઇચ્છા સંતોષવાના શક્ય તમામ પ્રયાસો કરીશું.

પૂજ્ય ગુરુદેવની વ્યાકુળતાઓ ઓછી કરવા માટે અને તેમના દ્વારા સોંપાયેલી જ્ઞાનયજ્ઞની મશાલની જવાબદારીઓને નિભાવવા માટે હવે અમે રાતદિવસ પ્રાણવાન આત્માઓની શોધમાં ચિંતાતુર છીએ. પૂજ્ય ગુરુદેવની પ્રેરણાનુસાર તેમના વિચારોને લોકો સુધી પહોંચાડી શકે તેવા આત્માઓની, શ્રવણકુમારોની શોધ કરવી અને તેમને સંગઠિત કરવા એ જ અમારા જીવનનો ઉદ્દેશ્ય છે. આપ સૌએ અત્યાર સુધી અમને તમારો વડીલ બંધુ સમજીને તમારો આત્મીય પ્રેમ અને સહકાર આપ્યો છે. ઉપરોક્ત કાર્યક્રમોને પાર પાડવા માટે એ જ ઉમંગ, ઉત્સાહ અને પ્રસન્નતા સાથે એ જ ઉપક્રમ ચાલુ રાખવાનો પ્રયત્ન કરવા માટે નમ્ર અનુરોધ છે.

## જ્ઞાનપર્વ અને કર્મપર્વ

પૂજ્ય ગુરુદેવે ૧૯૬૫માં લખ્યું છે કે, 'ગુરુપૂર્ણિમા એ યુગનિર્માણ યોજનાની જન્મતિથિ છે.' ઈ.સ. ૧૯૬૩માં બરાબર આ જ દિવસથી એ પરમ પ્રેરક દિવ્યશક્તિ દ્વારા આ યુગના આ મહાન અભિયાનની શુભ શરૂઆત કરવામાં આવી હતી. વસંતપંચમીના દિવસે અખંડ જ્યોતિની શરૂઆત થઈ હતી અને ગુરુપૂર્ણિમાના દિવસે યુગનિર્માણ યોજનાનો પ્રારંભ થયો હતો. આ બંને આપણા પરિવારનાં કૌટુંબિક પર્વો છે. એનું મહત્ત્વ વિશેષ છે. ભારતીય સંસ્કૃતિના જતન અને પુનરુત્થાનની ચોક્કસ પ્રક્રિયા આ બંને ઉપર આધારિત છે. આ બંને, જ્ઞાન અને કર્મના પવિત્ર તહેવારો છે. સરસ્વતી માતાનો જન્મદિવસ એ આપણું જ્ઞાનપર્વ છે અને એ જ્ઞાનને કર્મમાં પરિણિત કરવાની પ્રેરણા આપનાર પરમ ગુરુ વ્યાસ ભગવાનનો જન્મદિવસ ગુરુપૂર્ણિમા એ આપણું કર્મપર્વ છે. માનવજીવનમાં જ્ઞાન અને કર્મનું વિશેષ મહત્ત્વ છે. આ પાવન પર્વને અનુલક્ષીને વિચારક્રાંતિ વિશેષાંક પ્રકાશિત કરવામાં આવ્યો છે. આપ સૌને, તમારા ક્ષેત્રના અખંડ જ્યોતિના તમામ વાચકોને અને તમામ વિચારશીલ પરિજનોને શક્તિ મુજબ વધારેમાં વધારે અંકો મંગાવીને વાંચવા-વંચાવવાનો પ્રયત્ન કરવા માટે અનુરોધ છે.

પરમપૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે — 'યુગનિર્માણ માટે કોઈ અવતાર, મહાત્મા, દેવદૂત કે ભગવાનની હવે લાંબો સમય રાહ જોવી નહીં પડે. આપણે નાના નાના અણુઓ જ સંગઠિત થઈને એક વિશિષ્ટ શક્તિપ્રવાહ વહેવડાવીશું અને વર્તમાન વિટંબણાઓ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને વિષમતાઓ સામે એટલા ઓછા બળથી જ સામનો કરીશું. પૂજ્ય ગુરુદેવે આશ્વાસન આપ્યું છે કે, અમે લોકોને નરી આંખે ન દેખાઈએ એમ બની શકે પરંતુ દરેક જાગૃત અને જીવંત આત્માએ અમે તેના અંતરાત્મામાં બેસીને હાકલ કરી રહ્યા છીએ અને નરકીટક કે નરપશુ જેવી જીંદગીને નરનારાયણના રૂપમાં બદલવા માટેની પ્રબળ પ્રેરણા આપી રહ્યા છીએ, એ અનુભવવું જોઈએ. જે લોકો આગળ વધશે તેમને અમે ભરપૂર શક્તિ આપીશું. જેમના પગ ડગમગતા હશે તેમને સંભાળી લઈશું અને જેઓ મક્કમ પગલે ચાલતા હશે એમને આગળ વધવા માટે જરૂરી સાધનો પૂરાં પાડીશું. રચનાત્મક અને સંઘર્ષાત્મક અભિયાનોની આગેવાની બીજા લોકો લેશે, પરંતુ બાજીગરની આંગળીઓની જેમ કઠપૂતળીઓ નચાવવાની અમારી ભૂમિકા સુપેરે ભજવાતી રહેશે. કોઈ એ ભલે જાણે કે ના જાણે, યુગ પરિવર્તનની પ્રક્રિયાને અધૂરી રહેવા નહીં દેવાય.'

પૂજ્ય ગુરુદેવે લખ્યું છે કે, 'અમે એક નવું યુદ્ધ લડીશું. લોકમાનસમાં ઘર કરી ગયેલી ખરાબ બાબતોનો અમે પરશુરામની જેમ વિચારોના ફરસાથી સંહાર કરીશું. સંહાર કરવાનો અર્થ એની જગ્યાએ નવા વિચારો સ્થાપવાનો પણ છે. અમે પરશુરામનું પુનરાવર્તન કરીશું. અમે લોકોના મનના ઊંડાણમાં ખોડાયેલા અજ્ઞાન અને અનાચારના આસુરી ઝંડાને ઉખાડી નાખીશું. આ યુગનું સૌથી મોટું અને સૌથી છેવટનું યુદ્ધ આપણું જ હશે. જેમાં ભારત એક દેશ નહીં રહે, મહાભારત બની જશે અને એનું તાત્ત્વિક (વૈચારિક) સામ્રાજ્ય દુનિયાના ખૂણેખૂણે ફેલાઈ જશે. નિષ્કલંક અવતાર આ જ છે. સદ્ભાવનાઓનું ચક્રવર્તી સ્વાયત્ત સામ્રાજ્ય જે યુગાવતાર નિષ્કલંક ભગવાન દ્વારા સ્થાપવાનું છે તે બીજું કાંઈ નહીં પણ અમારું યુગ નિર્માણ આંદોલન જ છે.

**મહાક્રાંતિનો સમય પાકી ગયો છે**

પૂજ્ય ગુરુદેવે માર્ચ, '૬૭માં લખ્યું છે કે, 'આગામી થોડા જ દિવસોમાં એક સૌથી મહાન સર્વાંગી સ્વાતંત્ર્ય આંદોલન એક પ્રચંડ દાવાનળની માફક પ્રગટ થવાનું છે. તેના સ્વરૂપ અને પ્રકાર અનેક હશે. તે અનેક નામોથી અનેક સંસ્થાઓ કે સંગઠનો દ્વારા અનેક સ્વરૂપે અનેક માણસો દ્વારા ચલાવાશે. ધાર્મિકથી લઈને આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં એક સૌથી મહાન વિચારક્રાંતિ ઉત્પન્ન થશે. આ વિચારપરિવર્તન જ નવા યુગની સ્થાપના કરશે. તે ઉદ્દેશ્ય માટે અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ ચાલશે અને ધરતીને રક્તરંજિત કરી નાખનારા અનેક સંઘર્ષો થશે.

આજે યુગ પરિવર્તનની વાત મજાક જેવી લાગે છે પરંતુ આગામી દિવસોમાં સૌ કોઈ તેની પ્રચંડતાને નજરોનજર જોઈ શકશે.'

**વરિષ્ઠોની જવાબદારી**

પૂજ્ય ગુરુદેવે એપ્રિલ, '૮૨માં આપણને સૌને સાવચેત કર્યા છે કે 'વરિષ્ઠોનો પ્રવાહ વરિષ્ઠતા તરફ જ હોવો જોઈએ. તેમણે એ સમજવું જોઈએ કે, પીડિતો, પતિતો, દીનદુઃખીયાઓ અને કુવિચારોવાળાની પંગતમાં જઈ ઊભા રહેવાનું તેમના માટે શોભાસ્પદ નથી. જઈ ઊભવાના આ ગર્ભિતાર્થ ઉપર બધાએ ખાસ ધ્યાન આપવું જોઈએ કે, પોતાના ભાગ્યનો ઘડવૈયો માણસ પોતે જ છે. કોઈનો વાંક કાઢવાની કે પરિસ્થિતિઓનાં રોદણાં રોવાની જરૂર નથી. માણસ પોતાની જાતને કેવાં બીબાંમાં ઢાળે છે અને કઈ વિચારધારામાં વહાવે છે — એ એક જ ધ્રુવકેન્દ્ર ઉપર માણસના પતન અને ઉત્થાનની દાંડી ટેકવાયેલી હોય છે. આ નિર્ધારણમાં કોઈ બીજાની ભાગીદારી નથી. પગલાં આપણે પોતે ભરીએ છીએ. સારા કે ખરાબ ગમે તે માર્ગે ચાલીએ, એની ઉપર સાથી-સંગાથીઓ તો મળી જ રહે છે. આ દુનિયામાં ભલાઈની કે બૂરાઈની શેનીયે ખોટ નથી. પસંદગી પોતાની, હિંમત પોતાની અને સહાયતા દુનિયાની.

અહીં માણસની ચડતીપડતી વિષેના કેટલાંક સનાતન સત્યોનો ઉલ્લેખ, એક મહાન ઉદ્દેશ્ય માટે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લાંબા પ્રવાસે નીકળેલા કાફલાના સભ્યો અટવાઈ ગયા છે, તેના કારણ અને નિવારણ તેઓ પોતે જ શોધી શકે; એટલા માટે કરવો પડ્યો છે. ભટકનારા તો ભટકતા જ રહે છે. તેમને કોઈએ શું કામ કહેવું પડે ? બાળકો આડેધડ ઉછળકૂદ કરતા જ રહે છે. તેમની તરફ કોઈ ક્યાં ધ્યાન આપે છે ? પરંતુ જ્યારે ઉંમરલાયક માણસો પણ નાનાં બાળકો જેવી છોકરમત કરવા લાગે ત્યારે જોનારાઓ ડઘાઈ જાય છે અને તેમને ગાંડા ધારી લઈને હૉસ્પિટલ સુધી દોડધામ કરવાની તૈયારી કરવા લાગે છે.

આપણો કાફલો વરિષ્ઠોનો છે, વિશિષ્ટોનો છે, જાણકારોનો છે. જો તેઓ છોકરમત કરતા દેખાશે તો સ્વાભાવિક જ ચિંતા થશે. ચિંતાનું કારણ તેમના વ્યક્તિગત અપમાન પૂરતું મર્યાદિત નથી પરંતુ એમની સાથે સંકળાયેલા આવા આપત્તિકાળમાં માનવીના અસ્તિત્વ અને ભવિષ્ય ઉપર ખુલ્લી તલવારની જેમ તોળાયેલાં કર્તવ્યોનો પણ સવાલ છે. જો વરિષ્ઠોનું જ પતન થશે તો પછી બાકી શું રહેશે ? સૂરજ આથમી ગયા પછી ઘોર અંધકાર સિવાય બીજું શું બાકી રહે છે ? યુગ બદલાઈ રહ્યો છે. એ કાર્યના શ્રીગણેશ વરિષ્ઠોની પોતાની વિચારશૈલીના પરિવર્તન સાથે થશે. પ્રતિભાશાળી માણસો આગળ આવે તો જ અનુયાયીઓની ફોજ તેમને અનુસરે છે. પતનના આરે આવીને ઊભા રહેલા વર્તમાન સંજોગો માટે આ જમાનાના વિદ્વાનો, પ્રબુદ્ધોને જ જવાબદાર લેખી શકાય. ચડતી-પડતી તો જમાનાની થાય છે, પણ તેના સાચા પાપ-પુણ્યનો ભાર તો જે-તે જમાનાનો અગ્રણી પ્રતિભાઓના શિરે છે.'

પૂજ્ય ગુરુદેવે મૂક પ્રેક્ષકની જેમ જોયે રાખનારાઓને સાવધાન કર્યા છે કે – 'ચૂપ બેસીને રહેનારાઓ તટસ્થ, અનાસક્ત કે શાંતિપ્રિય નથી ગણાતા. વિકટ પરિસ્થિતિઓમાંથી પલાયન થવા માટે શાંતિનો, ભજનનો કે બ્રહ્મજ્ઞાનનો અંચળો ઓઢી લેનારાઓ ભલે પોતાનું મન મનાવી લેતા હોય, બાકી આપત્તિકાળની યાતનાઓ તો એમને પણ સહન કરે જ છૂટકો છે. દુર્ઘટના, રોગચાળો, ભીષણ આગ, હુમલો અને પરપીડનથી ત્રસ્ત હાહાકારી વાતાવરણમાં જે એકાંત સાધનાના વિચાર કરે તેને બ્રહ્મજ્ઞાની શી રીતે કહી શકાય ? તેમને નિષ્ઠુર પથ્થર સિવાય બીજી કઈ ઉપમા આપી શકાય ?'

પૂજ્ય ગુરુદેવે બહાનાં શોધે રાખતા માણસો માટે લખ્યું છે કે – 'પ્રજ્ઞા પરિવારને બીજાં સંગઠનો, મંડળો, આંદોલનો કે સભા જેવો માનવો ના જોઈએ. એ યુગનિર્માણ માટે આગળ આવેલા વિચક્ષણ લોકોનું એક સુસંસ્કારી સંગઠન છે. તેના સભ્યોએ, પ્રજ્ઞાપરિજનોએ સામે આવી પડેલો યુગનો પડકાર ઝીલી લેવો જોઈએ. એ બાબતે કોઈએ પણ વિષમ સંજોગો કે પ્રતિકૂળતાઓનાં બહાનાં ના કાઢવાં જોઈએ. કેટલીક જવાબદારીઓથી છટકવા માટે અને નિશ્ચિંત થઈ જવા માટે સંન્યાસ લઈને લોકકલ્યાણનાં કાર્યોમાં લાગી જવાના સપનાં કોઈએ પણ ના જોવા જોઈએ. આવતા વર્ષે આપણામાંના કેટલા માણસો જીવતા રહેશે તેની કોઈ ખાત્રી નથી. આજની પરિસ્થિતિઓમાં જે શક્ય હોય એટલું જ વિચારવું જોઈએ. વિચારવાનું માત્ર એટલું જ છે કે, જે પડકારે જાગૃત આત્માઓને કાન આમળીને ઢંઢોળ્યા છે; તેના જવાબમાં છાતી કાઢીને ઊભા રહેવું છે કે પછી હોઠ ચાવતાં બેસી રહેવું છે ?'

અમારી છેલ્લી ઇચ્છા પૂજ્ય ગુરુદેવના તમામ કાર્યક્રમોની સફળતા માટે પૂજ્ય ગુરુદેવના એક હજાર અભિન્ન અંગોને શોધી કાઢીને તેમને પૂજ્ય ગુરુદેવ દ્વારા સોંપાયેલી જવાબદારી અને મશાલ ધારણ કરવા માટેના પ્રતિનિધિ બનાવીને આખા ભારતમાં અને વિદેશોમાં મોકલવાની છે, કારણ કે અમને પૂજ્ય ગુરુદેવ અને માતાજીએ નવું જીવન આપ્યું છે પરંતુ હવે આ શરીર દ્વારા વધારે દોડધામ કરવી શક્ય નથી. તેથી તેનું કાર્ય અમારા ભાઈબહેનો દ્વારા જ કરાવવાની પ્રેરણા થઈ છે. આ દિવસોમાં પ્રજ્ઞાપરિવાર પણ સારો એવો વિશાળ છે. તેના સભ્યોની સંખ્યા કરોડો ઉપરાંતની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થવા જાય છે. આવા બહોળા સમુદાયમાંથી પૂજ્ય ગુરુદેવનાં અભિન્ન અંગો સમા એકહજાર સુયોગ્ય કર્મવીર પ્રતિનિધિઓને અમે અમારા વારસદાર બનાવવા ઇચ્છીએ છીએ. પોતે કોઈને ભારરૂપ ના બને અને પોતાની ક્ષમતા વડે સમાજને કશુંક આપી શકવાની સ્થિતિ અને કક્ષા હોય. બસ એટલી જ યોગ્યતાની જરૂર છે. પૂજ્ય ગુરુદેવના નામને વટાવી ખાનારા સિદ્ધ પુરુષ બનવા નીકળેલા કે ધન, હોદ્દો કે કીર્તિના લાલચુની અમારે જરૂર નથી. જેઓ શિસ્તનું પાલન કરી શકે અને જેમના અંતરાત્મામાં પૂજ્ય ગુરુદેવની વેદના સમાયેલી હોય તેઓ પોતાના વિચાર, વર્તન, વ્યવહાર અને સદ્‌ગુણો વડે જ્યાં પણ જશે ત્યાં સ્વર્ગીય વાતાવરણ ઊભું કરી શકશે. આવા પ્રાણવાન આત્માઓના માધ્યમથી આવડા મોટા સમુદાયમાંથી દસ હજાર પ્રાણવાન રત્નોને શોધી કાઢવાનાં છે. એ રત્નોના માધ્યમથી બધા કાર્યક્રમો પાર પાડવાના છે.'

### યુગઋષિની આગાહી અને હૈયાધારણ

ડિસેમ્બર, ૧૯૬૯માં પૂજ્ય ગુરુદેવે ભવિષ્યવાણી કરતાં કહ્યું છે કે, 'ઈ.સ. ૨૦૦૦ સુધીમાં જેના દ્વારા યુગપરિવર્તનના પ્રત્યક્ષ અનુભવ થઈ શકે તેવું ઘણું બધું પ્રગટ થવા લાગશે. માણસે પોતાની રીતભાત બદલવી પડશે. યુગપરિવર્તનની હાલની ચિનગારીઓ વિશ્વવ્યાપી દાવાનળ જેટલી પ્રચંડ બનશે અને એમાં આજની અનીતિ અને અનિચ્છનીયતાઓ હોલીકા દહનની માફક ભસ્મીભૂત થઈ જશે. નવાનવા શૂરવીરો આ માર્ગે ખેંચાઈ આવશે અને યુગનિર્માણ એની નિર્ધારિત ગતિએ સુવ્યવસ્થિત ક્રમબદ્ધતાપૂર્વક આગળને આગળ પ્રગતિ કરતું રહેશે.

પૂજ્ય.ગુરુદેવે હૈયાધારણ આપી છે કે, નવનિર્માણ માટે નવોદિત આગેવાનોને અમે પડદા પાછળ રહીને જરૂરી શક્તિ અને યોગ્ય સંજોગો પૂરા પાડીશું. થોડા જ દિવસોમાં દરેક જગ્યાએ દરેક દિશામાં સુયોગ્ય લોકસેવકો તેમનું કાર્ય આશ્ચર્યજનક સફળતા અને કુશળતાપૂર્વક કરતા દેખાશે. શ્રેય તેમને જ મળશે અને તેમને જ મળવું જોઈએ. યુગનિર્માણ આંદોલન એ કોઈ સંસ્થા નથી, એક દિશા છે. જેથી આ ઉદ્દેશ્ય માટે અનેક સંસ્થાઓ અને પ્રક્રિયાઓનો અનેક નામે ઉદય થશે. ભાવિ પરિવર્તનનો બધો જશ યુગ નિર્માણ આંદોલનને મળે એ જરૂરી નથી. નામ-રૂપ અનેક હોઈ શકે અને હશે જ. એનાથી કશો નોંધપાત્ર ફરક પડતો નથી. મૂળ હેતુ વિવેકશીલતાની પુનઃસ્થાપના અને સત્પ્રવૃત્તિઓના વધારાનો છે. એટલા માટે દરેક દેશ, દરેક સમાજ, દરેક ધર્મ, દરેક ક્ષેત્રમાં આવાં તત્ત્વોનો સમાવેશ કરવા માટે અભિનવ નેતાગીરીનો ઉદય થવો જરૂરી છે.

### યુગઋષિની વેદના

નવેમ્બર, ૧૯૬૯માં પૂજ્ય ગુરુદેવે પોતાની આંતરવેદના વ્યક્ત કરતાં લખ્યું છે કે – 'અમે એકરસ થઈને એકનિષ્ઠ ભાવે અમારા માર્ગ ઉપર ચાલતા રહીને એક લાંબો રસ્તો પાર કરીને અમારી મંજિલ સુધી પહોંચી ગયા છીએ. વિસામો કરવાની તક મળી છે ત્યારે અમારો પરિવાર નિમ્નકક્ષાનું જીવન જીવે રાખવાનું કલંક ના વહોરી લે, એ જોવાની ઉત્કંઠા તીવ્ર થઈ ગઈ છે. આડકતરી રીતે એ કલંક અમને પણ લાગે છે. અમે કયા આધારે અમારું મસ્તક ગર્વથી ઊંચું રાખી શકીશું ? અને કયા મોઢે કહી શકીશું કે અમારી પાછળ એવું કાંઈક મૂકીને આવ્યા છીએ, જેને જોઈને લોકો તેના સૂત્રધારનું અનુમાન કરી શકે ? ઈશ્વરની મહાન વૃત્તિ-પ્રવૃત્તિઓ જોઈને તેના ગૌરવનું અનુમાન થઈ શકે છે. તે જ રીતે અમારાં કાર્યો નક્કર હતાં કે બોધ, એનું અનુમાન અમારા શ્રદ્ધાળુઓ અને અનુયાયીઓને પારખ્યા પછી બાંધી શકાશે. જો તેઓ માત્ર વક્તૃત્વના જ પ્રશંસક અને સાષ્ટાંગ પ્રણામ પૂરતાં જ શ્રદ્ધાળુ હશે તો પછી સઘળું પોલું હતું એમ મનાશે. સચ્ચાઈ કર્મમા સમાયેલી છે. વાસ્તવિકતાની કસોટી ક્રિયા વડે જ થાય છે. જો આપણા પરિવારની કાર્યપદ્ધતિ બીજા નરપશુઓ જેવી જ કક્ષાની હશે તો અમને પોતાને અમારો શ્રમ અને વિશ્વાસ એળે ગયાનો શોક થશે. અમારે લોકોની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નજરે હાંસીપાત્ર બનવું પડશે. આવો અવસર જ ના આવે એટલા માટે અમે આ દિવસોમાં અમારા પ્રેરણા પ્રવચનનો સ્વર ભારપૂર્વક ઉગ્ર રાખીએ છીએ અને કામકાજમાં પણ ગરમી રાખીએ છીએ, જેથી કરીને આપણા સહયોગીઓમાંના અમુક જીવંત લોકો આગળ આવે અને જે લોકો સુષુપ્ત કે મૂર્છિત હોય તેઓ ભલે પોતાની બખોલમાં જઈને ચૂપચાપ પડ્યા રહે. વાતો ઘણી અને કામ થોડુંની ભ્રમણાનો તો હવે અંત આવવો જ જોઈએ.'

પૂજ્ય ગુરુદેવની ઉપરોક્ત વેદના જ અમને આજકાલ વધારે વ્યગ્ર બનાવી રહી છે.

### પૂજ્ય ગુરુદેવનું માર્ગદર્શન

સપ્ટેમ્બર, ૧૯૬૯માં પૂજ્ય ગુરુદેવે આપણને આપણે ભવિષ્યમાં શું કરવાનું છે ? તેનું માર્ગદર્શન આપતાં લખ્યું છે કે, 'નવા યુગના અવતરણ માટે અમે સત્યુગના પુનરાગમનને નજરે જોવા માટે આપણે થોડા વધારે મહત્ત્વપૂર્ણ, હિંમતભર્યા, રચનાત્મક અને સંઘર્ષાત્મક પગલાં ભરવાં પડશે. મોટાં પરિવર્તનો સાથે મોટી કાર્યપદ્ધતિઓ પણ સંકળાયેલી હોય છે. આપણે ચોક્કસરૂપે એવાં અસંખ્ય નાનાંમોટાં આંદોલનો કરવાં પડશે, તાલીમ શિબિરો ચલાવવી પડશે તથા રચનાત્મક કાર્યો માટે વિશાળકાય સંસ્થાઓ ઊભી કરવી પડશે. તેમાં ઘણા વધારે બલિદાન, સમજણ, પ્રયત્ન અને પુરુષાર્થનો ઉપયોગ કરવો પડશે. હાલની અંધાધૂંધીને સુવ્યવસ્થાની દિશામાં, નિકૃષ્ટતાને ઉત્કૃષ્ટતાની સ્થાપનામાં ફેરવી નાખવી, લોકમાનસના વિચાર, આકાંક્ષા, અભિરુચિ અને પ્રવૃત્તિ બદલી નાખવા અને એ પણ દુનિયાભરના માણસોમાં – આ બધું નિઃશંકપણે એક મોટું ઐતિહાસિક કાર્ય છે. તેમાં ઘણા બધા આગેવાનો, આંદોલનો અને ક્રિયાતંત્રોનો સમન્વય થશે. આ એક અવશ્યંભાવિ (ચોક્કસપણે થનારી) પ્રક્રિયા છે, જેનું સંચાલન મહાકાળ સ્વયં પોતાની રીતે કરી રહ્યા છે. આજની વૈજ્ઞાનિક પ્રગતિની માફક આવતી કાલે ભાવનાત્મક (વિચારોની) ઉન્નતિ માટે પણ પ્રબળ પ્રયાસો થવાના છે. તેમાં એક એકથી ચઢિયાતાં વ્યક્તિત્વો અને સંગઠનો ગજબની ભૂમિકા ભજવશે. આ સપનું નથી, પણ હકીકત છે, જેને આગામી દિવસોમાં તાદશ થતી સૌ કોઈ જોઈ શકશે. આને ભવિષ્યવાણી ના સમજવી જોઈએ. આ એક હકીકત છે જેને આજે અમે અમારી આંખે લગાડેલા દૂરબીનથી નજરોનજર નિહાળી રહ્યા છીએ. તે કાલે જ્યારે નજીક આવી જશે ત્યારે સૌ કોઈ તેને પ્રત્યક્ષ જોઈ શકશે. આગામી દિવસોમાં દુનિયામાં આમૂલ પરિવર્તન કરીને દુઃખ દૂર કરી દેનારું એક ભયાનક વાવાઝોડું વીજવેગે આગળ વધતું ચાલ્યું આવે છે, જે આ સડેલી-ગળેલી દુનિયાને સમર્થ, પ્રબુદ્ધ, સ્વસ્થ અને ઉન્નત બનાવીને જ શાંત થશે.'

પરમપૂજ્ય ગુરુદેવે ઑગસ્ટ, '૬૯માં લખ્યું છે કે, 'જેઓ અમને ચાહે છે તેમણે અમારા મિશનને પણ પ્રેમ કરવો જોઈએ. કોઈ અમારા મિશનની ઉપેક્ષા કે તિરસ્કાર કરે તો તે અમને અમારા અપમાન જેવું લાગે છે. વ્યક્તિગત રીતે કોઈ અમારી ભલે ગમે તેટલી ઉપેક્ષા કરે તેનો વાંધો નહીં પરંતુ જો કોઈ અમારા મિશનમાં શ્રદ્ધા રાખે, એને માટે કશુંક વિચારે કે કરે તો જાણે તે અમારી ઉપર અમૃત વરસાવતા હોય અને ચંદનનો લેપ કરતા હોય એવું લાગે છે. પરંતુ જો કેવળ અમારા વ્યક્તિત્વ પ્રત્યે જ શ્રદ્ધા હોય, શરીરનો જ મોહ હોય અને જો મિશનની વાતને ઉપાડીને અભરાઈએ મૂકી દેવાતી હોય તો અમને જાણે અમારા પ્રાણનો તિરસ્કાર કરીને માત્ર અમારા શરીર ઉપર જ ચામર ઢોળાતી હોય એવું લાગે છે. કોઈને અમારી સાથે કેટલી નિકટતા છે એની કસોટી તેણે અમારી જોડે ખભેખભો મિલાવીને કેટલું કામ કર્યું છે એની ઉપરથી થઈ જશે. બાકી અંગત માનઅપમાન બધું અમારા માટે સરખું છે. અમને જ્યારે આટલા વિશાળ સમુદાયમાં સાચી આત્મીયતાનો કેટલો અંશ ક્યાં છુપાયેલો છે એ જાણવાની ઇચ્છા થાય ત્યારે અમે આ જ કસોટીથી પારખીને હકીકત જાણી લઈએ છીએ કે,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અમારી વેદના કોની નસોમાં કે કેટલી હદે ફેલાઈ ગઈ છે? અને અમારી આગની ચિનગારીઓ કોના મગજમાં કેટલી હદે સળગી રહી છે?

યુગ નિર્માણ માટે આગામી દિવસોમાં આપણે અનેક રચનાત્મક અને સંઘર્ષાત્મક પ્રક્રિયાઓ અને હિલચાલો શરૂ કરવી પડશે. તેને માટે પોતાનું સમગ્ર જીવન આ જ કાર્ય માટે સમર્પિત કરી દે તેવા કર્મનિષ્ઠ, ભાવનાશીલ, પ્રતિભાશાળી પ્રબુદ્ધ માણસોની જરૂર પડશે. ભારતભૂમિ, પોતાની જાતને અને પોતાના અંગત સ્વાર્થને ભુલાવીને વિશ્વકલ્યાણ માટે જાત ઘસી નાખવામાં ગૌરવ સમજનારા પ્રબુદ્ધ આત્માઓવિહોણી નથી. જેઓ છે, તેમને જગાડીને કાર્યરત્ કરવામાં આવશે. આ વિચારક્રાંતિ વિશેષાંકથી આ મહાન અભિયાનનો પ્રારંભ થઈ રહ્યો છે. એવા માણસોએ આળસ, પ્રમાદ ને સંકોચ છોડીને આ પ્રક્રિયાનો શ્રદ્ધા અને તત્પરતાપૂર્વક આરંભ કરવો જોઈએ, જેથી કરીને મહાન કર્મવીરોની શોભાનો સમન્વય આગામી મહાન સંભાવનાઓ સાથે સમયસર થઈ શકે. જો આ આત્મીય અનુરોધ ઉપર ચિંતન, મનન, સ્વાધ્યાય કરીને અંતરાત્મા કાંઈક કરી છૂટવા માટે બેચેન બની જાય તો દરેક પરિજનોએ આજે જ સંકલ્પબુદ્ધિ થઈને પ્રયત્ન શરૂ કરી દેવા જોઈએ. આપના દ્વારા કરાયેલા પ્રયત્નોની અમને હંમેશાં જાણ કરતા રહો.

**— લીલાપત શર્મા**
**વ્યવસ્થાપક**
**યુગ નિર્માણ યોજના, મથુરા-૩**

---

*શરીર અને મનની દુર્બળતાનો દોષ ઊણપો અને પરિસ્થિતિઓ કરતાં મનોબળ અને આત્મબળની ઓછપને આપી શકાય. વસ્તુતઃ માણસ અંદરથી પોકળ બની રહ્યો છે. આત્મનિયંત્રણ કરવાનું સાહસ, પ્રતિકૂળ પરિસ્થિતિઓ સામે ઝઝૂમવાનું સાહસ અને પ્રગતિ માટે અથાગ પરિશ્રમ કરવાનું ધૈર્ય, નિષ્ફળતાઓમાં ઉદ્વિગ્ન ન થવાનું સંતુલન, એ બધી સદ્પ્રવૃત્તિઓના સમન્વયને મનોબળ કે આત્મબળ કહે છે. મહત્ત્વપૂર્ણ સંકલ્પ કરવાથી અને નિષ્ઠાપૂર્વક તેમને પૂરા થાય ત્યાં સુધી વળગી રહેવાનું શૌર્ય, આ આત્મબળની ભેટ છે. ભૌતિક અને આત્મિક સફળતા પ્રાપ્ત કરવામાં આ આંતરિક વૈભવ જ સાચો મદદગાર સાથી સિદ્ધ થાય છે. બાહ્ય સાધનો અને સહયોગ તો આ ચુંબકના આકર્ષણમાં ખેંચાઈને અનાયાસ ચાલી જાય છે. મગજમાં મૂર્ખાઈ, ઉત્તેજના, ચિંતા, આશંકા, અસાવધાની, અધીરાઈ, અવિશ્વાસ, નિરાશા, ભીરુતા, અસ્થિરતા, અસ્તવ્યસ્તતા, દીર્ઘસૂત્રતા જેવી વિકૃતિઓ ઉત્પન્ન કરીને જ આપણે બુદ્ધિ સંસ્થાનને જાતે જ અશાંત અને ઉદ્વિગ્ન સ્થિતિમાં મૂકી દઈએ છીએ. થોડાક જ અપવાદોને બાદ કરતાં સામાન્ય રીતે બધાંની મનઃસ્થિતિ આવી જ હોય છે. તેને યોગ્ય માર્ગદર્શન મળતું રહે તો દરેક વ્યક્તિ બુદ્ધિમાન બની શકે અને તે આંતરિક અશાંતિથી બચી શકે છે. જે તેના પોતાના માટે જ નહીં, પરંતુ સંબંધિત અન્ય કુટુંબી સહયોગીઓ માટે પણ ઉદાસી અને અસંતોષનું કારણ બને છે. માનસિક રોગોની જેમ પાગલપણું અને કેટલીય ખરાબ ટેવો માથે સવાર થઈ જાય છે અને તેમની જાળમાં ફસાયેલી વ્યક્તિ એક પ્રકારનું શાપિત, નિષ્ફળ અને નીરસ જીવન જ જીવતો રહે છે. દુર્બુદ્ધિને લીધે જ પ્રગતિનો માર્ગ અટકી જાય છે અને અસહ્ય આંતરિક ઉદ્વેગોનો જન્મ થાય છે. જો આત્મનિરીક્ષણ અને આત્માની શુદ્ધિની વિદ્યા પ્રાપ્ત થઈ જાય તો પ્રસન્નતા અને પ્રફુલ્લતાથી હસતું અને હસાવતું જીવન જીવવું કોઈપણ માણસ માટે શક્ય બને છે.*

## મહાકાળનું શિક્ષકોને આહ્વાન

(પુસ્તક પ્રકાશિત)

મહાકાળની ૧૬ પાનાની ૪ રૂપિયા કિંમતની શ્રેણીનું ચોથું પુસ્તક, 'મહાકાળનું શિક્ષકોને આહ્વાન' પ્રગટ થઈ ચૂક્યું છે. આ પુસ્તક વધુને વધુ શિક્ષકોને વંચાવવાનો પ્રયત્ન થવો જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી
# શ્રાવણી પર્વ ( ૧૯૮૮) ની કાર્યકર્તા ગોષ્ઠી

મારા પ્યારા બાળકો,

અમારો તમારા બધાની વચ્ચે આવવાનો એક જ ઉદ્દેશ્ય છે કે અમે સમાજને સાચી વ્યક્તિ આપતા જઈએ. વ્યક્તિ હોત તો આ આખો સમાજ નવો થઈ જાત. આખા સમાજનો કાયાકલ્પ થઈ જાત. પચાસ માણસો ગાંધી, બુદ્ધની સાથે હતા. તે યુગ પરિવર્તન કરી શકયા કેમ કે તેમની પાસે કામના માણસો હતા. વિવેકાનંદની સાથે નિવેદિતા હતા અને થોડા કામના વ્યક્તિ હતા. આજે જ્યાં જુઓ ત્યાં જાનવર નજરમાં આવે છે. જો કામના માણસ હોત તો જમીન બદલાઈ ગઈ હોત. તમે બધા અહીંયા આવ્યા છો તો કામના માણસ બની જાવ. અમે જીવનભર વ્યક્તિ મર્મને સ્પર્શયા છીએ તથા પોતાનું બ્રાહ્મણ સ્વરૂપ ખોલીને રાખી દીધું છે. પરિણામ એ આવ્યું કે અમારી સાથે અગણિત માણસ જોડાયા. તમે જો સાચા અર્થમાં જોડાયા હોય તો પોતાનો અંદરનો ભાગ પણ લોકસેવી બનાવી લો તથા સમાજના માટે કંઈક કરવાનો સંકલ્પ લઈ લો.

ઓછામાં ઓછા પાંચસો સશક્ત કાર્યકર્તાઓની, સાચા અર્થમાં માનવીઓની જરૂર છે. આદમીઓ માટે જમીન તરસી છે તથા આકાશ પણ વ્યાકુળ છે. જો પૂર્તિ થઈ જાય તો અમારૂં સારું સપનું પૂરું થઈ જાય. અમે રોકાવાની, ખાવા-પીવાની સારી વ્યવસ્થા કરી દીધી છે. અહીં આવનાર દરેક વ્યક્તિ અધ્યાત્મના, સમાજ સેવાના રંગમાં રંગાઈને જાય, એ જ અમારો ઉદ્દેશ્ય છે. કામ એકલાથી સંભવ નથી. તમારો સહયોગ એટલા માટે અમને જોઈએ. એના માટે અમને તમારુ કંઈ જ નહીં વ્યક્તિત્વની સાધના તથા તમારૂં નિષ્કામ સમર્પણ જોઈએ.

ગાંધીજીએ પોતાની સાથે રહેનાર બધા વ્યક્તિઓના વ્યક્તિત્વ બનાવી દીધા હતા. તે જ પૂરી રીતે જોડાયા ધન્ય થઈ ગયા. શ્રેય-સૌભાગ્યના અધિકારી બન્યા. તમે પણ સાચા અર્થમાં જોડાઈ જાઓ તો તમારા બધાનું વ્યક્તિત્વ બને, બધા તૈયાર થઈ જાય. આજથી ૬૩ વર્ષ પહેલાં અમે વસંત પર્વ પર પોતાના ભગવાનથી દીક્ષા લીધી હતી, એ કહ્યું હતું હવે 'હું' સમાપ્ત થાઉં છું તથા 'તમે' જીવીત થાઓ છો. તમારી ઈચ્છા મુખ્ય મારી ઈચ્છા ગૌણ. સમર્પણ કર્યું હતું અમે. અગણિત તેની પ્રાપ્તિઓ છે. અમારું વ્યક્તિત્વ અમારી માર્ગદર્શક સત્તાએ શાનદાર બનાવી દીધું. તમારું પણ એવું જ થઈ જાય જો તમે મન તથા આત્માથી સમર્પણ કરી દો. એ અમે એટલા માટે કહી રહ્યા છીએ કે ક્યાંક ભાવાવેશમાં ઘર છોડી આવ્યા હોય તથા મનમાં તમારા દુઃખ કલેશ બની રહે, તેના બદલે એક જ વારમાં સારી સ્થિતિ સ્પષ્ટ થઈ જાય. કોઈકના તો બની શકો તમે.

અમે જે સમર્પણ કર્યું, બદલામાં અમારી માર્ગદર્શક સત્તાએ અમને સ્વયં સોંપી દીધા. અમારી અંદર પ્રભાવોત્પાદકતા ભરી દીધી. વાણીમાં, લેખનીમાં, વ્યક્તિત્વમાં, રોજના આચરણમાં, આ તમારી અંદર પણ આવી જશે. ભગવાનના અમે કોઈ સંબંધી થોડા છીએ, જે તેમણે અમારી સાથે કોઈ વિશેષ પક્ષપાત કર્યો હોય. ત્યારે તમને પણ કેમ તે બધું નથી મળતું જે અમને મળ્યું. બસ કસોટી એક જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

'અહં' ને ઓગાળવાનો, વિસર્જન, સમર્પણ. જ્યાં સુધી અહંકાર જીવિત છે, માણસ બે કોડીનો છે. જે દિવસે આ છૂટશે માણસ કીમતી થઈ જશે, 'અહં' જ છે. જેના કારણે ન સિદ્ધાંત, ન સેવા, ન આદર્શ આવી શકે છે. વ્યક્તિ લોકસેવાના ક્ષેત્રમાં પ્રવેશ કરીને પણ ઉચ્છૃંખલ સ્તરના અણઘડ રહે છે. તમને ઈસા મસીહની વાત સંભળાવું છું. તેમના શિષ્યે તેમને કહ્યું કે અમે પણ તમારી માફક મહાન બનવા માંગીએ છીએ. અમે શું કરીએ ? તો તેમણે એક જ જવાબ આપ્યો. બાળકો, જીવનભર હું તણખલું બન્યો, વિનમ્ર બન્યો, ઓગળ્યો તેથી આટલા મોટા વૃક્ષના રૂપમાં વિકસિત થઈ શકયો. પોતાની ઈચ્છા સમાપ્ત કરી દીધી તો સાચા અર્થોમાં મોટા બની ગયા. પહેલા તમે બધા પણ તણખલા સમાન નાના બનો. તમે એવા થઈ ગયા તો ઝાડ પણ બની શકશો એમાં કોઈ સંદેહ નથી. વાસ્તવમાં સેંટપાલ પણ આ રીતે સાચા ઈસાઈ હતા. તે ઈસા પછી વિકસિત થયા. તેમની પેઢીના બીજા મહાપુરુષ પણ વિનમ્રતા-સેવાભાવના, નિરહંકારિતા ના કારણે જ બન્યા.

વ્યક્તિને ઓળખવા માટે એક જ કસોટી છે કે તેમની વાણી હલકી છે કે સારી. વ્યાખ્યાન કળા અલગ છે. કસોટી પર તો બધા શાનદાર લાગે છે. પ્રત્યક્ષ સંપર્કમાં આવતા વ્યક્તિ ઓળખાઈ જાય છે. જે પ્રાણ વાણીમાં છે તે જ પરસ્પર ચર્ચા-વ્યવહારમાં જણાઈ આવે છે. વાણી જ વ્યક્તિનું સ્તર બતાવે છે. વ્યક્તિત્વને બનાવવા માટે વાણીની વિનમ્રતા જરૂરી છે. ડુંગળી ખાનારના મોંમાથી, શરાબ પીનારના મોંમાથી જે રીતે ગંધ આવે છે, પાયોરિયાવાળા પેઢાના મોંમાથી જે બદબુ આવે છે, વાણીની કઠોરતા બરોબર એ રીતે મોંમાથી નીકળે છે. અશિષ્ટતા છૂપાઈ નથી શકતી. તે વાણીથી ઓળખાઈ જાય છે. અણઘડતા દૂર કરો, બીજાનું સન્માન કરતા શીખો. તમને પ્રશંસા કરતા આવડતી નથી માત્ર નિંદા કરતા આવડે છે. વ્યક્તિના સારા ગુણ જુઓ તેમનું સન્માન કરતા શીખો. તરત તમને પરિણામ મળવું શરૂ થઈ જશે. વાણીની વિનમ્રતાનો અર્થ ખુશામત નથી. પછી સમજો એ વાતને બીજાના સારા ગુણોની પ્રશંસા કરો, મીઠી વાણી બોલવી એ એવો સદ્‌ગુણ છે એ વ્યક્તિને ચુંબકની માફક ખેંચે છે તથા પોતાના બનાવે છે. જો તમે આ ગુણ પોતાની અંદર પેદા કરો તો બીજા તમારા પોતાના બની જાય, એના માટે અંતરના અહંકારને ઓગાળો. પોતાની ઈચ્છા, મોટાઈ, કામના, સ્વાભિમાનને ત્યજવાનું નામ સમર્પણ છે જે તમને કરવાનું મેં કહ્યું છે તે તેની અનંત ફળશ્રુતિઓ છે. પોતાની માન્યતા વિનમ્ર થી વિનમ્ર બનાવો, મેનેજરની, ઈન્ચાર્જની, બોસની નહીં પરંતુ સ્વયંસેવકની, જે સ્વયંસેવક જેટલો મોટો છે એટલો જ તે વિનમ્ર છે, એટલા જ મહાન બનવાના બીજ અંકુર તેમાં છે. તમારા બધામાં એ મોજૂદ છે. અહંનો ટકરાવ બંધ થતાં જ તે વિકસિત થવાનો આરંભ થઈ જશે. તમે અમારાથી દીક્ષા તો લીધી પણ પોતાના અંતરને ઢંઢોળો કે તમે સમર્પણ કર્યું કે નહીં, આ નિરીક્ષણ આ શ્રાવણી પર્વ પર પોતાના અંતરંગનું કરો.

અમારી એક જ મહત્વાકાંક્ષા છે કે અમે સહસ્રભુજા વાળા સહસ્રશીર્ષા પુરુષ બનવા માંગીએ છીએ. તમે બધા અમારી ભુજા બની જાઓ, અમારૂં અંગ બની જાઓ એ અમારા મનની વાત છે. ગુરુ-શિષ્ય એકબીજાને પોતાના મનની વાત કરી હળવા થઈ જાય છે. અમે પોતાના મનની વાત તમને કહી દીધી. હવે તમારા પર નિર્ભર છે તમે કેટલા અમારા બનો છો. પતિ-પત્નીની માફક, ગુરુ-શિષ્યના આત્મામાં પણ પરસ્પર વિવાહ થાય છે, બંને એક બીજામાં હળી મળી એક થઈ જાય છે. સમર્પણનો અર્થ બેનું અસ્તિત્વ મટી એક બની જવું. તમે પણ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તમારું અસ્તિત્વ દૂર કરી અમારી સાથે મેળવી દો તથા પોતાની ક્ષુદ્ર મહત્વાકાંક્ષાઓને અમારી અનંત આધ્યાત્મિક મહત્વાકાંક્ષાઓમાં વિલીન કરી દો. જેનો અહં જીવીત છે, તે વેશ્યા છે. જેનો અહં દૂર થયો તે પવિત્રતા છે. જોવાનું છે કે અમારી ભુજા, આંખ, મસ્તિષ્ક બનવા માટે તમે કેટલો તમારા અહંમને મારી શકો છો. એના માટે નિરહંકારી બનો સ્વાભિમાની તો હોવું જોઈએ પણ નિરહંકારી બનીને. નિરહંકારીનું પ્રથમ ચિહ્ન છે વાણીની મીઠાશ.

વાણી વ્યક્તિત્વનું પ્રમુખ હથિયાર છે. સામાવાળા પર પ્રહાર કરવાનો હોય તો તલવાર નહિ, કાંડુ નહિ, હિંમતની પૂછ થાય છે. હિંમત ન હોય તો હાથમાં તલવાર હોય તો પણ બેકાર છે. જો વાણી બરોબર હશે તો તમારું વ્યક્તિત્વ જીવંત થઈ જશે, બોલવા લાગશે તથા સામાવાળાને પોતાના બનાવી લેશે. પોતાની વિનમ્રતા બીજાને સન્માન તથા બોલવામાં મીઠાશ એ વ્યક્તિત્વના પ્રમુખ હથિયાર છે. એનો બરોબર ઉપયોગ કરશો તો વ્યક્તિત્વ વજનદાર બનશે.

તમારે કુંભાર તથા તમારે ચાકડો બનવાનું છે. અમે તો અણઘડ સોના ચાંદીનો ઢગલો રાખ્યો છે, તમારે બીબું બનાવી બરોબર સીકકા બનાવવાના છે. બીબું બરોબર હશે તો સિકકા પણ બરોબર આકારના બનશે. આજે દુનિયામાં પાર્ટીઓ તો બહુ છે પણ કોઈની પાસે કાર્યકર્તા નથી. અમારી આંતરીક ઈચ્છા છે કે અમે પોતાની પાછળ કાર્યકર્તા છોડી જઈએ. આ બધાએ સાચા અર્થમાં ‘ડાઈ’ એક બીબું બનવું પડશે. તે સૌથી મુશ્કેલ કામ છે. રો મટીરિયલ ( કાચો માલ ) તો ગમે ત્યાંથી મળી શકે છે. પણ ‘ડાઈ’ કયાંક કયાંક જ મળે. શ્રેષ્ઠ કાર્યકર્તા શ્રેષ્ઠતમ ‘ડાઈ’ બને છે. તમારા બધાથી અપેક્ષા છે કે પોતાના ગુરુની માફક એક શ્રેષ્ઠ બીબું ( વ્યક્તિ ) બનશે.

તમારાથી બે વધુ અપેક્ષા, એક શ્રમનું સન્માન. એ ભૌતિક જગતનો દેવતા છે. મોતી-હીરા શ્રમથી નીકળે છે, બીજી અપેક્ષા એ કે સેવા-બુદ્ધિના વિકાસ માટે સહકારિતાનો અભ્યાસ. સંગઠન શક્તિ સહકારિતાથી જ પહેલા પણ વધી છે. આગળ પણ એનાથી જ વધશે.

અમારા રાષ્ટ્રનું દુર્ભાગ્ય એ કે શ્રમની મહત્તા અમે સમજ્યા નહીં. શ્રમનું બળ આ બધામાં અસીમ છે. આપણે કદી તેનું મૂલ્યાંકન કર્યું જ નથી. અમારું જીવન નિરંતર શ્રમનું જ પરિણામ છે. વીસ-વીસ કલાક તન્મયતાપૂર્વક શ્રમ અમે કર્યો છે. તમે પણ કદી શ્રમની ઉપેક્ષા ન કરશો. માલિક બાર કલાક કામ કરે છે. નોકર આઠ કલાક તથા ચોર ચાર કલાક કામ કરે છે. તમે પોતાની જાતને પૂછો આ ત્રણમાંથી આપણે શું છીએ. જીભ ચલાવવાની સાથે કઠોર પરિશ્રમ કરો, પોતાની યોગ્યતાઓ વધારો તથા નિરંતર પ્રગતિ પથ પર વધતા જાઓ.

બીજી વાત સહકારિતાની, તેને પૂણ્ય પરમાર્થ, સેવા ઉદારતા કહે છે. પોતાનું મન બધાથી મેળવો, હળી-મળીને રહો, પોતાનું સુખ-વહેંચો. દુઃખ વહેંચાવતા શીખો, આ જ સાચા અર્થમાં બ્રાહ્મણત્વની સાધના છે, સાધુ હજી તમે બન્યા નથી. મનથી બ્રાહ્મણત્વની સાધના કરશો તો પહેલા બ્રાહ્મણ બનો. સાધુ આપમેળે બની જશો. પીળા કપડા પહેરો છો કે નહિ પણ મનને પીળું કરી લો. સેવા બુદ્ધિનો, બીજા પ્રત્યે પીડાનો, ભાવ સંવેદનાનો વિકાસ કરવો જ સાધુતાને જગાવવાનો છે. આજે આ વર્ષે શ્રાવણી પર્વ પર તમારી પાસે કંઈક અપેક્ષાઓ છે. આશા છે તમે એને અવશ્ય પૂરી કરશો તથા હેમાદ્રિ સંકલ્પની સાથે જ ગુરુજીની ભુજા. આંખ તથા પગ બની જવાનો સંકલ્પ લેશો. આ આત્માની અમારી વાણી છે જે તમારી પાસેથી કંઈક કરાવવા ઈચ્છે છે. ઈતિહાસ તમને અમર જોવા માંગે છે. જોવાનું છે કે તમે કેટલી અમારી વાતને જીવનમાં ઉતારી શકો છો.

અમારી વાત સમાપ્ત.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**હારીજ :** હાલમાં આવેલ કચ્છ-સૌરાષ્ટ્રના ભયંકર ચક્રાવાતી વાવાઝોડામાં અસર થયેલા લોકોને રાહત પહોંચાડવા ગાયત્રી પરિવાર શાખાએ સ્થાનિક તેમજ આજુબાજુના ગામમાંથી પરિજનોના સહયોગથી અનાજ, કપડાં, બિસ્કુટ, સુખડી તેમજ અન્ય વસ્તુઓ એકત્ર કરી અસર ગ્રસ્ત વિસ્તારમાં પહોંચાડી ઉમદા સેવા કરી છે.

**રાજુલા :** ગાયત્રી પરિવાર યુવક મંડળ દ્વારા ગ્રામ વિસ્તારમાં ૫૦ ટકાના રાહતદરે નોટબુકોનું વિતરણ કરવામાં આવેલ છે. જેમાં ૨૫ હજાર નોટબુકોનું વિતરણ કરી ગરીબ વિદ્યાર્થીઓને સહાયતા કરી છે. જેમાં રોહિતભાઈ, કિશોરભાઈ, ભારતભાઈ, હિતેશભાઇ, જાનીભાઈ તેમજ ભૂપતદાદાએ સારી એવી જહેમત ઉઠાવી છે આ ઉપરાંત યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનું લવાજમ ભરનારને રૂા. ૧૦ ની પ્રોત્સાહન છૂટ આપવામાં આવે છે.

**રાજકોટ :** ૭ જૂનના રોજ સૌરાષ્ટ્ર હાઈસ્કુલ સભાખંડમાં વેદ સ્થાપના સમારોહ યોજાઈ ગયો. આ સમારોમા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ શ્રી એમ. એમ. જોષી સાહેબ અધ્યક્ષ સ્થાને હતા. દીપ પ્રાગટય સ્વામીનારાયણ ગુરુકુળના વેદાચાર્ય શ્રી નિર્મળદાસજીના વરદ્ હસ્તે થયું. અતિથિ વિશેષ તરીકે ડા૦ ડાહ્યાભાઈ પટેલ, ઉદ્યોગપતિ શ્રી બાબુભાઈ પટેલ, ડો૦ દીલીપભાઈ પટેલ, આચાર્ય શ્રી કનુભગત તેમજ વિશ્વ હિન્દુ પરિષદના સર્વશ્રી ભૂપતભાઈ દવે ઉપસ્થિત રહેલ.

**વલાસણ :** જી-ખેડા : ગામે ઠાકોર સમાજના કુલ ૩૨ સમૂહ લગ્નોનું આયોજન કરવામાં આવ્યું જેમાં ભાટિયેલ ગામના પરિજન વિજયભાઈ-ઠાકોરભાઈ બારોટે સમૂહ લગ્નમાં વર-કન્યા પક્ષ તરફથી ૨૭ યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના આ પ્રસંગે ગ્રાહકો બનાવ્યા.

**લીમડી :** ૨૨ મે ના રોજ કોળી પટેલ સમાજનો સમૂહ લગ્ન પ્રસંગ ઉજવાયો. આ સમયે યુગ શક્તિ ગાયત્રી પ્રજ્ઞા અભિયાનના સદસ્યો નોંધવામાં આવ્યા. તા. ૨૯ મે ના રોજ શક્તિપીઠનો ૧૭ મો વાર્ષિકોત્સવ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો જેમાં વિવિધ સંસ્કારો પણ કરાવવામાં આવ્યા. આ બંને કાર્યક્રમોમાંધારાસભ્ય શ્રી સવજીભાઈ મકવાણા, પરસોત્તમભાઈ, લાલજીભાઈ, મંત્રી શ્રી કીરીટભાઈ રાણા ઉપસ્થિત રહેલ. શ્રી રાણાએ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને સફળ બનાવવા સરકારશ્રી તરફથી તેમજ વ્યક્તિગત સહયોગ આપવાનું વચન આપ્યું.

**તિલકવાડા :** તાલુકા મથકે શ્રી સરસ્વતી કન્યા છાત્રાલય તથા શીનોર કન્યા છાત્રાલયની ૫૦ કન્યાઓનું ''કન્યા કૌશલ્ય શિબિર'' નું વેકેશન દરમ્યાન અમરેશ્વરવાળા રશ્મિબેન પટેલના સાન્નિધ્યનાં આયોજન સંપન્ન થયું. આ કાર્યક્રમમાં ગૃહમાતા હિરીણાક્ષી બેને ડાભી તથા ગૃહપતિ શ્રી બચુભાઈ વસાવાના અથાગ પ્રયત્નો રહેલ છે.

**મહેસાણા :** યુગ નિર્માણ યોજનાના સપ્તસૂત્રી કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં ગાયત્રી પરિવાર મહેસાણાએ આદર્શ સમૂહ લગ્નોના નવ કાર્યક્રમ સંપન્ન કર્યા છે. આજે દરેક સમાજમાં લગ્નો બહુ જ ખર્ચાળ થઈ ગયાં છે. મધ્યમ વર્ગના માનવીની જિંદગીની કમાણી લગ્નોના આંધળા ખર્ચમાં વપરાઈ જાય છે. તેવા સમયે સમૂહ લગ્નોનું સફળ આયોજન સમાજ માટે ઉપકાર રૂપ છે. ઉપરોક્ત કાર્યક્મને સફળ બનાવવા વિષ્ણુભાઈ પંડયા, સર્વદમન જોષી, પ્રકાશભાઈ, જયંતીભાઇ, નટુભાઈ, કાંતિભાઈ વગેરેનો ખૂબ જ પરિશ્રમ રહેલ છે.

**કલોલ :** ગાયત્રી શક્તિપીઠ ઉપર ગાયત્રી જયંતી તેમજ ૭-૮ જૂન સંસ્કાર કાર્યક્મ તેમજ ૧૩ જૂન દીપ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું દરેક કાર્યક્રમમાં ગાયત્રી મંત્ર, ઉપાસના, વ્યસન મુક્તિ, ગ્રામ સફાઈ, વૃક્ષારોપણ જેવા કાર્યો કરવા પ્રેરણા આપવામાં આવી. અત્યારે કંડલામાં થયેલ કુદરતી આફતમાં ફસાયેલ લોકોને મદદરૂપ થવા ગાયત્રી પરિવારના ભાઈ-બહેનોએ કલોલ તેમજ આજુ-બાજુના ગામડાઓમાંથી અનાજ, કપડાં, દવા ભેગા કરી તુરત જ તે ક્ષેત્રમાં જઈ સહાયતા કરી છે.

**ગામડી :** આણંદ તાલુકા ઠાકોર સમાજ સમૂહ લગ્ન મહોત્સવ ૧૯ મે ના રોજ આયોજિત થયો, જેમાં ૮ જોડાંના આદર્શ લગ્ન ગાયત્રી પરિવાર ગામડીના રાજુભાઈ વ્યાસે મંત્રોચારથી કરાવ્યા. જેમાં જીતપુરા ગાયત્રી પરિવારના મનુભાઈ, કાંતિભાઈ તથા બેડવાની બહેનોએ સહયોગ આપ્યો.

**મોટા પાંચ દેવડા :** ગામે બેંક મેનેજર શ્રી ગડારા સાહેબ તથા સરપંચ શ્રી મોહનભાઈ અને નીતિનભાઈ વ્યાસના પ્રયત્નોથી તા-૩૧-૫ ના રોજ દીપયજ્ઞનું આયોજન સાનંદ સંપન્ન થયું. દીપયજ્ઞનું સંચાલન હસમુખભાઈ વ્યાસે કર્યું. શ્રી વસોયા સાહેબ, રામજીભાઈ, મંજુલાબેન વગેરે સહયોગી રહ્યા. આ પ્રસંગે વેદોના દિવ્ય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંદેશ પુસ્તકના આધારે લેવાયેલ પરીક્ષામાં પ્રથમ ત્રણ વિજેતાઓને રોકડ પુરસ્કાર સરપંચ શ્રી મોહનભાઈના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો. વિજેતાના નામ રંજનબેન, નિરૂપમાબેન તથા પૂનમ બેન.

**વાલોડ** : તાલુકાના દેગામામાં સ્વાધ્યાય પરિવારના ચાર નવદંપતિઓના સમૂહ લગ્નનો કાર્યક્રમ આયોજિત થયો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શ્રીમતી ભાનુબેન પટેલ બાળવિકાસ, અધિકારી મહુવાએ આ આદર્શ કાર્યક્રમમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું તો ગ્રામજનો પ્રસન્ન થયા. આ પ્રસંગે પૂ. પાંડુરંગ શાસ્ત્રી પ્રેરિત સ્વાધ્યાય પરિવારના ભરતભાઈએ આ પ્રથમ આદર્શ વિવાહની મુક્ત કંઠે પ્રશંસા કરી. તેમજ ઉપસ્થિત ભાઈ-બહેનોને આ જ પ્રકારના સામાજિક કાર્યો કરવાની પ્રેરણા આપી. શાખા સંચાલક શ્રી બળવંતભાઈએ બધા જ પરિજનોને સફળ આયોજન બદલ ધન્યવાદ આપ્યા.

**કાસોર** : ગાયત્રી શક્તિપીઠ દ્વારા ૨૧ જૂનના રોજ ૨૬ ફળિયાઓમાં ૨૬ કુંડી ગાયત્રી યજ્ઞનું આયોજન કરેલ છે. આવા અનેરા કાર્યક્રમનો તમામ ફળિયાના ભાવિકોએ લાભ લીધો. આ પ્રસંગે સંત સ્વામી દેવાનંદગીરી ઉપસ્થિત રહ્યા હતા.

**અમદાવાદ** : ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ઓઢવ અને તેની સંયોગી શાખાઓ દ્વારા કંડલામાં આવેલ વિનાશક વાવાઝોડામાં રાહત માટે ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ઓઢવ બે ટ્રકોસામાન સાથે પોતાના ૨૫ સ્વયં સેવકો લઈ ઓઢવથી ૩૮૦ કીલોમીટર પહોંચી ગઈ હતી.

જેમાં ૨૦૦૦ કીલો ઘઉંનો લોટ, ૫૦૦ કીલો પૂરી ( બનાવેલી તૈયાર ) ૪૦૦ કીલો સુખડી-લાડવા, ૧૦૦૦ પેકેટ પારલે જી બીસ્કીટ, ૧૫૦૦ થી પણ વધુ નંગ જૂના સારા કપડાં, ૧ ડબ્બો તેલ, ૧૦૦ કીલો દવાઓ લઈ તા-૧૪-૬-૯૮ સવારે ૮-૦૦થી વિતરણ કરી રાત્રે પરત થયા હતા. આ રાહત કાર્યમાં ગાયત્રી પરિવાર ઓઢવના દરેક પરીજનો સીંગરવા શાખા. ઉપરાંત ગાયત્રી પરિવાર અમદાવાદ ( પૂર્વ ) ક્રાંતિકુંજનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

**હિંમતનગર** : નલીનભાઈ ઉપાધ્યાયના પ્રયત્નોથી જિલ્લાનાં નીચેના સેન્ટરની તમામ હાઈસ્કુલોમાં યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના ૨૯૪ વાર્ષિક તેમજ ૧ આજીવન ગ્રાહકનું લવાજમ મોકલી આપેલ છે. ( હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, માલપુર, મોડાસા, આ ઉમદા કાર્ય માટે શ્રી જયંતીભાઈ પટેલ નરોડાએ રૂા. ૧૫૦૦/- વી. એમ. પટેલ વિજાપુરે રૂા. ૩૦૦૦/- નટવરભાઈ મેવાડા મેઘરજે રૂા. ૧૦૦૦/-, જયંતીભાઈ રાઠોડ મોડાસાએ રૂા. ૫૦૦૦/-, પ્રભાશંકર ઉપાધ્યાય હિંમતનગરે રૂા. ૨૫૦૦/- અનુદાન રૂપે લવાજમ ભર્યું. જ્ઞાનયજ્ઞના પુનિત કાર્ય માટે ધન્યવાદ.

**બુલંદશહેરમાં** ગાયત્રી પરિવાર દ્વારા જીલ્લાકક્ષાની જેલમાં આસ્તિકતા-સંવર્ધન વિષય પર પ્રવચન તથા ગીત-સંગીત કાર્યક્રમનું આયોજન સંપન્ન થયું. કેદીઓને આચરણમાં પરિવર્તન માટે સાધના કરવાની પ્રેરણા આપવામાં આવી. કેદીઓ તથા જેલ અધિકારીઓને સંબોદન કરતાં ગાયત્રી પરિવારના વરિષ્ઠ પ્રતિનિધિ શ્રી ભરતભૂષણ ત્યાગીએ આસ્તિકતાને સદાચારની જનેતા બતાવી. એમણે કહ્યું કે આસ્તિક મનુષ્ય બધામાં ભગવાનની ઉપસ્થિતિ જુએ છે. પ્રેમ, સહાનુભૂતિ, સહયોગ, સત્ય તથા સેવાભાવ આસ્તિક વ્યક્તિના ગુણ હોય છે. એમણે કહ્યું કે આજે સંસાર જે શાંતિ, વ્યવસ્થા તથા સહયોગ ભાવનાની જરૂરિયાત અનુભવે છે તે આસ્તિકતા દ્વારા સહજ રીતે પ્રાપ્ત થઈ શકે છે. સંસારમાં લોકો ફકત પોતાનો સ્વાર્થ જુએ છે અને ભૌતિક સાધન-સગવડોમાં દોડ લગાવે છે. સંસારમાં ફેલાયેલા અનાચાર, આસ્તિકતાના અભાવને કારણે છે. ઈશ્વરને સાચી ભાવનાથી જાણ્યા પછી તરત જ બધા અપરાધોનો અંત આવી જશે અને રામરાજ્ય સાકાર થઈ જશે. શ્રી ત્યાગીએ કહ્યું કે પ્રત્યેક કેદીએ ઉપાસનાથી સદ્જ્ઞાન, સદ્બુદ્ધિ મળે છે. સાધનાથી ચિંતન, ચરિત્ર તથા આચરણમાં પરિવર્તન આવે છે. એમણે કેદીઓને આહ્વાન કર્યું કે પં. શ્રીરામ શર્મા આચાર્યએ આપેલ સૂત્ર 'અમે બદલાઈશું-યુગ બદલાશે' અને 'અમે સુધરીશું યુગ સુધરશે' ને પોતાના જીવનમાં ઉતારો.

કાર્યક્રમનો શુભારંભ વંદનાથી શરૂ થયો. ત્યાર પછી દીપયજ્ઞનું આયોજન થયું. શ્રી મનીષ ત્યાગીએ કહ્યું કે મનુષ્યની અંદર જો પ્રબળ સંકલ્પશક્તિ હોય તો તે પોતાના જીવનની ધારા બદલી શકે છે. એમણે કહ્યું કે બાળકો સંકલ્પ લઈએ કે પ્રેમ અને સદ્ભાવનું જીવન જીવીશું. દીપયજ્ઞની પૂર્ણાહુતિમાં કેદીઓએ દેવદક્ષિણામાં નશો, ક્રોધ, ચોરી જેવી કુટેવો છોડવાનો અને નિયમિત ઉપાસના, સાધના કરવાનો સંકલ્પ લીધો. સમાપનમાં જેલ અધિક્ષક શ્રી જે. એન. મિશ્રએ કહ્યું કે આજનો કાર્યક્રમ ભવિષ્ય માટેની આધાર છે. એમણે કેદીઓને કહ્યું કે આપ સૌ પ્રતિજ્ઞા કરો કે ગાયત્રી પરિવારના પ્રતિનિધિયો દ્વારા બતાવવામાં આવેલ આદર્શ અને સિદ્ધાંતોને જીવનમાં ઉતારીશું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કાર્યક્રમ સમયે કેદી એટલા ભાવવિભોર થઈ ગયા કે તેઓની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. એમણે કહ્યું કે અમને પહેલી વખત કોઈએ આત્મીયતાથી જીવનનું મહત્વ સમજાવ્યું છે કેદીઓમાં આસ્તિકતા-સંવર્ધન, નશામુક્તિ સંબંધિત સાહિત્ય તથા યુગ નિર્માણ યોજના પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું.

**નિઃશુલ્ક સંસ્કારરથ વ્યવસ્થા**

પ્રજ્ઞા મંડળ, શંકરનગર, રાયપુર ( મ. પ્ર. ) તરફથી સંસ્કાર મહોત્સવોના પ્રચાર-પ્રસાર માટે મિશન દ્વારા પ્રચલિત ૧૪ સંસ્કારોના ૧૪ રથોનું નિર્માણ કરાવવામાં આવ્યું છે, જે પોતાની રીતે અતિશય મનોરમ્ય, આકર્ષક ને ભવ્ય છે. એનો ઉપયોગ અનેક સંસ્કાર મહોત્સવોની કળશયાત્રા અને સંસ્કાર દર્શન માટે પ્રદર્શનોના રૂપમાં કરવામાં આવી રહ્યો છે. એ ચિત્રો પ્રથમ વખત મિશનના નૈષ્ઠિક ચિત્રકાર શ્રી વિદ્યાસાગર નામદેવ સિવની દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.

રથોની બધી જ સામગ્રી ફોલ્ડીંગ બનાવવામાં આવી છે જેને સ્થાનિક જીપોમાં સહેલાઈથી ફિટિંગ કરીને શણગારી શકાય છે. એમાં દરેક સંસ્કારના આકર્ષક ૪/૫ ફૂટ સાઈઝના કટઆઉટ તથા પ્રત્યેક સંસ્કારની સમજૂતીનાં ૨૮ બોર્ડ તથા અન્ય સામગ્રીઓ વિના મૂલ્યે આપવામાં આવે છે. તેને સંસ્કાર મહોત્સવોમાં ભવ્યતા વધારવા તથા સંસ્કાર-પરંપરાના સંદેશા માટે મેટાડોરમાં સહેલાઈથી મંગાવી શકાય છે. જેમને જરૂર હોય તેમને બે મહિના પહેલાં નીચે બતાવેલ સરનામા પર સંપર્ક હિન્દી ભાષામાં કરવો જરૂરી છે.

સંપર્ક સૂત્ર : શ્રી વિજય રાય, 'રાય નિવાસ', ન્યૂ શાંતિનગર, પો. શંકરનગર, જીલ્લો-રાયપુર ( મધ્ય પ્રદેશ ), ( ફોન નં. ૪૨૭૧૮૬ )

**વડોદરા** : ઈન્દ્રપુરી ગાયત્રી પ્રજ્ઞાપીઠ વાઘોડિયા રોડ નો દશાબ્દી મહોત્સવ ૧૦/૧૨/૯૮ ના રોજ આવી રહેલ છે. દશાબ્દી વર્ષનો આ કાર્યક્રમ પરિજનોના અપાર ઉત્સાહ સાથે તારીખ ૬ થી ૧૦/૧૨/૯૮ દરમ્યાન ઉજવાશે. જેમાં શોભાયાત્રા, દરરોજ પંચકુંડી યજ્ઞ સાથે સંસ્કાર પ્રજ્ઞા પુરાણ કથા, સત્યનારાયણ કથા, દીપયજ્ઞ, બ્રહ્મભોજ સાહિત્ય વિતરણ તેમજ સ્વાસ્થ્ય શિબિરનું આયોજન થશે.

**ભાવનગર** : ભગીરથભાઈ ભટ્ટ હીલ ડ્રાઇવ ભાવનગરે ૨૪૦૦ ગાયત્રી વિશેષાંક તથા દામજીભાઈ પટેલ ગારિયાધારે ૫૦૦ ગાયત્રી વિશેષાંક વિતરણ કરેલ છે. આપ સૌ પણ આ વિશેષાંકો મંગાવી ગાયત્રીનો પ્રચાર કરી શકો છો.

**વાવ : જિલ્લા સુરત-સ્વ. કરશનભાઈ કરમશીભાઈ પટેલની પુણ્ય સ્મૃતિમાં રૂા. ૫૦૦૦૦ નું પત્રપાથેય પુસ્તક માટે બ્રહ્મભોજ અનુદાન તેમના પુત્ર ગોપાલભાઈ દ્વારા મળ્યું છે.**

એક દિવસ દેવલોકમાંથી એક જાહેરાત થઈ, જેણે આકાશ પાતાળ તથા પૃથ્વી ત્રણે લોકોમાં હલચલ મચાવી દીધી. પ્રસારણ આ પ્રકારનું હતું-

આગલા સાત દિવસ સુધીમાં ચિત્રગુપ્તની પ્રયોગશાળાના મુખ્ય દ્વાર પર કોઈ પણ પ્રાણી અસુંદર વસ્તુ આપી તેના સ્થાને સુંદર વસ્તુ પ્રાપ્ત કરી શકશે. શરત એ છે કે તે વિધાતાની સત્તામાં વિશ્વાત રાખતા હોય તેની પરીક્ષા ત્યાં કરી લેવાશે.

બસ પછી પૂછવું જ શું ? બધા પોત-પોતાની બદલવાની વસ્તુઓની સુચી તૈયાર કરવા લાગ્યા. યાદ કરી કરીને બધાએ પોતાની તે વસ્તુઓને લખી લીધી, જે તેમને અરુચિકર અને અસુંદર હતી.

નિશ્ચિત તિથિ પર દેવલોકથી વિમાનો મોકલ્યું, જે સુવિધાપૂર્વક બધાને દેવલોક પહોંચાડવા લાગ્યા. જ્યારે બધા લોકો ત્યાં પહોંચી ગયા તો વિધાતાએ પોતાના ત્રીજા નેત્રની યોગ દૃષ્ટિથી ત્રણે લોકમાં અવલોકન કર્યું કે કોઈ આવવાથી બચ્યું તો નથી ને તેમણે જાણ્યું કે સ્વર્ગ તથા પાતાળમાં કોઈ બાકી નથી રહ્યું, કેવળ પૃથ્વી પર એક મનુષ્ય આરામથી પડેલો પોતાની મસ્તીમાં ડૂબી આનંદમગ્ન છે. પાસે જઈને પૂછયું-"શું ! તમે અમારો આદેશ ન હતો સાંભળ્યો. તમે પણ ચિત્રગુપ્તના દરબારમાં કેમ નથી જતા અને પોતાની પાસે જે કુરૂપ, કુરુચિપૂર્ણ વસ્તુઓ છે, તેમને બદલી સારી વસ્તુઓ લઈ આવતા, જાણતા નથી કે સારી સુંદરતાની વૃદ્ધિથી સન્માન વધે છે."

તે વ્યક્તિ બહુ નમ્ર તથા ગંભીરતાથી બોલ્યો-' 'સાંભળ્યું હતું ભગવાન ! પરંતુ મને તો આપની બનાવેલ આ સૃષ્ટિમાં કંઈ જ અસુંદર લાગતું નથી. જ્યારે બધું આપનું બનાવેલ છે-બધામાં આપની સત્તા વ્યાપેલી છે, તો અસુંદરતા ક્યાં રહી શકે છે, અહીંયા મને તો સૃષ્ટિનું કણ-કણ સુંદર દેખાય છે. પ્રભુ ! તો પછી હું કોઈને અસુંદર કહેવાનું દુઃસાહસ કેવી રીતે કરી શકું ?" પાછળથી માલૂમ પડયું કે કસોટીમાં કેવળ તે મનુષ્ય જ પાર ઉતર્યો. બાકી બધાને નિરાશ થઈ પાછા ફરવું પડયું.

આ હતી એક દાર્શનિકની વિશ્વ-વિજય, જે સંસારની કુરૂપથી કુરૂપ વસ્તુમાં પણ સૌંદર્યનું દર્શન કરે તે સાચો દાર્શનિક છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

परशुराम का परशु जग पडा, शिवशंकर के व्याल.
क्रांति की जलने लगी मशाल.

ભય પરમાણુ બમોં કા જિસમેં ઇસ જગ કો ખાએ જાતા હો.
પદ-અધિકાર ઔર ધન લિપ્સા કો સંમાન દિયા જાતા હો.
ભાઈ જહાઁ સગે ભાઈ સે પુત્ર પિતા સે લડ જાતા હો.
નહીં કહીં સંતોષ, શાંતિ, શમ સંયમ નહીં માન પાતા હો.
નહીં જહાઁ પર ગલ પાતી હો, સજ્જનતા કી દાલ,
ક્રાંતિ કી જલને લગી મશાલ.

જિસમેં પદ્ લાખ સાધુઓં કા શ્રમ સમય વ્યર્થ જાતા હૈ.
બ્રાહ્મણ જહાઁ ગરીબ ઘરોં મેં જાકર મૃતક ભોજ ખાતા હૈ.
મદ્ય, માંસાહાર, તમાખૂ કા પ્રભાવ, બઢતા જાતા હૈ.
જહાઁ બેટિયોં કો દહેજ કા દાનવ ખડા નિગલ જાતા હૈ.
ઉસ સમાજ કે પરિશોધન કી ફૈલાકર અબ જ્વાલ,
ક્રાંતિ કી જલને લગી મશાલ.

મત-મતાંતરોં કે કૂડે ને ધર્મ-ભૂમિ મેં ભ્રમ ફૈલાયા.
અહંવાદ કુછ ઇસ તરહ જ્ઞાન ગુણોં કા હુઆ સફાયા.
જાતિ-જાતિ મેં વર્ણ-ભેદ કી, સંપ્રદાય કી ફૈલી માયા.
અઁધિયારા, અઁધિયારા જગ અઁધિયારા ચહુઁ દિશિ મેં છાયા.
ક્ષાર-ક્ષાર કર દે અઁધિયારે કા તન કુટિલ કરાલ,
ક્રાંતિ કી જલને લગી મશાલ.

કરતે હમ સંધાન શરોં કા લો અબ આપ કમાન સઁભાલો.
અપની સંસ્કૃતિ કી સીતા કો નિશાચરોં સે આજ બચાલો.
નહીં રુકે અબ મરુત-વેગ યહ ઉઠો ગલે તે ઇસે લગાલો.
લો કોઈ વરુણાસ્ત્ર હાથ મેં કોઈ આગ્નેયાસ્ત્ર સઁભાલો.
ફૂટ પડેં હિમનદ ગહરે સે લે લે સિંધુ ઉબાલ,
ક્રાંતિ કી જલને લગી મશાલ.

ગુરુ કી અસિ, આશીષ માતુ કી હવન કુંડ કી રાખ લગાલો.
જલના મેરે બંધુ યુદ્ધ કરના અધર્મ સે શૌર્ય જગાલો.
છલ, શોષણ, કુવિચાર, કુટિલતા કો સમાજ સે માર ભગાઓ.
એક બાર ફિર સે ધરતી મેં માનવતા કા ધ્વજ ફહરાઓ.
લહરાએ ફિર સે ધરતી મેં શાશ્વત ધર્મ વિશાલ,
ક્રાંતિ કી જલને લગી મશાલ.

**-બલરામસિંહ પરિહાર**

વ્યવસ્થાપક-શાંતિકુંજ, હરિદ્વાર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.